દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 175 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 July 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૨૫ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ભારત-યુકે વચ્ચે ઐતિહાસિક વેપાર કરાર



**અમારા બંને માટે ક્રિકેટ એક રમત માત્ર નથી પણ, એક પૅશન છે... ને એ અમારી ભાગીદારીનું રૂપક સુધ્ધાં છે. ક્યારેક બૅટ ફેરવીએ અને બૉલ મિસ થઈ જાય પરંતુ અમે હંમેશા સ્ટ્રેઇટ બૅટથી રમીએ છીએ! અમે હાઈ-સ્કોરિંગ અને મજબૂત ભાગીદારી માટે પ્રતિબદ્ધ છીએ.**

**- વડા પ્રધાન નરેન્દ્ર મોદી**

**બ્રિટનના જૉનાથન રેનૉલ્ડે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટનના વડા પ્રદાન કેઈર સ્ટાર્મરની હાજરીમાં આ કરાર પર સહી કરી હતી**

## આને કારણે ૯૯ ટકા નિકાસને ટૅરિફ કાપનો લાભ અને હજારો નોકરીઓ સર્જાશે

લંડનઃ ભારત અને યુકેએ ગુરુવારે ઐતિહાસિક ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ (એફટીએ) પર સહી કરી હતી. આ કરારને કારણે બ્રિટિશ વ્હિસ્કી અને કાર સહિતની અનેક વસ્તુઓ પરના ટૅરિફમાં ઘટાડો થશે, હજારો નોકરીઓ સર્જાશે અને બંને દેશ વચ્ચેનો વેપાર વાર્ષિક ૩૪ અબજ ડૉલર સુધી પહોંચશે. વાણિજ્ય ખાતાના પ્રધાન પીયૂષ ગોયલ અને બ્રિટનના તેમના સમકક્ષ જૉનાથન રેનૉલ્ડે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટનના વડા પ્રદાન કેઈર સ્ટાર્મરની હાજરીમાં આ કરાર પર સહી કરી હતી.

એફટીએને કારણે ભારતની ૯૯ ટકા નિકાસને ટૅરિફથી લાભ મળશે એવી ધારણા છે. આ કરારને કારણે બ્રિટિશ કંપનીઓ માટે ભારતને વ્હિસ્કી, કાર સહિતની વિવિધ વસ્તુઓની નિકાસ કરવાનું વધુ સરળ બનશે.

ત્રણ વર્ષની દ્વિપક્ષી વાટાઘાટ બાદ આ કરાર કરવામાં આવ્યા હતા. આ કરારને કારણે ભારતીય ઉત્પાદનોને તમામ શ્રેણીમાં વ્યાપક બજાર મળશે અને ભારતની ૯૯ ટકા નિકાસને ટૅરિફથી લાભ મળશે.

યુકેએ કહ્યું હતું કે એફટીએ અમલમાં મુકાયા (જુઓ પાનું ૨) ▸▸

### ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ શું છે?

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એ બે અથવા વધુ દેશો વચ્ચેની એક વ્યવસ્થા છે, જેના હેઠળ તેઓ તેમની વચ્ચે વેપાર થતા મોટાભાગના માલ પર કસ્ટમ ડ્યૂટી દૂર કરવા અથવા ઘટાડવા માટે સહમત થાય છે. આ ઉપરાંત, આ હેઠળ ભાગીદાર દેશો આયાતના નોંધપાત્ર મૂલ્ય પર અવરોધો ઘટાડવા અને સેવા નિકાસ અને દ્વિપક્ષી રોકાણને પ્રોત્સાહન આપવા માટે ધોરણોને સરળ બનાવવા માટે પણ સહમત થાય છે. આ કરારો ૧૦થી ૩૦ વિષયોને આવરી લે છે. હાલમાં વિશ્વભરમાં ૩૫૦થી વધુ એફટીએ અમલમાં છે અને મોટાભાગના દેશોએ આવા એક અથવા વધુ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. એફટીએ, પીટીએ અથવા આરટીએ જેવા શબ્દો ક્યારેક આ કરારોનું વર્ણન કરવા માટે વપરાય છે. ■

### હવે શું થશે સસ્તું?

**ક્લોથિંગ ઍન્ડ હૉમ ટેક્સટાઈલઃ** ૮-૧૨ ટકા આયાતકર નાબૂદ કરવામાં આવતાં યુકેમાં ઈન્ડિયન ગાર્મેન્ટ્સ અને હૉમ ટૅક્સટાઈલ સસ્તાં થશે. આ બાબત તિરુપ્પુર, સુરત અને લુધિયાણાના નિકાસકારોને વિકાસ કરવામાં મદદરૂપ થશે.

**જ્વૅલરી ઍન્ડ લૅધર ગુડ્સઃ** સોના અને હીરાનાં ઘરેણાં, ચામડાંનાં ઉત્પાદનો યુકેમાં કોઈપણ પ્રકારનાં કરવેરા વિના પ્રવેશી શકશે. આ બાબત ભારતના એમએસએમઈ ઉપરાંત લક્ઝરી બ્રાન્ડના વેપારને વેગ આપશે.

**સ્કૉચ વ્હિસ્કીઃ** ભારત દસ વર્ષ માટે સ્કૉચ વ્હિસ્કી પરનો ટૅરિફ ૧૫૦ ટકાથી ઘટાડીને ૩૦ ટકા કરશે જેને કારણે ભારતીય ગ્રાહકો માટે સ્કૉચ વ્હિસ્કી સસ્તી થશે.

**એરોસ્પેસ પાર્ટ્સ, તબીબી ઉપકરણોઃ** ભારતના લોકો અને ઉદ્યોગો યુકેમાંથી બનાવેલા અને આયાત કરેલા ઘણાં ઉત્પાદનો, જેમ કે તબીબી ઉપકરણો અને એરોસ્પેસ પાર્ટ્સ, ખૂબ જ સસ્તા ભાવે મેળવી શકશે.

**સોફ્ટ ડ્રિંક્સ, કારઃ** ભારતીય ગ્રાહકોને બ્રિટિશ ઉત્પાદનો જેમ કે સોફ્ટ ડ્રિંક્સ, કોસ્મેટિક્સ અને કારની પણ વધુ સારી ઍક્સેસ મળશે. આ શક્ય બનશે કારણ કે એફટીએ અમલી થયા પછી યુકે ઉત્પાદનો પર ભારતનો સરેરાશ ટૅરિફ ૧૫ ટકાથી ઘટીને ત્રણ ટકા થઈ જશે.

**ચોકલેટ, બિસ્કિટઃ** ભારત યુકેથી આયાત થતા સેલ્મોન, ચોકલેટ, બિસ્કિટ પરના ટૅરિફમાં પણ ઘટાડો કરશે, જેનો અર્થ એ છે કે તે ભારતીયો માટે વધુ સારા ભાવે ઉપલબ્ધ થશે.

**મશીનરી અને ઑટો પાર્ટ્સઃ** ભારતીય (જુઓ પાનું ૨) ▸▸

## સીમાચિહ્નરૂપ કરારઃ બંને પીએમ કહે છે

લંડનઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની યુકેની બે દિવસની મુલાકાત દરમિયાન બંને દેશો ગુરુવારે ઐતિહાસિક ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ (એફટીએ) પર સહી કરી હતી.

મોદીએ આ કરારને દ્વિપક્ષી સંબંધો માટે સીમાચિહ્નરૂપ લેખાવ્યા હતા.

મને આનંદ છે કે અનેક વરસોના અથાક પ્રયાસ બાદ બંને દેશો વ્યાપક આર્થિક અને વેપારી કરાર પર સહી કરી છે, એમ મોદીએ કહ્યું હતું.

આ કરારને કારણે યુકેના બજારમાં ભારતના કૃષિ ઉત્પાદનો અને પ્રોસેસ્ડ ફૂડ ઉદ્યોગ માટે નવી તક ઊભી થશે.

આ કરાર મારફતે યુકે ભારત સાથે સંરક્ષણ, વેપાર અને ટૅક્નોલૉજી સહિતના ચાવીરૂપ ક્ષેત્રમાં સંબંધો મજબૂત કરવા માગે છે, એમ મોદીએ કહ્યું હતું. એફટીએ પર સહી થયા (જુઓ પાનું ૨) ▸▸

## સોશ્યલ સિક્યોરિટીમાં યોગદાનથી ત્રણ વર્ષ મુક્તિ

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (ટીસીએસ) અને ઈન્ફોસિસ જેવી ભારતીય કમ્પ્યુટર કંપનીઓને યુકેમાં કામકાજ કરવા પ્રોત્સાહન આપવા ત્રણ વર્ષની મુદત માટે સોશ્યલ સિક્યોરિટી પેમેન્ટની ચુકવણીમાં યોગદાન આપવામાંથી મુક્તિ આપવાની ભારત-યુકે વેપારી કરારમાં સહમતી દર્શાવવામાં આવી છે.

કરારમાં યુકેમાં કાર્યરત ટીસીએસ અને ઈન્ફોસિસસ જેવી ભારતીય આઈટી કપનીઓને કંપનીનાં ત્યાંનાં કામકાજમાં મદદ કરવા ભારતથી મોકલતા કર્મચારીઓને અપાતી સોશ્યલ સિક્યોરિટી પેમેન્ટની ચુકવણીમાં યોગદાન આપવામાંથી મુક્તિ (જુઓ પાનું ૨) ▸▸

## ભારતીય ખેડૂતો થશે માલામાલ

### ડેરી ઉત્પાદનો, ખાદ્યતેલ, સફરજનનો સમાવેશ નહીં, ૯૫ ટકા કૃષિ ઉત્પાદનો ડ્યૂટી ફ્રી થઈ જશે

નવી દિલ્હીઃ ભારતે બ્રિટન સાથેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) માં ડેરી ઉત્પાદનો, ખાદ્યતેલ અને સફરજનનો સમાવેશ કરવામાં આવ્યો નથી, જે સ્થાનિક ખેડૂતોના હિતમાં છે. આ સાથે ૯૫ ટકા કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થો પર શૂન્ય ડ્યૂટી સુનિશ્ચિત કરવામાં આવી છે. ગુરુવારે હસ્તાક્ષર કરવામાં આવેલા મુક્ત વ્યાપાર કરારમાં ઓટ્સ પર કોઈ ડ્યૂટી છૂટ આપવામાં આવી નથી.

બીજી તરફ હળદર, કાળા મરી, એલચી જેવી ભારતીય ખાદ્ય વસ્તુઓ, કેરીનો પલ્પ, અથાણું અને દાળ જેવી પ્રોસેસ્ડ વસ્તુઓ અને ઝીંગા અને ટૂના જેવા દરિયાઈ ઉત્પાદનોને બ્રિટનના બજારમાં ડ્યુટી મુક્ત પ્રવેશનો લાભ મળશે. કૃષિક્ષેત્રમાં બ્રિટન ૩૭.૫૨ અબજ ડોલરના ઉત્પાદનોની આયાત કરે છે, જ્યારે ભારતમાંથી આયાત માત્ર ૮૧.૧ (જુઓ પાનું ૨) ▸▸

## ૮ હાઈલાઈટ

૧) ભારત-યુકેએ કરેલા એફટીએનું લક્ષ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં બંને દેશ વચ્ચેનો વેપાર વધારીને બમણો કરવાને એટલે કે ૧૨૦ અબજ ડૉલર સુધી લઈ જવાનો છે. વર્ષ ૨૦૪૦ સુધીમાં દ્વિપક્ષી વેપાર વધુ ૪૦ અબજ ડૉલર વધારવાની બંને દેશને આશા છે.

૨) ભારત લૅધર, ફૂટવૅઅર અને કપડાં જેવી વસ્તુઓ પરનો આયાતકર નાબૂદ કરશે તો યુકે વ્હિસ્કી, જિન, સૉફ્ટ ડ્રિંક્સ, કોસ્મેટિક્સ અને અન્ય કૃષિ ઉત્પાદનો પરનો ટૅરિફ ઘટાડશે.

૩) ભારત યુકેની અમુક કાર પર માત્ર ૧૦ ટકા કર વસૂલશે જે અગાઉના ૧૦૦ ટકામાં તીવ્ર ઘટાડો દર્શાવે છે. જોકે આને કારણે સ્થાનિક ઉત્પાદનો અને લાખો નોકરી સામે જોખમ ઊભું થશે.

૪) આ કરારને કારણે યુકેની કંપનીઓ ભારતના ટેલિકોમ, બેંકિંગ અને વીમા ક્ષેત્રમાં સરળતાપૂર્વક પ્રવેશ કરી શકશે બદલામાં ભારતને વિઝા સંબંધિત બાબતોમાં મર્યાદિત છૂટ મળશે. યુકેની કંપનીઓ હવે સરકારી ટેન્ડરો ભરી શકશે અને તેની સ્થાનિક કંપનીઓ પર ભારે અસર થશે.

૫) ભારતે વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઈઝેશન (ડબ્લ્યુટીઓ)ના નિયમો ઉપરાંત આઈપીના અમુક નિયમોનો અમલ કરવાની પણ સહમતી દર્શાવી છે.

૬) બંને પક્ષે ડિજિટલ સિસ્ટમ અને પેપરલેસ ટ્રેડ માટે સહમતી દર્શાવી છે જેને કારણે વેપાર વધુ સરળ અને ઝડપી બનશે.

૭) નિકાસને વધુ સરળ બનાવવાની સાથે સાથે ઉત્પાદનોની ગુણવત્તા જાળવવાની ખાતરી અને સેફ્ટી ઍન્ડ હાઈજિન સ્ટાન્ડર્ડને પરસ્પર માન્યતા આપવાનો પણ આ કરારમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

૮) જોકે ભારતને યુકેના ભાવિ કાર્બન ટેક્સમાંથી ઍક્ઝમ્પશન નથી મળ્યું જે સ્ટીલ અને એલ્યુમિનિયમની નિકાસને અસર કરશે.





**ટ્રેન બ્લાસ્ટ**

## હાઈ કોર્ટના ચુકાદા પર સુપ્રીમનો સ્ટે

નવી દિલ્હીઃ ૨૦૦૬ના વર્ષ મુંબઈ ટ્રેન બ્લાસ્ટ કેસમાં આરોપીઓને મોટો ઝટકો આપતા સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈ કોર્ટના નિર્ણય પર સ્ટે મુક્યો હતો. બોમ્બે હાઈ કોર્ટે પોતાના તાજેતરના નિર્ણયમાં બ્લાસ્ટના તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. હાઈ કોર્ટના નિર્ણયને મહારાષ્ટ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જોકે, સુપ્રીમ કોર્ટે આરોપીઓની જેલમાંથી મુક્તિને યથાવત રાખી છે.

જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને એન. કોટિશ્વર સિંહે પણ તમામ આરોપીઓને નોટિસ જાહેર કરી છે અને તેમનો જવાબ માગ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે (જુઓ પાનું ૨) ▸▸

## મંદિર માટે થાઈલેન્ડ અને કમ્બોડિયામાં થયું યુદ્ધ



બૅંગકોક : ભારતમાં પૌરાણિકકાળથી મંદિર બચાવવા માટે અનેક યુદ્ધો અને સંઘર્ષો થયા છે. પરંતુ આજના સમયમાં ભારતથી ૫,૦૦૦ કિ. મી. દૂર બે દેશ વચ્ચે મંદિર માટે યુદ્ધ છેડાયું છે. અત્યારસુધી નાનાં શસ્ત્રોનો ઉપયોગ અને તોપમારો તો થયો છે. પણ હવે રોકેટમારો પણ થયો છે અને થાઇલેન્ડે તો હવાઇ (જુઓ પાનું ૨) ▸▸

## 3,000 કરોડનો લોન ફ્રોડઃ અનિલ અંબાણી ગ્રૂપ પર ઈડીના દરોડા



મુંબઈ-નવી દિલ્હીઃ રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીની કંપનીઓ સામે ૩૦૦૦ કરોડ રૂપિયાના કથિત લોન ''કૌભાંડ'' સંબંધિત મની લોન્ડરિંગ કેસની તપાસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટ (ઈડી)એ ગુરુવારે એક સાથે અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ મુંબઈ (જુઓ પાનું ૨) ▸▸

## રશિયામાં વિમાન તૂટી પડતા ૪૮ લોકોનાં મોત

મોસ્કોઃ રશિયામાં મોટી વિમાન દુર્ઘટના ઘટી હોવાના અહેવાલ છે. દૂર-પૂર્વના વિસ્તારોમાં એક પેસેન્જર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં ક્રૂ સહિત ૪૮ લોકોના મોત થયા હતા. સાઇબિરીયાની અંગારા એરલાઇન્સ દ્વારા સંચાલિત આ ફ્લાઇટ ગુરુવારે ટિંડા શહેર પહોંચતા પહેલા રડારમાંથી ગાયબ થઇ ગઇ હતી. બાદમાં વિમાનનો કાટમાળ ટિંડા એરપોર્ટથી લગભગ ૧૫ કિમી દૂર એક પર્વતીય જંગલ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. રશિયન સમાચાર એજન્સી ઇન્ટરફેક્સે કટોકટી સેવાઓના સૂત્રોને ટાંકીને જણાવ્યું કે (જુઓ પાનું ૨) ▸▸

## -તો બિહાર વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરીશુંઃ તેજસ્વી યાદવ

પટણાઃ બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર)ને લઇને વકરેલા વિવાદને પગલે પાર્ટીએ આગામી વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો હોવાનું આરજેડી નેતા તેજસ્વી યાદવે ગુરૂવારે જણાવ્યું હતું.

ચોમાસુ સત્રના અંતિમ દિવસે રાજ્ય વિધાનસભાની બહાર પત્રકારોના પ્રશ્નોના જવાબ આપતાં વિપક્ષના નેતાએ આ ટિપ્પણી કરી હતી.


યાદવે જણાવ્યું કે અમે વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. સમય આવ્યે અમે ગઠબંધન ભાગીદારો સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લઇશું. એસઆઇઆરના નામે જે થઇ રહ્યું છે તે કંઇ છેતરપિંડીથી ઓછું નથી.

તેમણે આરોપ મૂકતાં કહ્યું કે મતદાતાઓ વતી બૂથ સ્તરના અધિકારીઓ ગણતરી ફોર્મ પર પોતાની સહીઓ અને અંગૂઠાના નિશાન લગાવી રહ્યા છે. ખાલી ફોર્મનો ઉપયોગ નકામા કાગળ તરીકે કરવામાં આવી રહ્યો છે. આ ગેરરીતિઓ દર્શાવનારા સ્વતંત્ર પત્રકારો સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી રહી છે. અને સરકારને આ બધું યોગ્ય લાગે છે કારણ કે ચૂંટણી પંચ શાસક પક્ષના રાજકીય હથિયાર તરીકે કામ કરી રહ્યું છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર બિહારમાં મતદાર યાદીના ચાલી રહેલા એસઆઇઆર હેઠળ હાથ ધરવામાં આવેલા ડોર-ટુ-ડોર સર્વે દરમિયાન ચૂંટણી અધિકારીઓને અત્યાર સુધીમાં જાણવા મળ્યું છે કે બાવન લાખથી વધુ મતદારો તેમના સરનામાં પર હાજર ન હતા અને ૧૮ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા.

વિરોધ પક્ષોએ દાવો કર્યો છે કે ચૂંટણી પંચની આ કવાયતને કારણે કરોડો લાયક નાગરિકો મતદાનના અધિકારથી વંચિત રહેશે. ■

## નખશિખ ફાઈટર



**રિષભ પંતના પગનો અંગૂઠો તૂટવા છતાં પાછા બૅટિંગમાં આવીને બ્રિટિશ બોલર્સ સામે લડ્યો, હાફ સેન્ચુરી ફટકારી અને સેહવાગના વિક્રમની બરાબરી પણ કરી**

મૅન્ચેસ્ટરઃ બૅટિંગમાં આક્રમક, સ્ટમ્પ્સની પાછળ સદા સાવચેત અને હરીફોને જોરદાર લડત આપવાની મક્કમતા ધરાવતો રિષભ પંત ઑલ્ડ ટ્રૅફર્ડના મેદાન પર ગુરુવારે ૫૪ રનના સાધારણ વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો હતો, પરંતુ તેની આ હાફ સેન્ચુરી ક્રિકેટના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે અને કરોડો ક્રિકેટપ્રેમીઓ દાયકાઓ સુધી એ યાદ રાખશે. જેમ અનિલ કુંબલેએ મે, ૨૦૦૨માં વેસ્ટ ઇન્ડિઝના ઍન્ટિગા ટાપુના સેન્ટ જોન્સની ટેસ્ટ દરમ્યાન જડબામાં ફ્રૅક્ચર થયું હોવા છતાં ડ્રેસિંગ-રૂમમાં બેઠા રહેવાને બદલે અને સર્જરી માટે ભારત પાછા આવવાને બદલે ફરી મેદાન પર ઊતરીને એકધારી ૧૪ ઓવર બોલિંગ કરી હતી અને એ ગંભીર ઈજા છતાં બ્રાયન લારાની વિકેટ લઈને સંકલ્પ શક્તિ તથા લડાયક શક્તિનો પુરાવો આપ્યો હતો એવું રિષભ પંતે ગુરુવારે મૅન્ચેસ્ટરમાં કર્યું હતું.

પંતને બુધવારે ફાસ્ટ બોલર ક્રિસ વૉક્સના યૉર્કરમાં રિવર્સ સ્વીપ મારવા જતાં બૉલ જમણા પગમાં વાગ્યો હતો અને તેણે ત્યારે ૩૭ રનના પોતાના સ્કોર પર બૅટિંગ છોડી દીધી હતી અને તેને ગૉલ્ફ કાર્ટમાં બેસાડીને પૅવિલિયનમાં પાછો લાવવામાં આવ્યો હતો. તેને પગમાં ફ્રૅક્ચર થયું છે અને (જુઓ પાનું ૨) ▸▸

## છ ફૂટથી ઊંચી મૂર્તિઓનું જ દરિયામાં વિસર્જનઃ હાઈ કોર્ટ

### ગણેશોત્સવ પહેલા મહત્ત્વના આદેશમાં અદાલતે છ ફૂટ સુધીની મૂર્તિઓનું કૃત્રિમ તળાવમાં જ વિસર્જન કરવા કહ્યું

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈ સુધરાઈ ગુરુવારે ફરી એકવાર પ્લાસ્ટર ઓફ પેરિસથી બનેલી પાંચ ફૂટથી ઊંચી ગણેશ મૂર્તિઓનું કુદરતી જળ સ્ત્રોતોમાં વિસર્જન કરવા સિવાય હાલ કોઈ વિકલ્પ નથી એમ કહેતા,કોર્ટે ફરી એકવાર આક્રોશ વ્યક્ત કર્યો હતો. જોકે, કૃત્રિમ તળાવોમાં મોટી મૂર્તિઓના વિસર્જન અંગે સરકાર દ્વારા વ્યક્ત કરવામાં આવેલી મુશ્કેલીઓને ધ્યાનમાં લેતા, કોર્ટે આ મૂર્તિઓનું દરિયામાં વિસર્જન કરવાની મંજૂરી આપી હતી. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આ આદેશો ગણેશોત્સવ, નવરાત્રિ અને માઘી ગણપતિ સુધી અમલમાં રહેશે.

પાંચ ફૂટથી વધુ ઊંચી સાત હજારથી વધુ પીઓપી ગણેશ મૂર્તિઓનું દરિયામાં વિસર્જન કરવું અમને યોગ્ય નથી લાગતું. હકીકતમાં, અમે પર્યાવરણને શક્ય તેટલું ઓછું નુકસાન ઇચ્છીએ છીએ. તેથી, બુધવારે થયેલી સુનાવણી દરમિયાન, કોર્ટે સરકાર અને મ્યુનિસિપલ (જુઓ પાનું ૨) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુકે સાથેનો વેપાર કરાર ભારતના ફાયદામાં

**લગભગ** ચાર વર્ષની વાટાઘાટો પછી અંતે ભારત અને યુનાઇટેડ કિંગડમ (યુકે) વચ્ચેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ)ના અમલનો તખ્તો તૈયાર છે. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી હમણાં યુકે ગયા છે. મોદી અને યુકેના વડાપ્રધાન સ્ટેમરની હાજરીમાં થયેલા આ કરારને બંને દેશે ઐતિહાસિક ગણાવ્યો છે.

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એટલે કે મુક્ત વ્યાપાર કરારનો ખરો અર્થ એ થાય કે, કરાર કરનારા બંને દેશો એકબીજાને ત્યાં કોઈ પણ પ્રકારનાં નિયંત્રણો કે પ્રતિબંધો વિના મુક્ત રીતે વ્યાપાર કરી શકે. ભારત અને યુકે વચ્ચેનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ એ પ્રકારનો નથી તેથી તેને શત પ્રતિશત ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ના કહી શકાય, પણ આ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ ઘણી બધી બાબતોને આવરી લેવાઈ છે તેથી આ કરાર ઐતિહાસિક છે જ.

આ કરાર હેઠળ બંને દેશો એકબીજાના માલ પર કસ્ટમ ડ્યુટી અથવા આયાત ડ્યુટી ઘટાડશે અથવા નાબૂદ કરશે તેથી ભારતથી યુકે જતો ને યુકેથી ભારત આવતો માલ સસ્તો થશે. માલ સસ્તો થાય એટલે તેની ખપત વધે તેથી બંને દેશોને આર્થિક ફાયદો થશે.

આ કરારથી બંને દેશોને કેટલો ફાયદો થયો તેની ખબર તો વરસ પૂરું થાય પછી જ પડે પણ કરાર પર ઉપલક નજર નાંખીએ તો ભારતમાંથી બ્રિટનમાં નિકાસ થતા ચામડા, કાપડ અને જૂતા સહિતનાં ઉત્પાદનો સસ્તાં થશે જ્યારે બ્રિટનથી ભારતમાં આવતી વ્હિસ્કી અને કારની આયાત ડ્યુટી ઘટાડવામાં આવશે તેથી ભારતમાં આ બ્રિટિશ ઉત્પાદનો સસ્તામાં મળશે.

આ કરાર ફક્ત માલ પૂરતો મર્યાદિત નથી પણ સર્વિસ, સરકાર દ્વારા કરાતી સંરક્ષણ સહિતની ખરીદી, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, ઈનોવેશન અને ઈન્વેસ્ટમેન્ટને પણ આવરી લેવાયા છે તેથી બંને દેશોના પ્રોફેશનલ્સ અને કંપનીઓને પણ ફાયદો થશે. યુકેમાં ભારતની ૯૦૦ કંપનીઓ કામ કરે છે અને ૭૦ અબજ ડૉલરનું યોગદાન યુકેના અર્થતંત્રમાં આપે છે. આ કંપનીઓએ કરવી પડતી કાનૂની પ્રક્રિયાઓ તથા કરવેરા સહિતની બાબતોમાં સરળતા થઈ જશે.

ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના ભાગરૂપે ભારત અને બ્રિટન વચ્ચે ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન એગ્રીમેન્ટ (સામાજિક સુરક્ષા કરાર) પણ થવાનો છે. તેના કારણે બ્રિટનમાં કામચલાઉ ધોરણે કામ કરી રહેલા પ્રોફેશનલ્સે ભારત અને બ્રિટનમાં સોશિયલ સીક્યુરિટી માટે અલગ અલગ પ્રીમિયમ નહીં ભરવાં પડે, ભારતમાં આપેલું કોન્ટ્રિબ્યુશન યુકેમાં પણ માન્ય ગણાશે.

આ કરારના કારણે ૨૦૩૦ સુધીમાં બંને દેશોના વેપારને ૧૨૦ અબજ ડોલર થઈ જશે એવી આશા છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ વિના વ્યાપાર ગોકળગાયની ગતિએ આગળ વધતો હતો ને વરસે પાંચથી દસ ટકાનો વધારો થતો. ૨૦૨૨-૨૩માં વ્યાપાર ૨૦.૩૬ અબજ ડોલર હતો એ ૨૦૨૩-૨૪માં વધીને ૨૧.૩૪ અબજ ડોલર પર પહોંચ્યો હતો. ૨૦૨૪-૨૫માં ભારતથી બ્રિટનમાં નિકાસ ૧૪.૫ અબજ ડૉલર હતી જ્યારે આયાત ૮.૬ અબજ ડૉલર હતી તેથી કુલ વ્યાપાર ૨૩.૧ અબજ ડૉલર હતો.

આમ અત્યારે બંને દેશો વચ્ચેનો વ્યાપાર ૨૪ અબજ ડોલરથી પણ ઓછો છે પણ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના કારણે વ્યાપાર રોકેટ ગતિએ વધશે ને પાંચ વર્ષમાં વ્યાપાર વધીને પાંચ ગણો થઈ શકે છે. આ વ્યાપાર ભારતના ફાયદામાં છે એ કહેવાની જરૂર નથી કેમ કે ભારતમાં કામદાર આધારિત ઉત્પાદનોને રાહત મળવાની છે તેથી તેમની નિકાસ વધશે.

જૂતાં, કપડાં, ચામડું વગેરે ઉત્પાદનો એવાં છે કે જેની સાથે કામદાર વર્ગ જોડાયેલો હોય છે તેથી તેની ખપત વધે તો ભારતમાં રોજગારી પણ વધે જ એ સ્પષ્ટ છે. આ સિવાય ભારતમાંથી દરિયાઈ ઉત્પાદનો, ચામડું, ફૂટવેર, રમતગમતના સામાન અને રમકડાં, રત્નો અને ઝવેરાત, એન્જિનિયરિંગ સામાન, ઓટો ભાગો અને એન્જિન અને કાર્બનિક રસાયણો વગેરેની પણ નિકાસ થશે. આ બધા ઉત્પાદનો ભારતમાં લાખો લોકોને રોજગારી આપે છે તેથી ભારતને જંગી ફાયદો થશે.

આઈટી કંપનીઓને પણ ફાયદો થશે તેથી પ્રોફેશનલ્સને પણ ફાયદો થવાનો જ છે. સામે બ્રિટનને મુખ્ય ફાયદો વ્હીસ્કી અને કારના વેચાણમાં થશે. બ્રિટનની કાર કંપનીઓ ધનિકો માટેની લક્ઝુરીયસ કાર્સ બનાવે છે. એસ્ટન માર્ટિન, બેન્ટલી, જગુઆર, લેન્ડ રોવર, લોટસ, મિની, મોર્ગન, રોલ્સ-રોયસ વગેરે યુકેની કાર કંપનીઓ છે. આ કંપનીઓની સામાન્ય કાર પણ ૫૦ લાખ રૂપિયાથી ઓછામાં નથી આવતી. આ કારણે અતિ ધનિકો જ આ કંપનીઓની કારો ખરીદે છે.

ભારતમાં કસ્ટમ ડ્યુટી ઘટશે તેથી તેમના ભાવ ઘટશે એટલે અપર મિડલ ક્લાસ પણ આ કારો ખરીદતો થશે. બ્રિટિશ વ્હીસ્કી પણ સસ્તી થશે તેથી માલ વધારે જશે એટલે યુકેને પણ ફાયદો છે જ. બ્રિટિશ એરોસ્પેસ, લેમ્બ, કોસ્મેટિક્સ, તબીબી ઉપકરણો, સેલ્મોન, ઇલેક્ટ્રિકલ મશીનરી, સોફ્ટ ડ્રિંક્સ, ચોકલેટ અને બિસ્કિટ પણ સસ્તાં થશે.

યુકેની આર્થિક હાલત અત્યારે બહુ સારી નથી. યુકે સહિતના યુરોપના દેશો અમેરિકાના બજાર પર નિર્ભર છે પણ અમેરિકામાં અત્યારે મંદી છે તેથી યુકેને પોતાનો માલ ખપાવવા ભારત જેવા મોટા માર્કેટની જરૂર છે. આ કરારથી યુકેને ૧૫૦ કરોડ લોકોનું તોતિંગ બજાર મળી રહ્યું છે.

ભારતમાં ધનિકો ઝડપથી વધી રહ્યા છે તેથી બ્રિટિશ લક્ઝુરીયસ કાર અને સ્કોચ સહિતની ચીજો માટે એક નવું બજાર યુકે માટે ખૂલી રહ્યું છે. સાયન્સ અને ટેકનોલોજી, ડીફેન્સ સહિતના ક્ષેત્રોમાં ભારત અત્યારે અમેરિકા, ફ્રાન્સ વગેરે દેશો પાસેથી માલ લે છે. તેના બદલે હવે યુકેનો માલ સસ્તો પડશે તેથી યુકે તરફ વળશે ને યુકેને જંગી ફાયદો થશે એ જોતાં યુકે વધારે ફાયદામાં રહેશે.

ભારત અને યુકે વચ્ચે છેલ્લા ચાર વર્ષથી આ વ્યાપાર કરાર માટે વાટાઘાટો ચાલતી હતી મે ૨૦૨૧માં બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જોનસન ભારત આવ્યા ત્યારે બોરિસ જોનસન અને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી બંને દેશો વચ્ચેનો વ્યાપાર વધારવા અને વધારે સહયોગ કરવા સંમત થયા પછી ભારત અને યુકેએ જાન્યુઆરી ૨૦૨૨માં વાટાઘાટો શરૂ કરી હતી. એ વખતે જોનસને જાહેર કરેલું કે આ કરાર દિવાળી ૨૦૨૨ સુધીમાં પૂરો થઈ જશે અને દિવાળીએ ભારત અને યુકેના સંબંધોમાં નવા યુગની શરૂઆત થશે.

જો કે બંને દેશોને માફક આવે એવી શરતો પર સંમતિ નહોતી બનતી તેથી કરારને અંતિમ રૂપ આપી શકાયું નહોતું. બોરિસ જોનસને વાત કરેલી એ ૨૦૨૨ની દિવાળી તો ગઈ જ પણ ૨૦૨૩ અને ૨૦૨૪ની દિવાળી પણ જતી રહી. વચ્ચે ૧૫ બેઠકો થઈ ને છેવટે આ દિવાળીએ લોકોને ફાયદો થશે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ પ્રારંભ, શુક્રવાર, તા. ૨૫-૭-૨૦૨૫, શ્રાવણ માસારંભ, શિવપૂજન આરંભ

- ભારતીય દિનાંક ૩, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩૦મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય સાંજે ક. ૧૬-૦૦ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૩૮, મધ્યરાત્રે ક. ૦૦-૨૭
- ઓટઃ સાંજે ક. ૧૮-૫૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - પ્રતિપદા. ઈષ્ટિ, શ્રાવણ માસારંભ, શિવપૂજન આરંભ, જીવંતિકા પૂજન, મહાલક્ષ્મી સ્થાપન અને પૂજન, નક્તવ્રતારંભ, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શુક્ર-શનિ-ગુરુ પૂજન, પીપળાનું પૂજન, શ્રાવણ શુક્લ પ્રતિપદા નિમિત્તે દેવદર્શન, બ્રાહ્મણ પૂજન, કુળદેવી દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. વિદ્યારંભ, હજામત, સીમંત સંસ્કાર, સર્વશાંતિ પૂજા, નવા વસ્રો, આભૂષણ, વાસણ, યંત્ર, દસ્તાવેજ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, દુકાન-વેપાર, નૌકા બાંધવી, અન્નપ્રાશન.
- શ્રાવણ માસ સંક્ષિપ્તઃ તા. ૨૫ જુલાઈથી ૨૩ ઓગસ્ટનો આ માસ શિવપૂજા, ગ્રહપૂજા, પીપળાનું પૂજન, શનિ-દેવતા, મહાબલિ હનુમાનજીનું પૂજન, શ્રાવણ વ્રત ઉપવાસ, બહેનોના ઉત્સવો, રક્ષાબંધન, બ્રાહ્મણોના તથા વૈષ્ણવ વણિક સર્વના ઉપનયન સંસ્કારનો મહિમા ધરાવે છે. શ્રાવણમાં સૌથી વધુ ઉત્સવો છે. શ્રી કૃષ્ણ જયંતી ઉત્સવ તા. ૧૫મીએ છે. પૂનમનું ચંદ્રગ્રહણ નથી. અમાસનું સૂર્યગ્રહણ નથી. શુક્લ પક્ષમાં આઠમની વૃદ્ધિ, દિવસ-૧૬, કૃષ્ણ પક્ષમાં પાંચમનો ક્ષય દિવસ-૧૪ એમ કુલ ૩૦ દિવસનો આ માસ છે. આ માસમાં દૈનિક શિવપૂજાનો મહિમા છે. મંદિરોમાં ઉત્સવ, મેળાનું આયોજન ઠેર ઠેર જોવામાં આવે છે.
- આચમનઃ ચંદ્ર-બુધ યુતિ ગપ્પા મારવાની આદત
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-સિંહ, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર

# બિહાર મતદાર યાદી મામલે ફરી સંસદમાં કામ ન થયું

નવી દિલ્હીઃ બિહારમાં મતદાર યાદીમાં સુધારાની કામગીરી બંધ કરવાની માગણી સાથે વિપક્ષ દ્વારા સતત કરવામાં આવી રહેલા પ્રદર્શનને પગલે ગુરુવારે સતત ચોથા દિવસે લોકસભાની કાર્યવાહી મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

આ જ કારણસર ગુરુવારે ભોજનના સમય બાદ રાજ્યસભાની કાર્યવાહી પણ મોકૂફ રાખવાની ફરજ પડી હતી. અગાઉ રાજ્યસભાની કાર્યવાહી પણ બપોરે બે વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવી હતી.

વિપક્ષ હાથમાં પૉસ્ટરો અને બેનરો સાથે સૂત્રોચ્ચાર કરતાં વૅલમાં ધસી જતાં લોકસભાના સ્પીકર ઓમ બિરલાને ગુરુવારે સવારે લોકસભાની કાર્યવાહી મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

બપોરે બે વાગ્યે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થતાં ગૃહનું અધ્યક્ષપદ સંભાળી રહેલા કૃષ્ણ પ્રસાદ ટેનેટીએ સભ્યોને ગોવા વિધાનસભામાં અનુસૂચિત જાતિના લોકોને બેઠક ફાળવવાની માગણી કરતા ખરડા અંગે ચર્ચા કરવામાં ભાગ લેવાની વિનંતી કરી હતી.

રાજ્યમાં અનુસૂચિત જાતિના લોકોને લાભ કરાવતા ખરડા અંગે ચર્ચા કરવાની પરવાનગી ન આપવા બદલ કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે વિપક્ષ સામે સવાલ ઉઠાવ્યા હતા. આમ છતાં વિરોધ ચાલુ રહેતાં ગૃહની કાર્યવાહી ગુરુવાર પૂરતી મોકૂફ રાખવામાં આવી હતી.

અગાઉ સ્પીકર ઓમ બિરલાએ વિરોધ કરી રહેલા સભ્યોને પોતાની બેઠક પર પાછા જતા રહેવા જણાવ્યું હતું અને નિયમ પ્રમાણે મુદ્દા ઉપાડી લેવાની તક આપવાની બાંયધરી આપી હતી.

સ્પીકરે કૉંગ્રેસના વરિષ્ઠ નેતા કે.સી. વેણુગોપાલના નામનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ગૃહમાં સૂત્રોચ્ચાર કરવાની તેમના પક્ષની સંસ્કૃતિ નથી. બિરલાએ અવારનવાર એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે બેનરો અને પૉસ્ટરો દેખાડી સૂત્રોચ્ચાર કરવા એ ગૃહના ગૌરવને અનુરૂપ નથી.

આશ્ચર્ય વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે આ પ્રકારની પ્રવૃત્તિ બહાર શું સંદેશો આપશે. વિપક્ષ બિહારમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) ઑફ ઈલેક્ટરલ રોલ અંગે ચર્ચા કરવાની માગણી કરી રહ્યો છે. (એજન્સી)

# નકલી દૂતાવાસઃ આરોપીના હવાલા ટ્રાન્ઝેક્શન રડાર પર

લખનઊઃ કાલ્પનિક રાષ્ટ્ર વૅસ્ટ આફ્રિકામાં બનાવટી એલચી કચેરી ચલાવનાર બની બેઠેલા રાજદૂતના શંકાસ્પદ હવાલા વ્યવહારને મામલે ઉત્તર પ્રદેશ પોલીસનું સ્પેશ્યલ ટાસ્ક ફૉર્સ (એસટીએફ) તપાસ કરી રહ્યું હોવાનું વરિષ્ઠ અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

એસટીએફએ ગાઝિયાબાદના કવીનગર વિસ્તારમાં આ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

ભાડાં પર રાખવામાં આવેલો વૈભવશાળી બંગલો (કેબી-૩૫) તમામ ગેરકાયદે નાણાંકીય વ્યવહારોનું મુખ્ય કેન્દ્ર હોવાનું અધિકારીઓનું માનવું છે.

કૌભાંડના માસ્ટરમાઈન્ડ ૪૭ વર્ષના હર્ષવર્ધન જૈનની એસટીએફએ મંગળવારે ધરપકડ કરી હતી. આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવહારો માટે તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

એસટીએફના વરિષ્ઠ એસપી સુશીલ ઘુલેએ કહ્યું હતું કે હર્ષવર્ધને યુરોપના જુદા જુદા દેશમાં ભાગીદારો સાથે એક ડઝન કરતાં પણ વધુ કંપની ઊભી કરી હતી.

હર્ષવર્ધને હવાલા નેટવર્ક માટે આ કંપનીઓનો ઉપયોગ કર્યો હોવાની એસટીએફના અધિકારીઓને શંકા છે.

બીબીએ અને એમબીએની ડિગ્રી ધરાવતા હર્ષવર્ધનના આંતરરાષ્ટ્રીય સ્તરે અંધારીઆલમના મહત્ત્વના લોકો સાથે સંબંધ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

વર્ષ ૨૦૦૦માં હર્ષવર્ધન વિવાદાસ્પદ ગૉડમેન ચંદ્રાસ્વામીના સંપર્કમાં હતો જેણે તેની ઓળખાણ આંતરરાષ્ટ્રીય શસ્ત્ર સોદાગર અદનાન ખાશોગી અને અહેસાન અલી સૈયદ સાથે કરાવી હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### હવે શું સસ્તું થશે?

બનાવટના મશીન, ટૂલ્સ અને કારના વિવિધ પાર્ટ્સ યુકેમાં સસ્તાં થશે જે બાબત પુણે, ચેન્નઈ અને ગુરગાંવસ્થિત ફેક્ટરીઓને સહાયરૂપ થશે.

વ્યાવસાયિક સેવાઃ વિઝાના નિયમોમાં હળવાશ અને શૈક્ષણિક પાત્રતાને માન્યતા જેવી બાબતો ભારતીય ઍન્જિનિયરો, આર્કિટેક્ટ અને અકાઉન્ટન્ટને યુકેમાં કામ કરવાની પરવાનગી આપશે.

ફાર્માસ્યુટિકલ્સઃ ભારતના દવા ઉત્પાદકોને ઝડપી મંજૂરી મળશે જેને કારણે તેમના માટે-ખાસ કરીને જેનરિક મેડિસિન માટે યુકેના આરોગ્ય સેવા ક્ષેત્રે પ્રવેશવાનું સરળ બનશે.

કૃષિ ઉત્પાદનોઃ બાસમતી ચોખા, ચા અને મસાલા યુકેમાં સસ્તાં થશે જેને કારણે આસામ, ગુજરાત, કેરળ અને બંગાળના ખેડૂતો અને નિકાસકારોને મદદ થશે.

કેમિકલ્સ ઍન્ડ પ્લાસ્ટિક્સઃ રસાયણો અને પ્લાસ્ટિક પરના ટૅરિફમાં ઘટાડાને કારણે ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી થતી નિકાસને વેગ મળશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં કેમિકલની નિકાસ બમણી કરવાનું લક્ષ્ય છે.

રિન્યુએબલ ઍનર્જી (અક્ષત ઊર્જા): આ કરારને કારણે ભારતના સોલાર, હાઈડ્રોજન અને ઈવી પ્રોડક્ટમાં યુકેથી વધુ રોકાણ આવશે. ખર્ચમાં ઘટાડો થશે અને હરિત વિકાસને પ્રોત્સાહન મળશે.

### સીમાચિહ્નરૂપ

બાદ સ્ટાર્મરે કહ્યું હતું કે આ કરારને કારણે બંને દેશને વ્યાપક આર્થિક લાભ થશે. યુરોપિયન યુનિયન (ઈયુ)માંથી ખસી ગયા બાદ યુકેએ કરેલો આ સૌથી મોટો અને મહત્ત્વનો આર્થિક તેમ જ વેપારી કરાર છે.

આ કરારને કારણે બંને દેશને વ્યાપક આર્થિક લાભ થશે એમ જણાવતાં સ્ટાર્મરે કહ્યું હતું કે આને કારણે રોજગારને વેગ મળશે, લોકોનું જીવનધોરણ સુધરશે અને કર્મચારીઓનાં ખિસ્સાંમાં વધુ રૂપિયા પહોંચશે. આ કરાર રોજગાર, બિઝનેસ, ટૅરિફ ઘટાડવા તેમ જ બંને દેશ વચ્ચેના વેપારને સસ્તો, સરળ અને ઝડપી બનાવવા માટે કારગત નીવડશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### 3,000 કરોડનો

અને દિલ્હીમાં ૩૫થી વધુ જગ્યાઓની તપાસ કરવામાં આવી રહી છે. આ જગ્યાઓ ૫૦ કંપનીઓ અને લગભગ પચીસ લોકો સાથે સંબંધિત છે. આ કાર્યવાહી ઈડીના દિલ્હી સ્થિત તપાસ એકમ દ્વારા કરવામાં આવી રહી છે. હાલની આ કાર્યવાહીના સંદર્ભમાં અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપ તરફથી કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. ઈડીના સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૧૭થી ૨૦૧૯ દરમિયાન યસ બેન્કમાંથી લેવામાં આવેલી લગભગ ૩૦૦૦ કરોડ રૂપિયાની લોનના ખોટા ઉપયોગના આરોપીની તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું છે કે લોન આપવામાં આવે તે પહેલાં યસ બેન્કના પ્રમોટરોએ તેમની સંસ્થાઓમાં ભંડોળ ''પ્રાપ્ત'' કર્યું હતું, જે ''લાંચ''ની લેવડદેવડ સૂચવે છે. એજન્સી ''લાંચ'' અને લોન સંબંધિત મામલાની તપાસ કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ફેડરલ એજન્સી યસ બેન્ક દ્વારા રિલાયન્સ અંબાણી ગ્રુપ કંપનીઓને આપવામાં આવેલી લોન મંજૂરીઓમાં જૂની તારીખના ક્રેડિટ દસ્તાવેજો, બેન્કની ક્રેડિટ નીતિનું સ્પષ્ટ ઉલ્લંઘન કરીને કોઈપણ યોગ્ય તપાસ અથવા ક્રેડિટ વિશ્લેષણ વિના રોકાણનો પ્રસ્તાવ મૂકવો જેમ કે ''ઘોર ઉલ્લંઘનો''ના આરોપોની તપાસ કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ લોનનો કથિત રીતે સંબંધિત સંસ્થાઓ દ્વારા જૂથની અનેક કંપનીઓ અને શેલ કંપનીઓમાં દુરુપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ મની લોન્ડરિંગ કેસમાં સીબીઆઇ દ્વારા નોંધાયેલી ઓછામાં ઓછી બે એફઆઇઆર અને નેશનલ હાઉસિંગ બેન્ક, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી), નેશનલ ફાઇનાન્શિયલ રિપોર્ટિંગ ઓથોરિટી (એનએફઆરએ ) અને બેન્ક ઓફ બરોડા દ્વારા શેર કરાયેલા અહેવાલો સાથે જોડાયેલો છે.

### છ ફૂટથી

કોર્પોરેશનને સૂચન કર્યું હતું કે કૃત્રિમ તળાવોમાં પાંચ ફૂટ સુધીની મૂર્તિઓનું વિસર્જન કરવાની શરતને સાતથી આઠ ફૂટની મૂર્તિઓ સુધી લંબાવવામાં આવે. ઉપરાંત, આ સંદર્ભમાં તેનું વલણ સ્પષ્ટ કરવા આદેશ આપવામાં આવ્યો હતો. આ પૃષ્ઠભૂમિમાં, મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયાધીશ સંદીપ માર્નેની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ત્યારે આવતા મહિને ગણેશોત્સવ છે અને પાંચ ફૂટ ઊંચી એક લાખ દસ હજાર ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવા માટે ૨૦૪ કૃત્રિમ તળાવો તૈયાર કરવામાં આવ્યા છે. તેથી, કૃત્રિમ તળાવોમાં મોટી મૂર્તિઓનું પણ વિસર્જન કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. તેથી, સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશને ફરી એકવાર કોર્ટમાં રજૂઆત કરી કે તેમની પાસે હાલ પૂરતું આ મૂર્તિઓનું સમુદ્ર અને અન્ય કુદરતી તળાવોમાં વિસર્જન કરવા સિવાય કોઈ વિકલ્પ નથી.

### મંદિર માટે

હુમલો પણ કર્યો છે. એક હિંદુ મંદિર માટે થાઈલેન્ડ અને કમ્બોડિયા વચ્ચે યુદ્ધ છેડાયું છે.

થાઈલેન્ડ અને કમ્બોડિયા એકબીજાના પડોશી દેશો છે. બંને દેશોની વચ્ચે ઐતિહાસિક ધરોહર સમાન પ્રીહ વિહાર મંદિર આવેલું છે. જોકે, આ મંદિર કમ્બોડિયાનો ભાગ છે. જેના પર થાઈલેન્ડ પોતાનો હક બતાવી રહ્યું છે. આને કારણે બંને દેશો વચ્ચે વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે અને હવે યુદ્ધ થયું છે. આમાં અત્યારસુધીમાં ૧૧ લોકોના મોત થયા છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ, આજે સવારે ૭.૩૫ વાગ્યે સૂરીનના ફાનોમ ડોંગ રાક જિલ્લાના તા મુએન થોમ મંદિરના ખંડેરોમાં એક કમ્બોડિયાનું ડ્રોન આંટા મારતું નજરે પડ્યું હતું. ત્યારબાદ ૬ કમ્બોડિયાના સૈનિકો પ્રોપેલ્ડ ગ્રેનેડ અને અન્ય હથિયારો સાથે થાઈલેન્ડના સૈનિકોના અડ્ડાની સામે કાંટાવાળા તારની હદની નજીક પહોંચી ગયા હતા. સવારે ૮.૨૦ વાગ્યે કમ્બોડિયાના સૈનિકોએ તા મુએન થોમ મંદિરના ખંડેરથી લગભગ ૨૦૦ મીટર દૂર સ્થિત મૂ પા સૈનિકોના અડ્ડા પર ગોળીબાર શરૂ કરી દીધો હતો.

#### ૧૨ વર્ષ બાદ બંને દેશો વચ્ચે વિવાદ કેમ શરૂ થયો?

ઉલ્લેખનીય છે કે, કમ્બોડિયામાં આવેલું ભગવાન શિવને સમર્પિત પ્રીહ વિહાર મંદિર ૧૧મી સદીમાં નિર્માણ પામ્યું હતું. મંદિરમાં ૮૦૦ પગથિયાં છે. ૨૦૦૮માં યુનેસ્કોએ તેને પોતાની હેરિટેજ સાઈટની યાદીમાં સમાવ્યું હતું. ત્યારબાદ થાઈલેન્ડને લાગ્યું એક ઐતિહાસિક ધરોહર તેની પાસેથી છીનવાઈ ગઈ છે. આ વિવાદને લઈને ૨૦૧૧માં પણ બંને દેશો વચ્ચે સંઘર્ષ થયો હતો. જેમાં પણ સ્થાનિકોએ જીવ ગુમાવ્ય હતો. ત્યારબાદ નવેમ્બર ૨૦૧૩માં આ મુદ્દાને ઇન્ટરનેશનલ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે કંબોડિયાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. ત્યારબાદ બંને દેશો વચ્ચે શાંતિ સ્થપાઈ હતી. પરંતુ વર્ષ ૨૦૨૫ના મે મહિનામાં બંને દેશોના સૈન્ય વચ્ચે થયેલા સંઘર્ષમાં એક કમ્બોડિયાના સૈનિકનું મૃત્યુ થયું હતું. ત્યારબાદ મંદિરના મુદ્દાને લઈને બંને દેશો વચ્ચે ફરીથી તણાવ શરૂ થઈ ગયો છે.

### સોશ્યલ

આપવામાં આવી છે. આ નિર્ણયને કારણે અંદાજે ૭૫,૦૦૦ જેટલા ભારતીય કર્મચારીઓ અને ૯૦૦ જેટલા માલિકોને લાભ થશે.

ભારતનો આઈટી ઉદ્યોગ યુકેના બજારમાં વાર્ષિક ૨૮૩ અબજ ડૉલરની નિકાસ કરતો હોવા ઉપરાંત યુકે બીજા ક્રમાંકનું સૌથી મોટું નિકાસ બજાર હોવાને કારણે પણ આ નિર્ણયને મહત્ત્વનો માનવામાં આવે છે. (એજન્સી)

### નખશિખ ફાઈટર

ડૉક્ટરે તેને પાંચથી છ અઠવાડિયા આરામ કરવા કહ્યું હોવા છતાં તે (ટીમની જરૂરિયાતને ધ્યાનમાં લઈને) ગુરુવારે પાછો બૅટિંગ કરવા આવ્યો હતો અને બીજા ૧૭ રન કર્યા હતા. તે આ દાવમાં કુલ મળીને ૧૫૪ મિનિટ સુધી ક્રીઝ પર હતો અને તેણે ૭૫ બૉલમાં ૫૪ રન કર્યા હતા. તેણે લાગ મળ્યો ત્યારે ધીમે ધીમે દોડીને રન પણ બનાવ્યા હતા. એટલું જ નહીં, તેણે ૧૮મી હાફ સેન્ચુરી પૂરી કરી હતી તેમ જ ટેસ્ટ ફૉર્મેટમાં ૯૦મી સિક્સર ફટકારીને વીરેન્દર સેહવાગના ભારતીય વિક્રમની બરાબરી પણ કરી હતી. પંત બુધવારે ૩૭ રનના સ્કોર પર રિટાયર હર્ટ થઈને પૅવિલિયનમાં પાછો આવી રહ્યો હતો ત્યારે હજારો પ્રેક્ષકોએ તેના પ્રત્યે સહાનુભૂતિ બતાવી હતી. ગુરુવારે ભારતના ૩૧૪ રનના સ્કોર પર છઠ્ઠી વિકેટના રૂપમાં શાર્દુલ ઠાકુરની વિકેટ પડી ત્યારે પંત બૅટિંગ કરવા માટે પાછો મેદાન પર ઊતર્યો ત્યારે હજારો પ્રેક્ષકોએ ઊભા થઈને તેનું સ્વાગત કર્યું હતું. બાહોશ પંતે બ્રિટિશ બોલર્સનો સમજદારી અને હિંમતથી સામનો કર્યો હતો અને લગભગ આઠ ઓવર સુધી વૉશિંગ્ટન સુંદરને સાથ આપ્યો હતો. પંત ભારતની ૧૧૩મી ઓવરમાં કુલ ૩૪૯ રનના સ્કોર પર નવમી વિકેટના રૂપમાં આઉટ થઈને પાછો આવી રહ્યો હતો ત્યારે પણ તેને પ્રેક્ષકોનું સ્ટૅન્ડિંગ ઑવેશન મળ્યું હતું.ભારત માટે ગેમ ચૅન્જર તરીકે જાણીતો પંત ઑર્થોપેડિક પેશન્ટ માટે વપરાતા મૂન બૂટ પહેરીને ગુરુવારે સ્ટેડિયમમાં આવ્યો હતો.પંત આ સિરીઝની બહાર થઈ ગયો છે અને તેના સ્થાને તામિલનાડુના એન. જગદીશનને તાત્કાલિક ઇંગ્લૅન્ડ આવવા કહેવામાં આવ્યું છે. જોકે વર્તમાન ટેસ્ટમાં પંતના સ્થાને ધ્રુવ જુરેલ વિકેટકીપિંગની જવાબદારી સંભાળી રહ્યો છે.

### રશિયામાં વિમાન

ઘટનાસ્થળના પ્રારંભિક હવાઇ નિરીક્ષણમાં કોઇ જીવિત બચ્યું ન હોવાનું જાણવા મળ્યું છે. આ વિસ્તારમાં હવામાન ખરાબ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. એક ઓનલાઇન નિવેદનમાં જણાવાયું કે વિમાને ઉતરાણ કરવાનો બીજો પ્રયાસ કર્યો હતો પરંતુ તેની સાથે સંપર્ક તૂટી ગયો હતો. પ્રાદેશિક ગવર્નર વેસિલી ઓર્લોવે જણાવ્યું કે રશિયા-ચીન સરહદ પર સ્થિત બ્લાગોવેશેન્સ્ક શહેરથી ટિંડા શહેર જઇ રહેલા એએન-૨૪ પેસેન્જર વિમાનમાં પાંચ બાળકો સહિત ૪૩ મુસાફરો અને છ ક્રૂ સભ્યો સવાર હતા. રશિયાના કટોકટી મંત્રાલયે જણાવ્યું કે સાઇબિરીયા સ્થિત અંગારા એરલાઇન્સ દ્વારા સંચાલિત આ વિમાનમાં ૪૮ લોકો સવાર હતા. આ દુર્ઘટનાનું તાત્કાલિક કારણ જાણી શકાયું નથી. અધિકારીઓએ ફ્લાઇટ સલામતી ઉલ્લંઘનના આરોપોની તપાસ શરૂ કરી છે. જેના પરિણામે અનેક લોકોના મોત થયા છે. જે વિમાન દુર્ઘટનાઓમાં એક માનક પ્રક્રિયા છે.

### ભારતીય ખેડૂતો

કરોડ ડોલરની જ થાય છે. વાણિજ્ય મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''ભારતીય ખેડૂતો મુક્ત વેપાર કરાર (એફટીએ)ના સૌથી મોટા લાભાર્થી બનવા માટે તૈયાર છે, જે તેમના ઉત્પાદનો માટે પ્રીમિયમ બ્રિટિશ બજારો સુધી પહોંચ વધારશે. આનાથી તેમને જર્મની, નેધરલેન્ડ અને અન્ય યુરોપિયન દેશના નિકાસકારોને અગાઉથી મળી રહેલા લાભ બરાબર અથવા તેનાથી પણ વધુ લાભ મળશે.'' લગભગ ૯૫ ટકા કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ ડ્યૂટી લાઇનમાં ફળો, શાકભાજી, અનાજ, અથાણાં, મસાલાના મિશ્રણ, ફળોના પલ્પ અને તૈયાર ભોજન અને પ્રોસેસ્ડ ખોરાક પર કોઈ ડ્યૂટી લાગશે નહીં. આનાથી બ્રિટિશ બજારમાં આ ભારતીય ઉત્પાદનોની પહોંચમાં ખર્ચ ઓછો લાગશે. જેનાથી ભારતની નિકાસમાં વધારો થશે અને સ્થાનિક ખેડૂતોની આવકમાં વધારો થશે. અધિકારીએ કહ્યું હતું કે ડ્યૂટી ફ્રીના કારણે આગામી ત્રણ વર્ષમાં કૃષિ નિકાસમાં ૨૦ ટકાથી વધુનો વધારો થવાની ધારણા છે, જે ૨૦૩૦ સુધીમાં ભારતના ૧૦૦ બિલ્યન ડોલરના કૃષિ-નિકાસના લક્ષ્યમાં ફાળો આપશે. એફટીએ કટહલ, બાજરી અને ઓર્ગેનિક ઔષધિઓ જેવા ઉભરતા ઉત્પાદનોની નિકાસને પણ વેગ આપશે. દેશના વિવિધ રાજ્યોના ખેડૂતોને એફટીએથી ફાયદો થવાની સંભાવના છે. મુખ્ય લાભાર્થીઓમાં મહારાષ્ટ્ર (દ્રાક્ષ, ડુંગળી), ગુજરાત (મગફળી, કપાસ), પંજાબ અને હરિયાણા (બાસમતી ચોખા), કેરળ (મસાલા) અને ઉત્તરપૂર્વીય રાજ્યો (બાગાયતી)નો સમાવેશ થાય છે.

### ભારત-યુકે

બાદ ટૅરિફ ૧૫ ટકાથી ઘટીને ત્રણ ટકા થઈ જવાને કારણએ ભારતને યુકેના સૉફ્ટ ડ્રિંક્સ, કોસ્મેટિક્સ અને કારથી લઈને તબીબી ઉપકરણો સહિતના શ્રેષ્ઠ ઉત્પાદનો મળશે. ભારત સાથેના આ ઐતિહાસિક કરાર યુકે માટે ખૂબ જ મહત્ત્વના છે એમ જણાવતાં સ્ટાર્મરે કહ્યું હતું કે આ કરારને કારણે લગભગ ૯૯ ટકા વસ્તુઓ પરનો ટૅરિફ નાબૂદ થઈ જશે. (એજન્સી)

### હાઈ કોર્ટના

'હાઈ કોર્ટના નિર્ણયને દાખલારૂપ ગણવામાં આવશે નહીં'. આનો અર્થ એ થયો કે જે લોકો સમાન આરોપોમાં જેલમાં છે તેઓ જામીન મેળવવા માટે આ આદેશનો ઉપયોગ કરી શકશે નહીં.

બેન્ચે કહ્યું હતું કે અમને કહેવામાં આવ્યું છે કે બધા આરોપીઓને મુક્ત કરવામાં આવ્યા છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે નિર્દોષ છોડવામાં આવેલા ૧૨ આરોપીઓની ફરીથી ધરપકડ કરવામાં આવશે નહીં. પરંતુ હાઇ કોર્ટના નિર્ણયને અન્ય કેસ માટે દાખલારૂપ ગણવો જોઈએ નહીં. મહારાષ્ટ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આરોપીઓને પાછા જેલમાં મોકલવાની કોઈ માગણી કરી ન હતી. તુષાર મહેતાએ કહ્યું હતું કે જ્યાં સુધી સ્વતંત્રતાના મુદ્દા પર સ્ટેનો સવાલ છે, હું ચિંતિત છું. આના પર કોર્ટે કહ્યું કે અમે નોટિસ જાહેર કરીશું. સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે હું બોમ્બે હાઈ કોર્ટના આદેશ પર સ્ટે ઇચ્છું છું, પરંતુ તેમને ફરીથી જેલમાં મોકલવાનો મારો ઈરાદો નથી. તેઓ પહેલાથી જ મુક્ત થઈ ચૂક્યા છે.

# લોકોને રંજાડતા-કનડગત કરતાં અસામાજિક તત્ત્વોને કડક હાથે ડામી દેવા મુખ્ય પ્રધાને સૂચના આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે લોકોને રંજાડતા અને ધાક ધમકીઓ આપીને કનડગત કરતા અસામાજિક તત્ત્વોને કડક હાથે ડામી દેવા પોલીસ અને રાજ્યના જિલ્લાઓના વહિવટી તંત્રને સ્પષ્ટ દિશા-નિર્દેશો આપ્યા છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ખોટી પ્રવૃત્તિઓ કરનારાઓ અને લોકોને હેરાન કરનારાં અસામાજિક તત્વોમાં પોલીસનો ડર રહે તેવી કડકાઈથી પોલીસે કામગીરી કરવી પડે. મુખ્ય પ્રધાને જુલાઈ-૨૫ના રાજ્ય સ્વાગત ઓનલાઇન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં એક ગ્રામીણ નાગરિકનો પોતાના ખેતરમાં જવાનો રસ્તો માથાભારે તત્ત્વોએ બંધ કરી દઈને તેને માર મારવાની કરેલી રજૂઆતનો સંવેદનાત્મક પ્રતિસાદ આપતા આવા દિશા-નિર્દેશો આપ્યા હતા.

તેમણે સંબંધિત જિલ્લા કલેકટર અને પોલીસ અધિક્ષકને તાત્કાલિક અસરથી આ ગ્રામીણ નાગરિકને પોલીસ બંદોબસ્ત આપીને તેને રંજાડતાં અસામાજિક તત્વો વિરુદ્ધ કડક પગલાં લેવા અને તેના ખેતરનો રસ્તો ખુલ્લો કરાવી આપવા સૂચનાઓ આપી હતી.

દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા રાજ્ય સ્વાગતમાં પ્રજાજનો-નાગરિકો મુખ્ય પ્રધાન સમક્ષ ગાંધીનગરમાં પોતાની રજૂઆતો-સમસ્યાઓ રૂબરૂ કરતા હોય છે. આ ઉપક્રમમાં જુલાઈ-૨૫ના રાજ્ય સ્વાગતમાં કુલ ૧૦૮ રજૂઆતકર્તાઓ પોતાની વિવિધ રજૂઆતો સાથે હાજર રહ્યા હતા.

મુખ્ય પ્રધાન કાર્યાલયના જનસંપર્ક એકમ દ્વારા આ રજૂઆતો સાંભળીને તેમાંથી ૯૭ જેટલી રજૂઆતો સંબંધિત જિલ્લા વહિવટી તંત્ર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ સંબંધિત વિભાગોને યોગ્ય કાર્યવાહી માટે મોકલી આપવામાં આવી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ થયેલી ૧૧ રજૂઆતો તેમણે ધ્યાનપૂર્વક સાંભળીને ગૌચર જમીનમાં દબાણો દૂર કરવા, જાહેર જગ્યા પરના અન અધિકૃત દબાણો હટાવવા, જી.આઈ.ડી.સી.ના કોમર્શિયલ પ્લોટમાં નામની તબદીલી સહિતના પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓને પોઝિટિવ એપ્રોચ અપનાવીને ઝડપી નિવારણ માટેની કાર્યવાહીની સૂચનાઓ આપી હતી.

જુલાઈ-૨૫ના જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ૧૩૨૩, તાલુકા સ્વાગતમાં ૨૮૭૯ અને ગ્રામ સ્વાગતમાં ૨૩૯ રજૂઆતો સંદર્ભમાં જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર સતત બીજા દિવસે ૧૫ કિ.મી. લાંબો ટ્રાફિક જેમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેર નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર આવેલા જાંબુવા બ્રિજ પર ખાડાના કારણે સતત બીજા દિવસે ૧૫ કિમી લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો, જેના કારણે લોકો પરેશાન થઈ ગયા હતા. લોકો આ રોજિંદી માથાના દુખાવા સમાન સમસ્યાથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા અને નિરાકરણની માગ કરી હતી.

છેલ્લા બે દિવસથી થઈ રહેલા ૧૫ કિમીના ટ્રાફિકજામના કારણે લોકો નોકરી ધંધા પર સમયસર પહોંચી શકતા નથી. આ ઉપરાંત આસપાસની સોસાયટીના લોકો પણ ટ્રાફિકાજામના કારણે પરેશાન થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે જાંબુવા બ્રિજ પરથી રોજના એક લાખ કરતાં વધુ વાહનો પસાર થાય છે, જેમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતથી દક્ષિણ ગુજરાત અને મુંબઇ તરફ લોકો જતા હોય છે. આ ઉપરાંત આસપાસની કંપનીઓમાં નોકરી કરતા લોકો અને બિઝનેસ સાથે સંકળાયેલા લોકોનો પણ સમાવેશ થાય છે. આ બધા લોકો ટ્રાફિકજામની સ્થિતિથી ત્રસ્ત છે અને ઝડપથી બ્રિજનું કામ પૂરું કરીને ટ્રાફિકજામથી મુક્તિ અપાવવામાં આવે એવી માગ કરી હતી.

જાંબુવા ગામના સ્થાનિકોએ આ ટ્રાફિકજામને માથાનો દુઃખાવો ગણાવ્યો હતો અને સરકારની નિષ્ફળતા પર આક્રોશ વ્યક્ત કર્યો હતો. વડોદરાના સામાજિક કાર્યકર અરવિંદ સિધાએ મુખ્ય પ્રધાન તથા કેન્દ્રીય માર્ગ અને વાહનવ્યવહાર પ્રધાનને પત્ર લખીને માગ કરી હતી કે વડોદરા જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર મોટા ખાડા અને બ્રિજ એકદમ જર્જરિત હોવાથી વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. નેશનલ હાઈવેના રોડ તૂટી ગયા હોવાથી વડોદરાથી ભરૂચ પહોંચતાં ત્રણ કલાકથી વધુ સમય થઈ રહ્યો હોવાથી તાત્કાલિક ધોરણે વાસદ ટોલનાકા અને કરજણ ટોલનાકા પરથી ટોલ ઉઘરાવવાનું બંધ અથવા ૮૦ ટકા ટોલ ફીમાંથી મુક્તિ આપવી જોઇએ.

# ભાજપ આદિવાસી સમાજના બબ્બર શેર ચૈતર વસાવાને ડરાવવા માગે છેઃ ડેડિયાપાડામાં કેજરીવાલનું સંબોધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે ડેડીયાપાડામાં યોજાયેલી જંગી સભાને સંબોધિત કરી હતી. ભારે વરસાદ વચ્ચે પણ લોકોની અડગ હાજરી જોઈને કેજરીવાલે આદિવાસી સમાજના આ પ્રચંડ સમર્થનનો આભાર માન્યો અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

અરવિંદ કેજરીવાલે સંબોધન દરમિયાન કહ્યું, જ્યાં મારી નજર જાય છે ત્યાં લોકો જ લોકો દેખાય છે. તેમણે ઉમેર્યું કે, ભારે વરસાદ પડે તો પણ લોકો ખુરશી ઊંચી કરીને ઊભા છે, જે દર્શાવે છે કે આદિવાસી સમાજ ચૈતર વસાવાના સમર્થનમાં મક્કમ છે. અરવિંદ કેજરીવાલે જેલમાં રહેલા ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં નારા લગાવ્યા હતા. તેમણે જોરદાર અવાજે કહ્યું કે, જેલના તાળાં તૂટશે, ચૈતર વસાવા છૂટશે. કેજરીવાલે જણાવ્યું કે, ભાજપ સરકાર દ્વારા ચૈતર વસાવાને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યા છે, કારણ કે તેઓ આદિવાસીઓના હક માટે લડી રહ્યા હતા. તેમણે કહ્યું કે, ચૈતર વસાવા તમારા માટે લડી રહ્યા હતા. તેઓ તમારા જમીન, જંગલ, અધિકારો માટે લડી રહ્યા હતા.

આ ઉપરાંત અરવિંદ કેજરીવાલે કહ્યું, ભાજપના નેતાઓ સામાન્ય જીવનથી સત્તામાં આવ્યા બાદ ભ્રષ્ટાચાર આચરીને સંપત્તિ બનાવે છે અને આદિવાસીઓના હક છીનવે છે. કેજરીવાલે ચૈતર વસાવાને જેલમાં મોકલવા પાછળનું મુખ્ય કારણ જણાવતા કહ્યું, આ ભાજપવાળા એટલા ગંદા છે કે ₹૨,૫૦૦ કરોડનું મનરેગા કૌભાંડ બહાર લાવ્યું, તો એમણે ચૈતરભાઇને જેલમાં ધકેલી દીધા. ભાજપ તેને ડરાવવા માગે છે, પરંતુ તેમને ખબર કે આ બબ્બર શેર છે. ભગવંત માને જેલમાં રહેલા ધારાસભ્ય ચૈતર વસાવાને સંદેશ આપતા કહ્યું કે, ચૈતર વસાવા એવું ના વિચારતા કે તમે એકલા છો. અમે બધા તમારી સાથે છીએ. તેમણે આશ્વાસન આપ્યું કે, સમગ્ર આમ આદમી પાર્ટી અને જનતા તેમની સાથે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આ પબ્લિક છે, બધું જાણે છે અને આગામી સમયમાં આદિવાસી સમાજ ભાજપ સરકારને જવાબ આપશે. ભગવંત માને આદિવાસી સમાજના અધિકારોના મુદ્દે સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, આ લોકો જળ, જમીન, જંગલ પણ વેચી રહ્યા છે. તેમણે આરોપ મૂક્યો કે, સરકાર આદિવાસીઓના કુદરતી સંસાધનો પર કોર્પોરેટ ગૃહોના કબજા માટે પ્રયાસ કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, દૂધ અને પશુપાલકોના પૈસા પણ ખાઈ ગયા છે, જે સરકારના અહંકારને દર્શાવે છે.

# અમદાવાદ-રાજકોટ હાઈવેની ૮૦ ટકા કામગીરી પૂરી, ૫૫,૬૧૪ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ પ્રગતિમાંઃ કેન્દ્ર સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અનેક નેશનલ હાઇવેને સિક્સ લેન કરવાના તેમ જ અન્ય વિકાસકાર્ય હાલ પ્રગતિમાં છે. જેમાં છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદ-રાજકોટ હાઇવેની કામગીરી ચાલી રહી છે અને લોકો માટે આ કામગીરી એક માથાનો દુખાવો બની ગઈ છે, ત્યારે લોકસભામાં રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલાએ હાલ ગુજરાતમાં નેશનલ હાઇવેના વિકાસકાર્યો અને ખાસ કરીને રાજકોટ-અમદાવાદ નેશનલ હાઇવેની કામગીરીની સ્થિતિ અંગે પ્રશ્ન કર્યો હતો. જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે અમદાવાદ-રાજકોટ હાઈવેનો મોટો હિસ્સો પૂર્ણતાને આરે છે તેમ જ વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં ₹૫૫,૬૧૪ કરોડના ૬૯ નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવશે. જેના જવાબમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં, ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોના સુધારણા અને વિકાસ માટે સરકારે ₹૫૫,૬૧૪ કરોડના ખર્ચે ૬૯ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે, જે અમલીકરણના વિવિધ તબક્કામાં છે અને નાણાકીય વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં તબક્કાવાર પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. રાજકોટ બાયપાસ એનએચ-૨૭, ના જેતપુર-ગોંડલ-રાજકોટ વિભાગને છ-માર્ગીય બનાવવાની ચાલુ પરિયોજનાનો ભાગ છે, જેની સુધારેલી પૂર્ણતા તારીખ ૨૬ ઑક્ટોબર ૨૦૨૫ છે. જો કે હાલમાં, હિંમતનગર બાયપાસના નિર્માણનો કોઈ પ્રસ્તાવ સરકારની વિચારણા હેઠળ નથી. ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વિકાસ અને જાળવણી માટે વર્તમાન વર્ષ સહિત ફાળવવામાં આવેલ બજેટ અને થયેલા ખર્ચની વિગતો આપતા તેમણે જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹૧૦,૯૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી, જ્યારે તેટલો જ ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં ₹૮,૨૬૨ કરોડની ફાળવણી કરવામાં આવી હતી, જે પૈકી ₹૮,૦૯૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો તેમ જ વર્ષ ૨૦૨૫-૨૬માં ₹૨,૩૪૬ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી, જ્યારે ₹૨,૧૬૩ કરોડ ખર્ચવામાં આવ્યા હતાં.

અમદાવાદ-રાજકોટ છ-માર્ગીય ધોરીમાર્ગ પ્રોજેક્ટની સ્થિતિ વિશે માહિતી આપી હતી કે અમદાવાદથી બગોદરા સુધીના ૪૦ કિમી માટે ૪૬૭.૧૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતાં, જ્યારે ૪૩ કિમીનું અંતર ધરાવતા બગોદરાથી લિંબડી ભાગ માટે ૩૯૬ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. હાલ આ બન્ને ભાગના મુખ્ય કેરેજવેનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે સર્વિસ રોડનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે.

લિંબડીથી સાયલાનો ૩૮.૯૫ કિમીના અંતરના આ ભાગ માટે ૪૬૭.૧૦ કરોડ ફાળવવામાં આવ્યા હતાં. હાલ તેના મુખ્ય કેરેજવેનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે સર્વિસ રોડ અને જંકશન સુધારણાનું વિવિધ કાર્ય પ્રગતિમાં છે. સાયલાથી બામણબોર વચ્ચેનો ૩૮.૯૫૦ કરોડના ખર્ચથી ૩૭ કિમીના ભાગનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેમાં બાકીના બે નાના પુલનું કાર્ય હાલ નિર્માણાધીન છે. તે સિવાય રાજકોટથી બામણબોર વચ્ચેના ૨૮.૩૭૫ કિમીના ભાગનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. બાકીના હેડારિયો મોટો પુલ, કુવાડવા ફ્લાયઓવર અને ટોલ પ્લાઝાનું કાર્ય નિર્માણાધીન છે.

# ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં સસ્પેન્ડ કરવામાં આવેલા અધિકારીઓની સંપત્તિની એસીબી તપાસ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યના મુખ્ય પ્રધાને નિષ્ણાતોની એક ટીમને આ દુર્ઘટનાગ્રસ્ત થયેલા મુજપુર-ગંભીરા પુલની અત્યાર સુધીના સમગ્ર સમયગાળા દરમિયાન થયેલી મરામત, ઇન્સ્પેક્શન, ગુણવત્તા ચકાસણી જેવી બાબતોનો અહેવાલ તૈયાર કરવાની જવાબદારી સોંપી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટના માટે જવાબદાર મનાતા પાંચ ભ્રષ્ટ અધિકારીની મિલકતોની તપાસ કરવામાં આવશે. આ અધિકારીઓની મિલકતની તપાસ કરવા વડોદરા લાંચ રૂશ્વત વિરોધી શાખાને ગાંધીનગર એસીબીએ તપાસનો હુકમ કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અધિકારીઓની આવક કરતાં વધુ સંપત્તિ જણાઇ આવશે તો ફરિયાદ દાખલ કરવામાં આવશે. પાંચ અધિકારીઓ સામે તપાસ કરવામાં આવશે. અધિકારીઓની આવક, રોકાણ, વસાવેલી મિલકતો વગેરેની તપાસ કરી અહેવાલ સરકારમાં રજૂ કરવામાં આવશે. જો અધિકારીઓની આવક કરતાં વધુ સંપત્તિ જણાઇ આવશે તો ફરિયાદ દાખલ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, દુર્ઘટનાના કારણોના પ્રાથમિક તપાસ અવલોકનોના આધારે આ દુર્ઘટનામાં જવાબદાર જણાયેલાં અધિકારીઓ એન. એમ. નાયકાવાલા, કાર્યપાલક ઇજનેર, યુ.સી. પટેલ, નાયબ કાર્યપાલક ઇજનેર અને આર.ટી. પટેલ, નાયબ કાર્યપાલક ઇજનેર તથા જે.વી. શાહ, મદદનીશ ઇજનેરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# અમદાવાદ, સુરત સહિત રાજ્યનાં આઠ શહેરો માટે લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન ટૂંક સમયમાં પૂર્ણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ૮ શહેરો માટે સિટી લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન અને સમગ્ર રાજ્ય માટે લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યા છે, જે પૂર્ણ થવાના તબક્કામાં છે. આ માસ્ટર પ્લાન પરિપૂર્ણ થતાં ઉદ્યોગો માટે માલસામાનના પરિવહનની જરૂરિયાતને ઓળખીને તેમાં સુધારો કરવાની સાથેસાથે શેલ્ફ ઓફ પ્રોજેક્ટને તૈયાર કરવામાં મદદરૂપ પણ થશે, તેમ ઉદ્યોગ પ્રધાન બલવંતસિંહ રાજપૂતે ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (જીઆઈડીબી)ની સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે ઉદ્યોગ પ્રધાન બલવંતસિંહ રાજપૂતે ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડની લોજિસ્ટિક્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ સહિતની વિવિધ પ્રવૃત્તિઓની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારની એજન્સીઓ દ્વારા અમલમાં મુકવામાં આવતા મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સ કે જેમનું મૂલ્ય રૂ. ૫૦૦ કરોડથી વધુ હોય, તેમને લગતા મુદ્દાઓ અંગે કેન્દ્ર સરકાર દ્વારા પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રૂપ મિકેનિઝમ હેઠળ સમીક્ષા કરવામાં આવતી હોય છે. જે અંતર્ગત રાજ્ય સરકારની નોડલ ઓફિસ તરીકે જીઆઈડીબી આ તમામ મુદ્દાઓનો ઝડપથી ઉકેલ લાવવા માટે સક્રિય ભૂમિકા ભજવે છે. આ બેઠકમાં પ્રધાન રાજપૂતે જીઆઈડીબીના ઉચ્ચ અધિકારીઓને અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ એમ કુલ ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સિટી લોજિસ્ટિક્સ માસ્ટર પ્લાન ઝડપથી પૂર્ણ કરવા અને યુનિફાઈડ લોજિસ્ટિક્સ ઈન્ટરફેસ પ્લેટફોર્મ ડેટાબેઝ બનાવવા પર ભાર મૂક્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્રઈ મોદીના વિકસિત ભારત૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં ગુજરાત પણ કદમથી કદમ મિલાવીને સહભાગી થઈ રહ્યું છે. જે અંતર્ગત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના કુશળ નેતૃત્વમાં 'વિકસિત ગુજરાત'ના વિઝનને પરિપૂર્ણ કરવા રાજ્ય સરકાર હસ્તક જીઆઈડીબી ઉદ્યોગો માટે લોજિસ્ટિક્સ કોસ્ટ ઘટાડવા, માળખાગત સુવિધાઓના વિકાસ તેમ જ મહત્ત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ અસરકારક રીતે કરી રહી છે, તેમ પ્રધાને ઉમેર્યું હતું.

# સુરત ઍરપોર્ટને નડતરરૂપ ચાર બિલ્ડિંગનું બાંધકામ સ્વૈચ્છિક દૂર કરવા અલ્ટિમેટમ આપવામાં આવ્યું

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકા તંત્ર દ્વારા સુરત એરપોર્ટને નડતરરૂપ ચાર બિલ્ડિંગમાં કરાયેલા નડતરરૂપ બાંધકમનું સ્થાનિક રહીશોને સાથે રાખી ડિમાર્કેશન કર્યું હતું. ઉપરાંત તમામ બિલ્ડિંગના પ્રતિનિધિઓ સાથે સમજૂતી કરી હતી. ચારેય બિલ્ડરોને મજુરા મામલતદારે નોટિસ પાઠવી ૩૧મી જુલાઇ સુધીમાં તમામ વધારાનું દબાણ સ્વૈચ્છિક રીતે દૂર કરવા અલ્ટિમેટમ આપ્યું હતું. આ મુદત દરમિયાન સ્વૈચ્છિક રીતે દૂર નહીં થાય તો તંત્ર જાતે જ હથોડા ઝીકશે અને તેનો ખર્ચ પણ વસૂલ કરશે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા મગદલ્લા ચોકડી પર આવેલા એલ એન્ડ ટી કોમ્પલેક્ષ, વેસુ સ્થિત વીઆઇપી રોડ પર આવેલા શ્રી સર્જન પેલેસ, રવિરત્ન એપાર્ટમેન્ટ, અને ફલોરેન્સ એપાર્ટમેન્ટ નડતરરૂપ હોવાનું જણાવ્યું હતું. આ તમામ બિલ્ડિંગમાં રહેતા ફ્લેટધારકોએ દરેક બ્લોકમાં એ નું જ માર્કિંગ કર્યું હોઈ બાબતે એરપોર્ટ ઓથોરિટી દ્વારા સંયુક્ત વિઝીટ કરી નડતરરૂપ બિલ્ડીંગોના પ્રતિનિધિ અને બિલ્ડરોને સાથે રાખી ડિમાર્કેશનની વિગતો ચકાસણી કરવા જણાવ્યું હતું. સંયુક્ત વિઝીટ કરવા તથા સંપૂર્ણ ડી-માર્કેશનની વિગતો ચકાસી અમલવારી કરવા એરપોર્ટ ઓથોરિટી, મજુરા મામલતદારની ટીમ, પાલિકાના અધિકારીઓએ બિલ્ડીંગના બિલ્ડરો, પ્રમુખો તેમજ હોદ્દેદારોને સાથે રાખી સર્વે કરવામાં આવ્યો હતો.

જે બાદ આ તમામ બિલ્ડિંગના બિલ્ડરોને નોટિસ પાઠવી ૩૧મી જુલાઇ સુધીમાં તમામ વધારાનું બાંધકામ સ્વૈચ્છિક રીતે દૂર કરવા અલ્ટિમેટમ આપ્યું હતું.

# ગુજરાતમાં ૭૫ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોનો વધારાનો અનાજનો જથ્થો રાહતદરે વિતરણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના અંત્યોદય અને બી.પી.એલ પરિવારો જન્માષ્ટમીના તહેવારો વધુ સારી રીતે ઉજવી શકે એવા ઉમદા હેતુથી આ પરિવારોને રાહતદરે વધારાની ખાંડ અને ખાદ્ય તેલ વિતરણ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો.

આ માટે આગામી ઓગસ્ટ માસના પ્રારંભથી જ રાજ્યમાં ૭૫ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોના ૩.૧૮ કરોડથી વધુ સભ્યોને સસ્તા દરે અનાજ વિતરણ શરૂ કરાશે. આ અંગેની વિગતો આપતા અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન કુંવરજી બાવળીયાએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ સમાવિષ્ટ કુટુંબો તથા નોન એનએફએસએ બીપીએલ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલ-ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે કાર્ડદીઠ ૧ લિટર પાઉચ રૂ.૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે અપાશે. આ ઉપરાંત બી.પી.એલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડ, એટલે કે બી.પી.એલ કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૧૫ના રાહત દરે વિતરણ કરવામાં આવશે. કુંવરજી બાવળીયા કહ્યું કે, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્ય સરકારની યોજનાઓ અંતર્ગત એનએફએસએ હેઠળ સમાવિષ્ટ ૭૫ લાખથી વધુ રેશનકાર્ડધારકોના કુટુંબના ૩.૧૮ કરોડ સભ્યોને દર માસે ખાંડ, મીઠું, ચણા, તુવેરદાળ તેમ જ વર્ષમાં આવતા બે તહેવારો જન્માષ્ટમી અને દિવાળીને વધુ સારી રીતે ઉજવી શકે તેવા હેતુથી કુટુંબદીઠ ૧ લિટર ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ તેમજ તહેવાર નિમિત્તે વધારાની ૧ કિલોગ્રામ ખાંડનું રાહતદરે વિતરણ કરવામાં આવશે.

અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય પ્રધાન ભીખુસિંહજી પરમારે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, આગામી ઓગસ્ટ-૨૦૨૫ના જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે, એનએફએસએ હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે ચણા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૩૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા તુવેરદાળ કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવશે.

આ સિવાય એનએફએસએ હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબો તથા નોન એનએફએસએ બીપીએલ કુટુંબોને મીઠું કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૧ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે આપવામાં આવશે.

# ગુજરાતમાં બે વર્ષમાં ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની વીજચોરી, ૧.૫ લાખ સામે ગુના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વીજચોરી અટકાવવા માટે સઘન પ્રયાસો થઈ રહ્યા છે, જેના પરિણામો ચોંકાવનારા છે.

રાજ્યમાં વીજચોરી કરતા ગ્રાહકો સામે કાર્યવાહી કરવા માટે જીયુવીએનએલ ના ૧૬ પોલીસ સ્ટેશનો કાર્યરત છે. છેલ્લા બે વર્ષમાં આ પોલીસ સ્ટેશનોમાં ૧,૦૨૯ કરોડની વીજચોરીના કેસ નોંધાયા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની ચાર પેટા કંપનીઓ - ડીજીવીસીએલ, એમજીવીસીએલ, યુજીવીસીએલ અને પીજીવીસીએલ દ્વારા કુલ ૩૮.૫૯ લાખ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા. તેમાંથી ૨.૮૨ લાખ ગ્રાહકો વીજચોરી કરતા પકડાયા હતા. આ ગ્રાહકોને દંડ સાથે વીજ ચોરીની રકમ ભરવા જણાવવામાં આવ્યું હતું, પરંતુ તેમાંથી ૧.૫૨ લાખ ગ્રાહકોએ રૂ. ૧,૦૨૯ કરોડની રકમ ન ભરતા તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

વીજચોરીના સૌથી વધુ બનાવો પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના વિસ્તારમાં નોંધાયા હતા, જેમાં સૌરાષ્ટ્રનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૩-૨૪માં પીજીવીસીએલમાં ૮૨,૧૨૬ વીજચોરીના કિસ્સાઓ પકડાયા હતા, જ્યારે ૨૦૨૪-૨૫માં આ આંકડો ૬૩,૧૯૮ હતો. બે વર્ષમાં પીજીવીસીએલ વિસ્તારમાં કુલ ૫૪,૯૦૦થી વધુ ગુના દાખલ થયા હતા, જે અન્ય તમામ કંપનીઓ કરતા ઘણા વધારે છે.

ઉલ્લેખનીય છે કે, વીજચોરી કરતા ગ્રાહકો એટલા બેફામ બન્યા છે કે તેઓ વીજ ચેકિંગ માટે આવતી ટીમો પર હુમલો કરતા પણ ખચકાતા નથી. છેલ્લા બે વર્ષમાં વીજ કર્મચારીઓ અને પોલીસ કાફલા પર પથ્થરમારો અને હુમલા કરવામાં આવ્યા હોવાના ૬૧ બનાવ બન્યા હતા. આ બનાવોમાં પણ સૌથી વધુ બનાવો પીજીવીસીએલના વિસ્તારમાં બન્યા હતા.

# ૧.૮૩ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત સુઈગામ બસમથકનું સીએમના હસ્તે લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પાકિસ્તાન સરહદને અડીને આવેલી નડાબેટ બોર્ડર સિક્યુરિટી ફોર્સ બોર્ડર આઉટ પોસ્ટની મુલાકાત લઈને સરહદના સંત્રીઓના સાહસ-શૌર્યને બિરદાવ્યું હતું. આ દરમિયાન તેમણે બનાસકાંઠા જિલ્લાને વિવિધ વિકાસકામોની ભેટ આપી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાની મુલાકાત દરમિયાન સુઈગામ ખાતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ₹૧.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત બસ મથકનું લોકાર્પણ કર્યું હતું. આ અવસરે એસ.ટી. નિગમ દ્વારા આગામી દિવસોમાં નાગરિકોની સેવા માટે મૂકવામાં આવનારી ૧૯૬૩ નવીન બસોના પ્રથમ ચરણમાં ૧૧ નવીન બસોને ફ્લેગ-ઓફ દ્વારા પ્રસ્થાન પણ કરાવ્યું હતું.

મુખ્ય પ્રધાને નડાબેટ બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનો અને અધિકારીઓને મળીને તેમની સાથે સંવાદ ગોષ્ઠી કર્યા હતા. ઓપરેશન સિંદૂરની જ્વલંત સફળતામાં બીએસએફ અને સેનાના જવાનોના શૌર્યસભર યોગદાન માટે તેમણે જવાનોને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્ય પ્રધાને આ મુલાકાત દરમિયાન સુપ્રસિદ્ધ નડેશ્વરી માતાના મંદિરે દર્શન કર્યા હતા તેમજ ગુજરાતની સર્વાંગીણ ઉન્નતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. મુખ્ય પ્રધાને બીએસએફ જવાનોએ ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું હતું.

# સરદાર સરોવર ડેમ ૫૯ ટકા ભરાઈ ગયોઃ સિઝનનો સરેરાશ પંચાવન ટકા વરસાદ

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. રાજ્યમાં ચોમાસાની શરૂઆતથી જ સારા વરસાદના કારણે સરદાર સરોવર ડેમ ૫૯.૦૩ ટકા ભરાયો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયો તેમની કુલ સંગ્રહ ક્ષમતાના ૬૦.૮૮ ટકા ભરાયેલા છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ ૫૫.૦૨ ટકા વરસાદ વરસી ચુક્યો છે. કચ્છમાં ૬૩.૯૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૪.૦૩ ટકા, પૂર્વ મધ્યમાં ૫૧.૫૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૩.૭૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫૮.૬૪ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યમાં હાલ ૨૮ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૨૮ હાઈ એલર્ટ પર છે. ૬૨ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૪૦ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૩૯ ડેમ ૨૫ થી ૫૦ ટકા, ૩૭ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. હાલ ૧૯ ડેમ એલર્ટ અને ૨૩ ડેમ વોર્નિંગ પર છે.

# ગુજરાતમાં ૬૯ તાલુકામાં હળવો વરસાદ

અમદાવાદઃ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં પડેલા વરસાદના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જે મુજબ રાજ્યમાં ૬૯ તાલુકામાં હળવો વરસાદ વરસ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. વ્યારામાં સર્વાધિક ૧.૧ ઇંચ વરસાદ પડ્યો હતો. આ સિવાય એક પણ તાલુકામાં એક ઇંચ વરસાદ નોંધાયો નહોતો. નવસારીમાં ૦.૮૭ ઇંચ, ધરમપુરમાં ૦.૭૧ ઇંચ, જલાલપોરમાં ૦.૬૭ ઇંચ, વાંસદામાં ૦.૫૫ ઇંચ, કેશોદમાં ૦.૪૭ ઇંચ, સોનગઢમાં ૦.૪૩ ઇંચ, ચીખલીમાં ૦.૩૯ ઇંચ, કપરાડામાં ૦.૩૫ ઇંચ, ધોળકામાં ૦.૩૧ ઇંચ, જૂનાગઢમાં ૦.૩૧ઇંચ, માળીયા હાટીનામાં ૦.૨૮ ઇંચ વરસાદ વરસ્યો હતો.

પાંચમા પાનાનું ચાલુ

## મલાડમાં

રસ્તો ઓળંગતાં હતાં ત્યારે ટર્ન લેતા ટેમ્પોએ તેમને અડફેટે લીધાં હતાં. ગંભીર ઇજા પામેલા વંદનાબહેનને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયાં હતાં, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યાં હતાં. આ પ્રકરણે પોલીસ ટેમ્પો ડ્રાઈવરની પૂછપરછ કરી રહી છે.

## દેવેન્દ્ર ફડણવીસે

દરમિયાન, સેનાના વિધાનસભ્યોને ઘણું ભંડોળ મળ્યું. આ આંકડો સરેરાશ એકથી દોઢ હજાર કરોડની રેન્જમાં હતો. લોકસભા અને વિધાનસભામાં શિવસેનાની સફળતા પાછળ આ જ તાકાત હોવાનું માનવામાં આવે છે, પરંતુ હવે રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે તે જ તાકાતને નબળી પાડવાના પ્રયાસો શરૂ થઈ ગયા છે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં આના પરિણામો જોવા મળી શકે છે.

શિંદે કહે છે કે ઉદ્ધવ ઠાકરેની સરકાર દરમિયાન આદિત્ય ઠાકરે બધા નિર્ણયો લેતા હતા. તેમના પક્ષના પ્રધાનોને એવું લાગે છે કે હવે ફરીથી એ જ સમય આવી ગયો છે. નગર વિકાસ વિભાગના કામ માટે શિંદેએ મુખ્ય પ્રધાન ફડણવીસની મંજૂરીની જરૂર પડશે. તેથી, શિંદેના નજીકના સૂત્રો કહે છે કે, ઠાકરે સરકારમાં જે બન્યું તેનું ફરી પુનરાવર્તન થઈ રહ્યું છે.

શું શિંદે ફક્ત સહી કરવા માટે જ રહેશે અને કયા કાગળ પર સહી કરવી તે મુખ્ય પ્રધાન કાર્યાલય દ્વારા નક્કી કરવામાં આવશે. હવે આ જ મુદ્દે શિંદે સેનામાં અસ્વસ્થતા જોવા મળી રહી છે. બધા પક્ષોના નેતાઓ કહે છે કે શિંદેને છૂટો હાથ છે. ભાજપ, એનસીપી અને કોંગ્રેસના નેતાઓ પણ આમાં અપવાદ નથી. જોકે, આ છૂટછાટને કારણે, હવે ફક્ત સાથી પક્ષો જ મુશ્કેલીમાં મુકાયા છે. તેથી જ ભાજપ અને એનસીપીના વિધાનસભ્યોએ નગર વિકાસ વિભાગ દ્વારા ચાલી રહેલા ખર્ચ અંગે મુખ્ય પ્રધાન ફડણવીસને ફરિયાદ કરી હતી. હાલમાં ઘણી નગરપાલિકાઓમાં વહીવટકર્તાઓ છે. એટલા માટે નગર વિકાસ વિભાગ આના પર સીધું નિયંત્રણ ધરાવે છે. ભાજપ અને એનસીપીના વિધાનસભ્યો દ્વારા ફડણવીસને ફરિયાદ કરવામાં આવી છે કે રાજકીય સત્તાનો ઉપયોગ કરવા માટે આનો વ્યવસ્થિત રીતે ઉપયોગ થઈ રહ્યો છે.

## સંસ્થા સમાચાર

### અસલાજી અગિયારીની શુભ સાલગ્રેહ

અસલાજી અગિયારીની શુભ ૧૭૬મી સાલગ્રેહ રોજ બેહરામ માહ અસ્પનદાદ, તારીખઃ ૩૦ જુલાઈ ૨૦૨૫ને દિને પડે છે. સવારે ૭.૦૦ કલાકે માચી અર્પણ કરવામાં આવશે તથા જશનની પવિત્ર ક્રિયા સવારે ૯.૦૦ વાગે તથા સાંજના ૫.૦૦ વાગે કરવામાં આવશે. સર્વે હમદીનોને પધારવા વિનંતી કરવામાં આવે છે, એમ ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું.

# બીકેસી અને વાકોલાના ટ્રાફિકમાં મળશે રાહત

# સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ કેબલ-સ્ટેડ બ્રિજનું કામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના ટ્રાફિકમાં ઘટાડો થવાની સાથે જ બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી) અને વાકોલા પરિસરમાં રહેલા ટ્રાફિકમાં ઘટાડો કરવામાં મહત્ત્વનો સાબિત થનારા સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ કેબલ સ્ટેડ બ્રિજનું બાંધકામ ૧૦૦ ટકા પૂરું થઈ ગયું છે. નાનાં-મોટાં કામ ચાલી રહ્યા હોઈ બહુ જલદી આ બ્રિજને વાહનવ્યહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે.

સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ એક્સટેન્શન પ્રોજેક્ટમાં મહત્ત્વના ગણાતા કેબલ સ્ટેડ બ્રિજનું સિવિલ કામ જૂન મહિનામાં જ પૂરું થઈ ગયું હતું. હાલ બ્રિજના થાંભલાઓ કલર કરવાનું અને તેના સુશોભીકરણનું કામ ચાલી રહ્યું છે, જે બહુ જલદી પૂરા કરવામાં આવ્યા બાદ બ્રિજને ખુલ્લો મૂકવાનું આયોજન હોવાનું મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ (એમએમઆરડીએ) જણાવ્યું હતું. અંતિમ પ્રક્રિયામાં પુલની લાંબા ગાળાની સુરક્ષિતા અને તેના ટકાઉપણા અને સૌંદર્યત્મક ગુણવત્તા માટે અત્યંત મહત્વનું માનવામાં આવે છે.

આ બ્રિજ કુર્લાથી એરપોર્ટ સુધીને સીધી કનેક્ટિવિટી પૂરી પાડવાની સાથે જ વાકોલા, બીકેસી અને લાલબહાદુર શાસ્ત્રી રોડ(એલબીએસ) રોડ પરના ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં મદદરૂપ થશે.

દક્ષિણ એશિયાના પહેલો એવો કેબલ સ્ટેડ બ્રિજ છે, જેમાં ૧૦૦ મીટરનો તીવ્ર વળાંક (હોરિઝોન્ટલ કર્વ) આવે છે. બ્રિજમાં ૨૧૫ મીટર લાંબો ઓર્થોટ્રોપિક સ્ટીલ ડેક છે, જે જમીનથી પચીસ મીટર ઉપર છે અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે ઉપરથી પસાર થાય છે. મુંબઈ મેટ્રો-૩ લાઈન અને અંડરગ્રાઉન્ડ યુટિલિટીઝને અસર નહીં કરતા વાય આકારનો સેન્ટ્રલ પાયલોન ડિઝાઈન કરવામાં આવ્યો છે.

### હની ટ્રેપ વિવાદઃ

# ભાજપના પ્રધાન ગિરીશ મહાજને આરોપી પ્રફુલ લોઢા સાથે એકનાથ ખડસેના ફોટા શેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઉત્તર મહારાષ્ટ્રના ભાજપના કેબિનેટ પ્રધાન ગિરીશ મહાજને ગુરુવારે હની ટ્રેપ કેસના આરોપી પ્રફુલ લોઢા સાથે વિવિધ નેતાઓના ફોટાઓ જાહેર કરીને સનસનાટી ફેલાવી દીધી છે.

મહાજને સૌપ્રથમ લોઢા સાથે એનસીપીના એકનાથ ખડસેના ફોટા જાહેર કર્યા હતા. મહાજન અને ખડસે બંને ઉત્તર મહારાષ્ટ્રના છે અને કટ્ટર રાજકીય હરીફ છે. ગયા અઠવાડિયે ખડસેએ એવો આક્ષેપ કર્યો હતો કે લોઢા મહાજન સાથે નિકટતા ધરાવે છે, જેની હની ટ્રેપ કેસમાં પછી ધરપકડ કરવામાં આવી હતી. ખડસેએ એસઆઈટી તપાસની માગણી કરી હતી. મહાજને વળતો પ્રહાર કર્યો હતો કે લોઢાએ ખડસે પર પોતાના પુત્રની હત્યાનો આરોપ લગાવ્યો હતો.

સોશિયલ મીડિયા પર તસવીરો જાહેર કરતા મહાજને કહ્યું હતું કે, નએકનાથ ખડસે, તમે કોની સાથે ઉત્સાહી વાતો કરી રહ્યા છો? આ સંબંધને શું કહેવાય? તમારું કાવતરું લોકો સમક્ષ ખુલ્લું પડી રહ્યું છે. આ એ જ પ્રફુલ લોઢા છે જેને તમે દારૂડિયા કહ્યા હતા? આ એ જ લોઢા છે જેણે તમારા પર પુત્રની હત્યાનો આરોપ લગાવ્યો છે.થ

બીજી પોસ્ટમાં તેમણે એનસીપી (એસપી)ના વરિષ્ઠ નેતા શરદ પવાર, શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે, બારામતીના સાંસદ સુપ્રિયા સુળે, એનસીપી (એસપી)ના ભૂતપૂર્વ પ્રદેશાધ્યક્ષ જયંત પાટીલના લોઢા સાથેના ફોટા પોસ્ટ કર્યા. નહની ટ્રેપ એપિસોડ પછી, ફક્ત કેટલાક ફોટાના આધારે કોઈ સંબંધ ન હોવા છતાં, કેટલાક લોકોએ મને પ્રફુલ લોઢા સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. તેમના પોતાના પક્ષના નેતાઓ શરદ પવાર, સુપ્રિયા સુળે, ઉદ્ધવ ઠાકરે, જયંત પાટીલની પ્રફુલ લોઢા સાથે ઘણી તસવીરો છે. પ્રફુલ લોઢા સાથે તેમનો શું સંબંધ છે?થ એવો સવાલ મહાજને પૂછ્યો હતો.

## ગોરેગામમાં

ગળતરને અટકાવવા માટે વધારાના ૨૦ કિલો એમોનિયા ગેસને અલગ ટાંકીમાં ટ્રાન્સફર ક્રવામાં આવ્યો હતો. ફાયરબ્રિગેડના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ગેસ ગળતરનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં ખામીયુક્ત વાલ્વને કારણે ગેસનું ગળતર થયું હોવાનું જણાયું હતું. પૂરા પ્રકરણની તપાસ કરવામાં આવશે અને ડેરીને એમોનિયા ગેસ વાપરવા માટે આપવામાં આવેલા લાઈસન્સની સમીક્ષા કરવામાં આવશે.

## મુંબઈ થાણેમાં

લો પ્રેશર થવાને કારણે કોંકણ રિજનમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. મુખ્યત્વે ૨૪ જુલાઈ, ગુરુવાર બાદ ૨૫ જુલાઈ, શુક્રવાર માટે પણ મુંબઈ, થાણે માટે ઓરેન્જ અલર્ટ રહેશે અને દક્ષિણ કોંકણના વિસ્તાર ખાસ કરીને રાયગઢ અને રત્નાગિરી માટે રેડ અલર્ટ રહેશે. બુધવાર સવારથી ગુરુવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં કોલાબામાં ૨૯.૦ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૪૮.૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ જ સમયગાળામાં દક્ષિણ મુંબીમાં ૩૨.૮૭ મિમી., પૂર્વ ઉપનગરમાં ૪૭.૮૨ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૪૦.૮૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો ગુરુવાર સુધીમાં મુંબઈનો સરેરાશ વરસાદ ૪૦.૮૮ ટકા સુધી પહોંચી ગયો હતો.

## કોકાટે પર

મને એ પણ ખબર છે. તેમને જ્યારે માણિકરાવ કોકાટેના વિવાદાસ્પદ નિવેદન અંગે પુછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, 'હું અને તેઓ આ બાબતે મળ્યા નથી. હવે, મોટા ભાગે, તેઓ અને હું સોમવારે મળીશું. દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં સરકાર આવ્યા પછી, અમે બધા પ્રધાનોને કહ્યું હતું કે, દરેક વ્યક્તિએ બોલતી વખતે થોડી સાવધાની રાખવી જોઈએ, દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને મેં પણ મારા લોકોને આવી કડક સૂચનાઓ આપી હતી,' એમ અજિત પવારે કહ્યું હતું. 'જો માણિકરાવ દોષી ઠરે છે, તો હું અને મુખ્ય પ્રધાન તેના પર નિર્ણય લઈશું. જ્યારે મહાયુતિ સરકારમાં સાથે મળીને કામ કરતાં હોઈએ, ત્યારે કોઈએ એવું નિવેદન ન આપવું જોઈએ જેનાથી મહાયુતિનું પતન થાય,' એમ અજિત પવારે ચેતવણીના સૂરમાં જણાવ્યું હતું.

## જૂનો કોપરી બ્રિજ

૩૦ જુલાઈ દરમિયાન બપોરે બે વાગ્યાથી સવારે ૧૧ વાગ્યા સુધી અમલમાં મૂકાશે. જૂનો કોપરી બ્રિજ ૨૮ જુલાઈ થી ચોથી ઓગસ્ટ દરમિયાન રાત્રે ૮ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી ટ્રાફિક માટે બંધ રહેશે.

થાણે પશ્ચિમ નજીક ભાસ્કર કટથી થાણે રેલવે સ્ટેશન પૂર્વ તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે ભાસ્કર કટથી નો એન્ટ્રી રહેશે. તેઓ કોપરી સર્કલ, ફોરેસ્ટ નાકા, આનંદ નગર સિગ્નલ, મુંબઈ નાસિક હાઇવે થઈને તેમના ઇચ્છિત સ્થળ પર જશે. કોપરી સર્કલથી ભાસ્કર કટ થઈને થાણે રેલ્વે સ્ટેશન પૂર્વ તરફ આવતા તમામ પ્રકારના વાહનોને ભાસ્કર કટથી પ્રવેશ મળશે નહી. આ વાહનો ગુરુદ્વારા, આનંદ નગર સિગ્નલ, ફોરેસ્ટ નાકા, કોપરી સર્કલ થઈને તેમના ઇચ્છિત સ્થળ પર જશે. મુંબઈથી હરિઓમનગર કટ થઈને કોપરી તરફ આવતા વાહનોને હરિઓમનગર કટની આગળ એન્ટ્રી મળશે નહી. આ વાહનો આનંદ નગરથી સીધા હાઇવે થઈને આગળ વધશે, ટીન હાટ નાકાથી યુ-ટર્ન લેશે અને આનંદ નગર સિગ્નલ, ફોરેસ્ટ નાકા, કોપરી સર્કલ થઈને તેમના ઇચ્છિત સ્થળ પર જશે. આ સૂચના પોલીસ વાહનો, ફાયર એન્જિન, એમ્બ્યુલન્સ, ગ્રીન કોરિડોર, એર એમ્બ્યુલન્સ અને અન્ય આવશ્યક સેવા વાહનોને લાગુ પડશે નહીં.

## ફડણવીસ અપનાવશે

શિવસેનાના છે. બીજી બાજુ, એનસીપીના માણિકરાવ કોકાટે સતત વિવાદાસ્પદ નિવેદનો આપી રહ્યા છે. વિધાન પરિષદમાં કામ કરતી વખતે તેમનો રમી રમતો એક વીડિયો સામે આવ્યો હતો. આ બધા પ્રધાનોને કારણે મહાયુતિ સરકાર બદનામ થઈ છે. આની અસર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાર્ટીના દેખાવ પર પડી શકે છે. શિવસેનાના પ્રધાનો સંજય શિરસાટ, સંજય રાઠોડ, ભરત ગોગાવલે, યોગેશ કદમને રાજીનામું આપવાનું કહી શકાય છે. આ ચાર સાથે, એનસીપીના માણિકરાવ કોકાટે, નરહરિ ઝિરવાળ પણ તેમનું પ્રધાનપદ ગુમાવી શકે છે. ઉલ્લેખનીય છે કે, ભાજપને માટે મુશ્કેલી સર્જનારા, મુખ્ય પ્રધાનના ખૂબ નજીકના ગિરીશ મહાજનને પણ પદ છોડવું પડી શકે છે. જળ સંસાધન પ્રધાન મહાજનને સંગઠનમાં મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી શકે છે, એમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને પ્રધાન બનાવીને અધ્યક્ષપદ બીજા કોઈને આપીને તેમની સામેની ફરિયાદો દૂર કરવામાં આવી શકે છે. સુધીર મુનગંટીવારને તેમના સ્થાને વિધાનસભા અધ્યક્ષ બનવાની તક મળી શકે છે. મુનગંટીવાર છેલ્લા બે સત્રોથી ખૂબ જ આક્રમક બન્યા છે. તેઓ વિવિધ મુદ્દે સરકારને આડે હાથ લઈ રહ્યા છે. ફડણવીસના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારમાં મુનગંટીવારને પ્રધાનપદ આપવામાં આવ્યું નહોતું. ત્યારથી, તેમણે વિધાનસભામાં સરકાર માટે વારંવાર મૂંઝવણ ઊભી કરી છે. તેમણે ગૃહમાં વિરોધ પક્ષના નેતાને છાજે એવું વર્તન કર્યું છે.

## ઘાટકોપર-માનખુર્દ

અને વાશી અથવા નવી મુંબઈ તરફ સીધા જઈ શકે છે. સુધરાઈના બ્રિજ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ અઠવાડિયાની શરૂઆતમાં ફ્લાયઓવરના દેવનાર બાજુ તરફના થાંભલાના પ્લીન્થ બીમ પર તિરાડ જણાઈ આવી હતી. એ સાથે જ ફ્લાયઓવરના મુખ્ય રસ્તા પર તિરાડ જોવા મળી હતી. તપાસ દરમ્યાન આ થાંભલામાં પડેલી તિરાડ માટે પાલિકાનું સ્યુએજ ઓપરેશન ડિપાર્ટમેન્ટ જવાબદાર હોવાનું જણાઈ આવ્યું હતું. સ્યુએજ ઓપરેશન ડિપાર્ટમેન્ટ દ્વારા માઈક્રો ટનલિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે દિવાલ હેઠળની માટી ધોવાઈ જવાથી થાંભલાને નુકસાન થયું છે. અંડરગ્રાઉન્ડ ગટર માટે ખોદવામાં આવેલા ખાડામાંથી પાણી બહાર કાઢવામાં આવી રહી હતી ત્યારે માટી ધોવાઈ જતા દિવાલના અમુક પેનલ અને બીમમાં તિરોડ પડી ગઈ હતી.

બ્રિજ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ વીજેટીઆઈના ટેક્નિકલ સલાહકાર અને નિષ્ણાતો દ્વાર ફ્લાયઓવરનું ટેક્નિકલ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું છે. તેમણે કરેલી ભલામણ મુજબ સ્યુએજ પ્રોજેક્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા સમારકામ કરવામાં આવી રહ્યું છે અને ફ્લાયઓવર વાહનવ્યવહાર માટે સંપૂર્ણ રીતે સુરક્ષિત છે.

## નવા મકાનોમાં

ઇમારતોમાં ૫૦ ટકા ફ્લેટ મરાઠી લોકો માટે અનામત રાખવામાં આવે. તેથી હવે જાહેર કરાયેલી નીતિમાં અનામતનો સમાવેશ ન હોવાથી ડેવલપરોએ રાહતનો શ્વાસ લીધો હતો. જો આવી અનામત આવે તો ખાસ કરીને મુંબઈ જેવા શહેરોમાં ફ્લેટ વેચવાનું મુશ્કેલ બની ગયું હોત.

## બાંધકામ સ્થળોએ અકસ્માતો માટે જવાબદારી

બાંધકામ સ્થળ પર કોઈપણ અકસ્માતની જવાબદારી સેફ્ટી મેનેજર અને કોન્ટ્રાક્ટરની નહીં, પણ ડેવલપરની હોય છે. આ સંદર્ભમાં, મુખ્ય નોકરીદાતાની વ્યાખ્યામાં સુધારો કરવાની જરૂર છે. આ માટે, કાયદામાં જરૂરી સુધારા કરવાનો પ્રસ્તાવ છે. **મહા આવાસ નિધિઃ** મુંબઈ મેટ્રોપોલિટન રિજનના આર્થિક માસ્ટર પ્લાન (જી-હબ) પર નીતિ આયોગના અહેવાલ મુજબ, રાજ્ય સરકારે સસ્તા અને સમાવિષ્ટ આવાસ ક્ષેત્રમાં રોકાણ શરૂ કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આશરે રૂ. ૨૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચ માટે જરૂરી 'વાયેબિલિટી ગેપ ફંડિંગ'નો મોટો હિસ્સો 'એફોર્ડેબલ હાઉસિંગ ફંડ' એએચએફએફ દ્વારા પૂરો પાડવાનો પ્રસ્તાવ છે. આનાથી રાજ્યમાં પરવડે તેવા આવાસોના નિર્માણને વેગ મળશે અને 'બધા માટે ઘર' ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ મળશે.

## હિન્દુ મરણ

ભાયાવદરવાળા હાલ રાજકોટ રમેશભાઇ પરસોતમદાસ પોપટના ધર્મપત્ની અ. સૌ. રંજનબેન (ઉં. વ. ૭૧) તે મિલનભાઇ અને વિષ્ણુભાઇના માતુશ્રી. સ્વ. પ્રભુદાસ જમનાદાસ કોટક (ખોડાપીપરવાળા)ના સુપુત્રી. નવીનભાઇ, બીપીનભાઇ, હરેશભાઇ, મહેશભાઇ, યોગેશભાઇ અને મયુરભાઇના બહેન તા. ૨૩-૭-૨૫ના બુધવારના શ્રીજીચરણ પામેલ છે.

**કપોળ**

શિહોરવાળા ભાસ્કરભાઇ (ઉં. વ. ૮૨) તે સ્વ. લાભુબેન ક્રિષ્ણાલાલ મહેતાના દીકરા. સ્મૃતિ (સુમી)ના પતિ. પારુલ મહેતાના પિતા. રાજેન મહેતાના સસરા તથા સ્વ. નવનીત, સ્વ. ભારત, રાજેન, અંબરીશ મહેતા, કોકિલા નાથાલાલ મોદી અને સ્વ. ઇલા દિલીપ મહેતાના ભાઇ તા. ૨૨-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

સ્વ. મંગલાબેન લક્ષ્મીદાસ નાનજી ઠક્કરના પુત્ર વસંતભાઇ લક્ષ્મીદાસ ઠક્કર (ઉં. વ. ૮૨) તે મીનાબેનના પતિ. સ્વ. બળવંતભાઇ તથા અનુભાઇના ભાઇ. હિમાંશુ, પ્રિયા તેજેસકુમાર તથા પૂનમ તેજસકુમારના પિતા. માધવી રિકિશ તથા રાધિકા કારમેઘમના મામા. સ્વ. ચુનીલાલ વિઠ્ઠલદાસ સેલાણીના જમાઇ. મંગળવાર, તા. ૨૨-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૫-૭-૨૫ના ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, કાંદિવલી (વેસ્ટ).

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

રાયગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અ. સૌ. મધુબેનના પતિ. મહેન્દ્રભાઇ મણિલાલ પંડયા, ભગવાન નિત્યાનંદ ને શરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૭-૨૫ના શુક્રવારે સાંજે ૫થી ૭. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોશી લેન, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી લોહાણા**

સ્વ. આત્મારામ હરિરામ ગણાત્રા અને લક્ષ્મીબેનના સુપુત્ર મહેન્દ્રભાઇ (ઉં.વ. ૬૨) કચ્છ ગામ કુંભારીયા હાલ મુલુંડ. તે જયાબેન દ્વારકાદાસ રાયચનાના જમાઇ. તે કુસુમબેનના પતિ. રોહનના પિતાશ્રી. સ્વીટીના સસરા. તથા અન્વીના દાદાજી. જગદીશ, નટુભાઇ, રમેશ, દિલીપ, મહેશના ભાઇ તા. ૨૩-૭-૨૫ બુધવારના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૫-૭-૨૫ના ૫થી ૬. ઠે. પવાની હોલ, લોહાણા મહાજન વાડી, મુલુંડ, મહિલાઓએ તે જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન માવજી ખેરાજ મજેઠીયાના નાના પુત્ર પ્રાગજીભાઇ (ઉં. વ. ૮૧) ગામ માતાજીના નેત્રા હાલ થાણા નિવાસી પુષ્પાબેનના પતિ. સ્વ. મોહનભાઇના ભાઇ. તે રૂક્ષમણિબેનના દીયર. સ્વ. જયાબેન, સ્વ. કાંતાબેન તથા પુષ્પાબેન તુલસીદાસ, પ્રભાબેનના ભાઇ. ચંદ્રિકા ધર્મેન્દ્ર પલણ તથા ગીતા જીતેન ઠક્કર, યોગેશ તથા આનંદના પિતા. તા. ૨૩-૭-૨૫ બુધવારના રામચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૭-૨૫ના શુક્રવારના ૫.૩૦થી ૭. બૈરાઓએ તેજ દિવસે આવી જવું. ઠે. ગોપુરમ હોલ, ડો. આર.પી.રોડ, જ્ઞાન સરિતા સ્કૂલ, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

લાઠી નિવાસી હાલ ઘાટકોપર હરીશભાઇ (ઉં.વ. ૭૮) તે સ્વ. કુંદનબેન નંદલાલ દેસાઇના સુપુત્ર. સરોજબેનના પતિ. સ્વ. પ્રાણજીવનદાસ જમનાદાસ લોઢવિયાના જમાઇ. પરિતા-દિપેશ, મોના-આનંદ, ક્રિના-ગૌરવના પિતાશ્રી. વીણાબેન, શોભનાબેન, જોગેન્દ્રભાઇ, હેમંતભાઇ, તુષારભાઇના ભાઇ તા. ૨૩-૭-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર, પ્રાર્થનાસભા રાખેલ નથી, દેહદાન કરેલ છે.

**દશા શ્રીમાળી વણિક**

સ્વ. મોહનલાલ ઠાકોરદાસ કોઠારીના સુપુત્ર સ્વ. શીરીષભાઇ અને સ્વ. મધુબેનના સુપુત્ર પ્રમેશ શિરિષભાઇ કોઠારીના પત્ની. અ. સૌ. હીનાબેન (ઉં. વ. ૬૩) તે મીરા હર્ષિતભાઇ પોપટાની અને ધારા આનંદ શેઠના માતુશ્રી. શિવાની ધીરેનભાઇ શાહ તથા ફાલ્ગુનીબેન વિરેશ કોઠારીનાં ભાભી. સ્વ.અનિલભાઇ મપારાના સુપુત્રી. હિમાંશુભાઇ મપારાના બહેન. તા. ૨૩-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ અંજાર નવા ગામ હાલ ઘાટકોપર સ્વ. નર્મદાબેન દામજી મીરાણીના પુત્ર ઘનશ્યામભાઇના ધર્મપત્ની અ.સૌ. કંચનબેન (ઉં.વ. ૭૫) તા. ૨૩-૭-૨૫ના અક્ષરવાસી થયેલ છે. તે દિનેશ, હંસા, પ્રીતીના માતુશ્રી. તે નિકીતા, ભરતભાઇ, ચોથાણી, ઉમેશભાઇ ચોથાણીના સાસુ. પ્રેમ, ધ્રુવના દાદી. ભક્તિ, હર્ષ, ચાંદની, નમ્રતાના નાની. સ્વ. શાંતાબેન પુરસોતમ અજીતના મોટા પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૭-૨૫ના કલ્પતરુ ઓરા, કલબ હાઉસ નં-૨, આરસીટી. મોલની સામે, ઘાટકોપર (વેસ્ટ) સાંજે ૫થી ૬.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા દિશાવાળ (શીતપુર-પાટણ)**

ગં. સ્વ. કવિતાબેન પ્રવીણચંદ્ર સુતરવાલા (ઉં. વ. ૮૮) તા. ૨૩-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે પુત્રી ભાવનાબેન, હેતલબેનના માતુશ્રી. નિખીલભાઇ અને આશિષના સાસુ. ધીર, પંક્તિ, નિયતી, રિદ્ધિના નાનીમા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

કલ્પનાબેન (લીલુબેન) સ્વાલી (ઉં. વ. ૮૯) કચ્છ માંડવી નિવાસી હાલ વડોદરા તે સ્વ. કરસનદાસ જીવણદાસ સ્વાલીના ધર્મપત્ની. તે વીમલભાઇ, નીતાબેન અનિલ ઉદેશી, હંસાબેન શૈલેનભાઇ રામૈયા, ભાવનાબેન રાજેશ ભુજવાલાના માતુશ્રી. સ્વ. ગોપાલદાસ ગોકલદાસ પમાણીના પુત્રી. તે વર્ષાબેન વીમલભાઇના સાસુજી. મૈત્રી હરીશ પારટે, જીમી મયંક આસર, કવિતના દાદી. તે અવની હેમલ ઠક્કર, ધ્રુવ, કુંજ, રાધિકાના નાની. મંગળવાર, તા. ૨૨-૭-૨૫ના વડોદરા મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા (બેસણું) શુક્રવાર તા. ૨૫-૭-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. વેલચંદ બેંકર વિદ્યાર્થી આશ્રમ, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, ઠક્કર ફર્નિચરની સામે, કારેલીબાગ, વડોદરા, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેસાઈ સઈ સુથાર દરજી જ્ઞાતિ**

ગામ તળાજા નિવાસી હાલ બોરીવલી, સ્વ. રમેશભાઈ પ્રાગજીભાઈ વાઘેલાના ધર્મપત્ની સ્વ. જયાબેન વાઘેલા (ઉં. વ. ૬૭) તા. ૨૩-૭-૨૫ના રામચરણ પામ્યા છે. તે ભાવેશભાઈ, મેહુલભાઈ, કૌશિકભાઈના માતુશ્રી. જીજ્ઞાબેન, નીતાબેન, અંકિતાબેનના સાસુ. અભય, પ્રિયા, ધ્રુમિલ, ક્રિશા, કવીશના દાદી, કાંતાબેન મકનભાઈ, સ્વ. ગિરધરભાઈ વાઘેલા, સ્વ. રતિભાઈ વાઘેલા, સ્વ. ચુનીભાઈ વાઘેલા, સ્વ. દુલેરાઈભાઈ વાઘેલા, સ્વ. શાંતિભાઈ વાઘેલાના ભાઈના પત્ની. સ્વ. દીપકભાઈ મોહનભાઇ, દિનેશભાઈ મોહનભાઇ, ઘનશ્યામભાઈ મોહનભાઇના બેન. બન્ને પક્ષની સાદડી તા. ૨૫-૦૭-૨૫ના શુક્રવાર ૩થી ૫. ઠે. શ્રી દેસાઈ સઈ સુથાર જ્ઞાતિ મંડળની વાડી, સ્વયભુ ગણેશ મંદિરની સામે, અશોકચક્રવર્તી રોડ નંબર ૪, કાંદિવલી પૂર્વ.

**ઘોઘારી લોહાણા**

મૂળ વતન વરસડા હાલ કાંદિવલી, રજનીકાંતભાઈ (ઉં. વ. ૮૧) તે સ્વ. સવિતાબેન ચીમનલાલ વાલજી સેજપાલના પુત્ર તા. ૨૩/૦૭/૨૫ને બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. રેખાબેનના પતિ. મનોજભાઈ, અ. સૌ. સંગીતા તથા સમીરભાઈના પિતાશ્રી. સ્વ. ભૂપેન્દ્રભાઈ, સ્વ. ભારતીબેન અશ્વિનકુમાર કારિયા, અ.સૌ. દક્ષાબેન પ્રકાશચંદ્ર સૂચક, સ્વ. રસિકભાઈ તથા સ્વ. મુકેશભાઈના મોટાભાઈ. ધોળકાવાળા સ્વ. લક્ષ્મીદાસ કેશવજી મજીઠીયાના જમાઈ. હેલી, ક્રિશના દાદા, શીલના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

લીલીયા મોટા હાલ બોરીવલી, સ્વ. નાનજીભાઈ ભાણજીભાઇ રાઠોડના સુપુત્ર રમેશભાઈ રાઠોડ (ઉં. વ.૫૮) તા. ૨૧/૦૭/૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે જાગૃતિબેનના પતિ. આકાશ, શુભમના પિતાશ્રી. હેતલબેનના સસરા. જયાબેન પ્રેમજીભાઈ ટાંક, લીલાબેન ગીરીશભાઈ માલવી, નભુબેન પ્રેમજીભાઈ ચોટલીયા, રેખાબેન મનસુખભાઇ સાપરા, વિમળાબેન પરષોત્તમભાઇ ટાંક, પારૂલબેન ગોરધનભાઈ ટાંક, શારદાબેન વિનુભાઈ ગોહિલ, અરૂણાબેન મુકેશભાઈ ટાંકના ભાઈ. પ્રાર્થનાસભા. તા. ૨૫/૦૭/૨૦૨૫ને શુક્રવાર ૪ થી ૬. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. શ્રી લેવા પાટીદાર મિત્ર મંડળ હોલ, પ્રગતિ સ્કૂલ પાસે, ગોરાઈ બોરીવલી- વે.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

જાદર નિવાસી હાલ અંધેરી, સ્વ. છોટાલાલ ત્રિભોવનદાસ જોષી અને સ્વ.સરસ્વતી જોષીના સુપુત્ર દિનેશ જોષી (ઉં. વ. ૬૫) તા. ૧૧.૭.૨૫ શુક્રવાર એકલિંગજીશરણ થયા છે. તે લતાબેનના પતિ. નિકેશના પિતા. બખ્તાવરના સસરા. ગ.સ્વ. કપિલાબેન શાંતિલાલ જોષી (વિજાપુર)ના જમાઈ. સ્વ.હરિપ્રસાદ, પ્રદ્યુમનભાઈ, સ્વ. બુધિપ્રસાદ, સ્વ. જશોદાબેન, ઈન્દુબેન, અરૂણાબેન, કૈલાશબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૦.૦૭.૨૫ને રવિવારે ૫ થી ૭. મનીષનગર એસોસિએશન હોલ, લિયો ટેનિસ એકેડેમી પાસે, ૪ બંગલા, અંધેરી વેસ્ટ. બંને પક્ષની સાદડી સાથે રાખેલ છે. સાડલા પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

નેત્રા માતાજીના હાલે ડોમ્બીવલી, સ્વ. ઠા. મથુરાદાસ માધવજી કતિરાના ધર્મપત્ની સાવિત્રીબેન(નાથીબેન) (ઉં. વ. ૮૩) તા. ૨૩/૦૭/૨૫ બુધવારે શ્રીરામશરણ પામેલ છે. ગં. સ્વ. ઠા કુસુમબેન ગોવિંદભાઈ આથા, પ્રતાપ, વસંત, વિપુલ, નિતીનના માતૃશ્રી. ઉષાબેન, કલ્પનાબેન, કવિતાબેનના સાસુજી. સ્વ. ઠા કેશવજી માધવજી બારૂના સુપુત્રી. ટિંવકલ પુનિત ચંદે, ઉર્વેશ, સ્મિત, જેનીન, પ્રીયલ, જયના દાદીમા, લજ્જા કુણાલ દૈયા, ઈશા રાહુલ મજેઠીયા તથા સમીપના નાનીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫/૦૭/૨૫ના શુક્રવારે ૫ થી ૭. સારસ્વત વાડી ૧લે માળે, ઝવેર રોડ મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

## પાયદસ્ત

અનીતા બોમી બીલીમોરીયા તે બોમીના ધનિયાની. તે મરહુમો હિલ્લા બરજોર દારૂવાલાના દીકરી. તે ફરદાદ, દીલશાદના માતાજી. તે ક્રિશતીના ને જેસનના સાસુજી. તે જુલીયા ને તેસાના બપઇજી. તે મેકસ ને લઇલાના મમઇજી. (ઉં.વ. ૮૫) રે. ઠે. ૧૧, જ્યુપીટર અપાર્ટમેન્ટ, એનેસતી રોડ, કંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. પાયદસ્તઃ તા. ૨૫-૭-૨૫ને દીને સવારે ૯.૦૦ વાગે ઉપરની ઓલબલેસ બંગલીમાં છેજી. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઓલબલેસ બંગલીમાં છેજી.

ખોરશેદ નાનુ દારૂવાલા તે નાનુના ધનીયાની. તે મરહુમો ધનમાય જાહગીરશા દમનયાના દીકરી. તે રૂખશાદ ને પરીઝાદના માતાજી. તે કેરીશમાના સાસુજી. તે મરહુમો ગુલ, નોશીર, હોમી ને રતનના બહેન. તે યાહાન ને શનાયાના મમઇજી. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૭૬૪-સી, એમ. જોશી રોડ, દાદર પારસી કોલોની, દાદર (ઇ), મુંબઇ-૪૦૦૦૧૪. પાયદસ્તઃ તા. ૨૬-૭-૨૫ને દિને સવારે ૧૦.૦૦ વાગે ઉપરની ભાભા નં-૨માં ડુંગરવાડી. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છે.

## પારસી મરણ

સરોશ નાદીર એન્જીનયર તે મરહુમો આલુ નાદીર એન્જીનયરના દીકરા. તે પરલના ભાઇ. તે પરવેઝ ને નેવીલના મામા. તે તીનાના મામા સસરા. (ઉં. વ. ૭૬) રે. ઠે. બિલ્ડિંગ નં.૭, બીજે માળે, ફલેટ નં. ૧૦, કફ પરેડ, મોચે રેસ્ટોરન્ટ ઉપર, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં-૧માં ડુંગરવાડી.

હોમાય દોરાબ મેહતા તે મરહુમ દોરાબના ધનીયાની. તે મરહુમો ધન કેકી કુકાના દીકરી. તે રશનાના માતાજી. તે મરહુમો સોલી, બહાદુર, દોસી, ને જંગુના બહેન. તે શાઝનીન ને એરવદ પેશોતનના મમઇ. તે નૈયઝર, ફરહાદ, ફરેદુન ને રુકશીના ફૂઇ. (ઉં. વ. ૯૮) રે. ઠે. તારદેવ ચેમ્બર્સ, બી-૯, કાશીનાથ રોડ, તુલસી વાડી, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

જાહાગીર નોશીરવાન કરકરીયા તે નરગીશના ધની. તે મરહુમો પેરીન નોશીરવાન કરકરીયાના દીકરા. તે ચેરાગ ને નોશીરવાનના પપા. તે જરુ ને અસ્પીના ભાઇ. તે શાઝાદ ને રાજવંશના મામા. તે મરહુમો સુનામાય જાહાગીર મિસ્ત્રીના જમાઇ. (ઉં. વ. ૭૭) રે. ઠે. નં.૩૬, ત્રીજે માળે, પટેલ એપાર્ટમેન્ટ અગિયારી કમ્પાઉન્ડ, જાંબલી નાકા, થાણે-૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, બાંદ્રા તાતા અગિયારી.

## જૈન મરણ

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

સ્વ. રમેશચંદ્ર શાંતિલાલ શાહના ધર્મપત્ની સૂર્યાબેન (ઉં. વ. ૮૯) તા. ૨૩-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશ, સ્વ. તુષારનાં માતુશ્રી. ગીતા તથા જયોતીના સાસુ. ઋષભ, ચેલના, માનષી, દીવ્યેશના દાદી. મીતાલી, અક્ષય, નનીષાના દાદીસાસુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

ચુડા નિવાસી હાલ નાલાસોપારા, જીતેન્દ્ર કોઠારી (ઉં. વ. ૬૯) બુધવાર તા. ૨૩.૦૭.૨૫ના અરીહંતશરણ પામેલ છે. તે વિજયાબેન તથા જયંતિલાલ ચેલાભાઈ કોઠારીના સુપુત્ર, બેલાબેનના પતિ. મોસમી, ઝરલ તથા હેત્વીના પિતાશ્રી. પારસકુમાર વિનયચંદ્ર બગડીયા, રિતેશકુમાર નવીનભાઈ ગાંધી, જૈનમકુમાર ધરમશીભાઈ ગાલાના સસરા. રક્ષાબેન રાજુભાઈ શાહના ભાઈ. મણિલાલ મોહનલાલ શાહ તથા રસિકલાલ ચીમનલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સી - ૩૩૨, પાનબાઈ નગર, ક્રોમા પાસે, નાલાસોપારા વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ ડોમ્બિવલી, સ્વ. પુષ્પાબેન તથા સ્વ. પ્રતાપરાય જયંતીલાલ શેઠના પુત્રવધૂ અ.સૌ. રાજુલબેન ચેતનભાઈ શેઠ (ઉં. વ. ૫૦) ૨૩/૭/૨૫ના બોરીવલી અરિહંતશરણ પામેલ છે. તે વિહાના માતુશ્રી. મનીષ-દક્ષા, સોનલ નિલેશકુમારના ભાભી. પિયરપક્ષે સ્વ. વાડીલાલ ધરમશીભાઈ શાહ પાલીતાણાવાળાના દીકરી. પ્રદીપભાઈ -સ્વ રીનાબેન, વિજયભાઈ-વિધિબેન તથા સોનલ ચેતનકુમારના બહેન. સર્વ પક્ષની સાદડી તા. ૨૬/૭/૨૫ના ૩ થી ૫. જગદીશ બેન્કવેટ હોલ, ઈશા કૃપા, ભાજી માર્કેટ, નેહુંરું રોડ, ડોમ્બિવલી ઈસ્ટ.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર (વડાલ-જૂનાગઢ) હાલ બોરીવલી, સ્વ.ચંદુલાલ પાનાચંદ સંઘવીના ધર્મપત્ની ગં. સ્વ. ધનલક્ષ્મીબેન (ઉં. વ. ૮૦) તા. ૨૧/૭/૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે ભદ્રીકા, હેમાંશુ, ધીરેનના માતૃશ્રી. મેહુલકુમાર ઉદાણી, મીનલ, ભાવનાના સાસુ. ગં. સ્વ. સરોજબેન જીતેન્દ્રના દેરાણી, પિયરપક્ષે બમાં (રંગૂન) નિવાસી હાલ રાજકોટ, સ્વ.ચંદનબેન ચુનીલાલ મહેતાના દીકરી, જયેશ, કલ્પના ઉમેશ શાહ, રાકેશના કાકી. બંને પક્ષ તરફથી પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૬/૭/૨૫ના ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, (સર્વોદય હોલ)ડાયમંડ ટોકીઝની સામે, એલ.ટી.રોડ, બોરીવલી વેસ્ટ.

**રાધનપુર તીર્થ જૈન**

હાલ ભાયંદર નિવાસી, સ્વ લીલાવતીબેન ચીમનલાલ દોશીના પુત્ર કિરીટભાઈ (ઉં. વ.૭૬) સોમવારના તા. ૨૧/૭/૨૫ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મીનાબેનના પતિ. સ્મિતાબેનના જેઠ, સ્વ. પ્રકાશભાઈ જગદીશ, સ્વ. રસીલાબેન નવીનચંદ્ર શેઠ તથા રાજુલબેન નયનકુમાર પારેખના ભાઈ. વિશાલ રાખી મિત્તલ નેહલના કાકા, સાસરાપક્ષે સ્વ. નવીનભાઈ કાંતિલાલ કોઠારીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચલાલા નિવાસી હાલ અમદાવાદ, કાંતીલાલ ગીરધરલાલ લાખાણીના ધર્મપત્ની અ.સૌ મધુબેન (ઉં. વ. ૭૭) તા. ૧૯/૦૭/૨૦૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે ધર્મેશભાઇ, યામીની તુષારભાઈ બાખડા, પલ્લવી દિપકભાઈ મેહતાના માતુશ્રી. લતાબેનના સાસુ. અભિષેકના દાદી. મીત, યશ, ભાગ્યેશના નાની. પિયરપક્ષે બીલખા નિવાસી સ્વ. નરભેરામ મુળજીભાઈ લાઠીયાના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૭/૭/૨૫ના રવિવાર, ૧૦થી ૧૨. ઠે. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુ કાંઠા વિશા શ્રીમાળી સમાજ જૈન**

વાંકાનેર નિવાસી હાલ બોરીવલી, જયાબેન સોમચંદભાઈ પારેખના સુપુત્ર પ્રદીપભાઈ (ઉં. વ. ૬૮) તે કનકભાઈ, અનંતભાઈ, નલીનભાઈ, મંજુલાબેન નવીનભાઈ લોદરીયા, વસુબેન વસંતભાઈ શેઠ, રમીલાબેન અતુલભાઈ શાહ, ભદ્રાબેન નીતેશભાઈ કોઠારીના ભાઈ, હિમાંશુ, કીના, મીનલ, તેજશના કાકા, અશ્વિન, સંકેત, રચના, અર્ચિતાના મામા. તા.૨૨ જુલાઈના મંગળવારના અરિહંતશરણ પામેલ છે, લૌકિક વહેવાર સદંતર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના માતુશ્રી હર્ષાબેન (કસ્તુર) હરખચંદ ગોગરી (ઉં. વ. ૬૪) ચાર દિવસના સંથારો આદરી તા. ૨૩-૭-૨૫ના દેવલોક પામ્યા છે. ચંચળબેન દામજીના પુત્રવધૂ. હરખચંદના ધર્મપત્ની. રાહુલ, કેયુરના માતા. મો.આસંબિયા નેણબાઈ નાનજીના પુત્રી. ભવાનજી, વલ્લભજી, મુલચંદ, પ્રાગપુર ઝવેરબેન લક્ષ્મીચંદ ગાલાના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ.રાહુલ ગોગરી. સી-૬૦૪, રોઝ બિલ્ડીંગ, એંકર પાર્ક, આચોલેતળાવ રોડ, નાલાસોપારા (ઈ).

લઠેડીના અ.સૌ. હંસા ગડા (ઉં. વ. ૬૪), તા. ૨૩-૭-૨૫ના અવસાન પામેલ છે. પુષ્પાબેન વલ્લભજીના પુત્રવધુ. હેમંતના પત્ની. મયંક, ઉર્વીના મમ્મી. કેસરબેન ગોવિંદજી નાગડાના સુપુત્રી. જયેશ, મિનાક્ષી, જીનલના બેન. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇ), ૪ થી ૫.૩૦. નિ. હેમંત ગડા, ૨૦૩ કપિલ કિરણ, ચાફેકર બંધુ માર્ગ, યુનિયન બેંકના સામે, મુલુંડ (પૂ.), મુ. ૮૧.

ગોધરાના રસીકલાલ મુરજી ગોસર (શાહ) (ઉં. વ. ૭૮) તા. ૨૧-૦૭-૨૫નાં ગોધરા મુકામે અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબાઈ મુરજી કુંવરજી ગોસરના પુત્ર. કોકીલાના પતિ. અલ્પા, અમીત, સમીરના પિતા. મોટા લાયજાના લીલાવંતી ધનજી, કાંતિલાલ, બાડાના મંજુલા મુલચંદના ભાઈ. ગોધરાના પાનબાઈ ગણશી સાલીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અમિત આર. શાહ, એ-૬૦૩, શુભમ એવન્યુ, બિલ્ડીંગ નં.૧૯-૨૧, પંતનગર, ઘાટકોપર (ઈ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## નવી હાઉસિંગ નીતિ જાહેર

# નવાં મકાનોમાં મરાઠીઓ માટે ઘરો અનામત નહીં રાખવા પડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ :- રાજ્ય સરકારે લગભગ ૧૮ વર્ષ પછી મહારાષ્ટ્ર રાજ્ય ગૃહનિર્માણ નીતિ-૨૦૨૫ની જાહેરાત કરી, પરંતુ આ નવી નીતિમાં મરાઠી લોકો માટે મકાનો અનામત રાખવાનો સમાવેશ થતો નથી એટલે ડેવલપરો એ રાહતનો શ્વાસ લીધો છે.

અગાઉ, ચોમાસુ સત્ર દરમિયાન, પ્રધાન શંભુરાજ દેસાઈએ વિધાન પરિષદમાં આવી અનામત આપવાનું વચન આપ્યું હતું. વિધાન પરિષદમાં ઉદ્ધવ ઠાકરે જૂથના વિધાનસભ્ય મિલિંદ નાર્વેકરે એક બિન-સરકારી બિલ રજૂ કર્યું હતું, જેમાં એવી માંગ કરવામાં આવી હતી કે રાજ્યમાં નવી બનેલી (જુઓ પાનું ૪) ▸▸

### કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારો અને યોજનાઓનો સમાવેશ થાય છે

૧) ઔદ્યોગિક વિસ્તારોની નજીક ઘરો ('વોક-ટુ-વર્ક'): 'વોક-ટુ-વર્ક' ની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે, ઔદ્યોગિક વિસ્તારોની નજીકના ૧૦ ટકાથી ૩૦ ટકા પ્લોટ રહેણાંક ઉપયોગ માટે અનામત રાખવામાં આવશે. આનાથી કામદારોને તેમના કાર્યસ્થળની નજીક રહેઠાણ શોધવામાં મદદ મળશે.

૨) રાહતો: વરિષ્ઠ નાગરિકો અને વિદ્યાર્થીઓ માટેના આવાસ પ્રોજેક્ટ્સને કર, સ્ટેમ્પ ડ્યુટી અને એફએસઆઇમાં છૂટ આપવામાં આવશે. આનાથી આ જૂથોને પોસાય તેવા આવાસ પૂરા પાડવામાં મદદ મળશે.

૩) સરકારી જમીન: સસ્તા મકાનો માટે 'જમીન બેંક' બનાવવામાં આવશે, જેના માટે મહેસૂલ, વન અને અન્ય સરકારી વિભાગોની જમીનનો ઉપયોગ કરવામાં આવશે. આનાથી ઘરોના બાંધકામ માટે જરૂરી જમીન મળશે.

૪) ઝૂંપડપટ્ટી પુનર્વસન: અટકેલા ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટ્સને વેગ આપવા માટે 'ક્લસ્ટર પુનર્વિકાસ' અભિગમ અને પ્રોત્સાહન યોજનાઓ રજૂ કરવામાં આવશે. આનાથી ઝૂંપડપટ્ટીના વિકાસને વેગ આપવામાં અને 'ઝૂંપડપટ્ટી મુક્ત મહારાષ્ટ્ર'ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ મળશે. ■

# ફડણવીસ અપનાવશે મોદી પેટર્ન?

**સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલાં વિવાદાસ્પદ અને બિનઅસરકારક પ્રધાનોનાં રાજીનામાં લેવાય તેવી શક્યતા**

**સંભવિત યાદીમાં શિંદે સેનાના સૌથી વધુ ચાર, ભાજપ, એનસીપીનાં ત્રણ-ત્રણ નામ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું અનુકરણ કરીને રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ પહેલાં સરકારની છબી સુધારવા માટે કેટલાક પ્રધાનોનાં રાજીનામાં લેશે એવી વાતો સાંભળવા મળી રહી છે.

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કેટલાક પ્રધાનોને કેબિનેટમાંથી પડતા મૂકે તેવી શક્યતા છે. એવી ચર્ચા ચાલી રહી છે કે મુખ્ય પ્રધાન કૌભાંડોના આરોપી અને વિવાદાસ્પદ નિવેદનોથી મુશ્કેલી ઊભી કરી રહેલા પ્રધાનોનું રાજીનામું લેશે. નવી સરકારની રચનાને હજી તો માંડ છ મહિનાથી થોડો વધુ સમય થયો છે. આટલા સમયગાળામાં ઘણા પ્રધાનો વિવાદોમાં ફસાયેલા છે. શિવસેનાના નેતાઓની સંખ્યા સૌથી વધુ હોવાનું જાણવા મળ્યું છે.

સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટનો પૈસા ભરેલી થેલીનો વીડિયો સામે આવ્યો હતો. આ કારણે શિરસાટ વિવાદાસ્પદ બન્યા. સંજય શિરસાટે પોતે માહિતી આપી હતી કે તેમને આવકવેરા વિભાગ તરફથી નોટિસ મળી છે. ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમની માલિકીના બારમાં દરોડા પાડવામાં આવ્યા હતા. ત્યાં બારબાળા અશ્લીલ નૃત્ય કરતા જોવા મળ્યા. આ બધા નેતાઓ (જુઓ પાનું ૪) ▸▸

# કોકાટે પર મોટી કાર્યવાહી કરવાનાઅજિત પવારના સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિવાદાસ્પદ નિવેદનોને કારણે સતત વિવાદમાં રહેતા કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેનો વિધાનસભામાં કથિત રીતે રમી રમતો વીડિયો વાઈરલ થયા બાદ વિપક્ષ સતત તેમને નિશાન બનાવી રહ્યું છે. આ બધા વચ્ચે હવે નાયબ મુખ્ય પ્રધાન અને કોકાટેની પાર્ટીના નેતા અજિત પવારે હવે પોતાનું મૌન તોડ્યું છે તેથી હવે કોકાટે સામે કાર્યવાહી થઈ શકે છે એવા સંકેત મળી રહ્યા છે.

માણિકરાવ કોકાટેએ વાઈરલ વિડીયો અંગે એવી સ્પષ્ટતા કરી હતી કે તેઓ રમી રમતા નહોતા, પરંતુ જાહેરાતો સ્કિપ કરી રહ્યા હતા. જોકે, સ્પષ્ટતા કરતી વખતે એક પ્રશ્નનો જવાબ આપતી વખતે સરકાર ભિખારી છે એવા પોતાના વિવાદાસ્પદ નિવેદનનું પુનરાવર્તન કર્યું. તેમના નિવેદન પછી, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પહેલી વખત મોં ખોલ્યું છે.

એવું માનવામાં આવે છે કે અજિત પવાર હવે માણિકરાવ કોકાટેના પ્રધાનપદ અંગે મોટો નિર્ણય લેવા જઈ રહ્યા છે. અજિત પવારે ગુરુવારે પ્રધાનોને પત્રકારો સાથે વાત કરતી વખતે થોડી સાવધાની રાખવાની સલાહ આપી હતી.

'મને મળેલી માહિતી મુજબ, ગૃહની અંદર આ ઘટના બની હતી. (જુઓ પાનું ૪) ▸▸



# મલાડમાં ટેમ્પોએ અડફેટે લેતાં કચ્છી મહિલાનો જીવ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: હૉસ્પિટલમાંથી રુટિન ચેકઅપ કરાવીને ઘરે જવા નીકળેલા કચ્છી મહિલાને ટેમ્પોએ અડફેટે લેતાં તેમનું મૃત્યુ થયું હોવાની ઘટના મલાડમાં બની હતી. આ પ્રકરણે પોલીસે ટેમ્પો ડ્રાઈવરની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

મલાડ પોલીસ સ્ટેશનના અધિકારી જકલવાડે બુધવારની રાતે મલાડ પશ્ચિમમાં માર્વે રોડ સર્કલ પાસે બનેલી ઘટનામાં વંદના અતુલ ગાલા (૫૨)નું મૃત્યુ થયું હોવાની વાતને સમર્થન આપ્યું હતું. અકસ્માત માટે જવાબદાર ટેમ્પો ડ્રાઈવર સોનુ જનાર્દન પાલ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણે કાર્યવાહી ચાલી રહી હોવાથી તેમણે વધુ માહિતી આપવાનો ઇનકાર કર્યો હતો. મળતી માહિતી અનુસાર કચ્છી વિશા ઓશવાળ સમાજના ગામ રતાડિયાનાં વતની વંદનાબહેન પરિવાર સાથે કાંદિવલી પૂર્વમાં અશોક નગરમાં આવેલા સરયૂ એપાર્ટમેન્ટમાં રહેતાં હતાં. મલાડની અગ્રવાલ હૉસ્પિટલમાં તે બુધવારે રુટિન ચેકઅપ માટે આવ્યાં હતાં. કહેવાય છે કે ચેકઅપ પછી રાતે ૮.૩૦ વાગ્યાની આસપાસ ઘરે જવા નીકળેલાં વંદનાબહેન માર્વે સર્કલ પાસે (જુઓ પાનું ૪) ▸▸

# દેવેન્દ્ર ફડણવીસે એકનાથ શિંદેની પાંખો કાપી નાખી

**નાયબ મુખ્ય પ્રધાનનાં ખાતાં પરના ખર્ચ પર બ્રેક લગાવી: વિવિધ યોજનાઓમાં કામને મંજૂરી આપતા પહેલા મુખ્ય પ્રધાનની મંજૂરી લેવાના નિર્દેશ: સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ પહેલાં શિંદેને નિયંત્રણમાં રાખવાનો પેંતરો?**

*વિપુલ વૈદ્ય*

મુંબઈ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પોતાની પાર્ટીને જ્વલંત સફળતા મળે તે હેતુથી નગર વિકાસ વિભાગ છૂટા હાથે ખર્ચ કરી રહ્યું હોવાનું ધ્યાનમાં આવતાં. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ખાતા પરના ખર્ચ પર અંકુશ લગાવવાનો નિર્ણય લીધો છે. તે મુજબ, વિવિધ યોજનાઓમાં કામને મંજૂરી આપતા પહેલા ફડણવીસની મંજૂરી લેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. અહીં ઉલ્લેખનીય છે કે, ત્રણ વર્ષ પહેલાં, શિવસેનામાં અભૂતપૂર્વ ભંગાણ પડ્યું ત્યારે ઘણા વિધાનસભ્યોએ ભંડોળ મળતું ન હોવાનું કારણ ઉદ્ધવ ઠાકરેનો પક્ષ છોડવા માટે આપ્યું હતું. આ પછી, એકનાથ શિંદે મુખ્ય પ્રધાન બન્યા. શરૂઆતના કેટલાક મહિનાઓ બાદ કરતાં, તેમણે છૂટા હાથે ખર્ચ કરવાનું શરૂ કર્યું. શિંદેના કાર્યકાળ (જુઓ પાનું ૪) ▸▸

# ગોરેગામમાં મહાનંદા ડેરીમાંથી 3,000 કિલોગ્રામની ટાંકીમાંથી એમોનિયા ગેસનું ગળતર: કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામ (પૂર્વ)માં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર નેસ્કો ગેટ સામે આવેલી મહાનંદા ડેરીમાંથી બુધવારે મોડી રાતે એમોનિયા ગેસ લીકેજ થયો હતો. સદ્‌નસીબે કોઈ આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ડેરીના ગ્રાઉન્ડ ફ્લોર પર ૨,૦૦૦ ચોરસ ફૂટના કોલ્ડ સ્ટોરેજમાં રેફ્રિજેટર યુનિટના ભાગ રહેલા ૩,૦૦૦ કિલોગ્રામની ટાંકીમાંથી બુધવારે રાતના લગભગ પોણા અગિયાર વાગ્યાની આસપાસ ગેસ લીકેજ થઈ રહ્યું હોવાનું જણાઈ આવ્યું હતું.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ફાયર બ્રિગેડ અને હેઝમેટ યુનિટલ જે મુખ્યત્વે ઝેરી રસાયણો અને કેમિકલ ગેસ સંબંધિત પરિસ્થિતિઓને સંભાળે છે, તેઓએ બુધવારે મોડી રાતે ડેરીમાં પહોંચીને કાર્યવાહી હાથ ધરી હતી. કોલ્ડ સ્ટોરેજ વિસ્તારને તાત્કાલિક સાફ કરવામાં આવ્યો હતો અને બાદમાં ગેસનું ગળતર ચોક્કસ કયાં છે તે શોધવાની પ્રક્રિયા હાથ ધરી હતી. ભારે જહેમત બાદ રેફ્રિજરેટર યુનિટમાં રહેલા ટેન્કના એક વાલ્વમાંથી ગેસ લીકેજ હોવાનું શોધી કાઢવામાં આવ્યું હતું.

એમોનિયા ગેસની અસરને નિષ્ક્રિય કરવા માટે હાઈ પ્રેશર પંપ દ્વારા પાણીનો છંટકાવ કરવામાં આવ્યો હતો અને વધુ (જુઓ પાનું ૪) ▸▸

# સાવરકર વિશે ટિપ્પણી કરવાના માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને જામીન

મુંબઈ: ૨૦૨૨માં ભારત જોડો યાત્રા દરમિયાન હિન્દુત્વ વિચારક અને સ્વતંત્રતા સેનાની સાવરકર વિશે ટિપ્પણી કરવા બદલ દાખલ કરાયેલા માનહાનિના કેસમાં નાશિકની એક કોર્ટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ગુરુવારે જામીન આપ્યા હતા. રાહુલ ગાંધીએ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આર.સી. નરવાડિયા સમક્ષ વીડિયો લિંક દ્વારા હાજર થઈને 'નિર્દોષ' હોવાની કબૂલાત કરી.

નાસિકના દેવેન્દ્ર ભુતડાએ તેમના વકીલ મનોજ પિંગલે દ્વારા આઇપીસીની કલમ ૫૦૦ (માનહાનિ) અને ૫૦૪ હેઠળ ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

ગાંધીએ દોષિત ન હોવાની કબૂલાત કર્યા પછી, તેમના વકીલોએ જામીન માગ્યા હતા અને કોર્ટે ૧૫,૦૦૦ રૂપિયાના બોન્ડ પર અરજી મંજૂર કરી હતી, એમ એડવોકેટ પિંગલેએ જણાવ્યું હતું.ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે ગાંધીએ હિંગોલીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં અને નવેમ્બર ૨૦૨૨ માં તેમની યાત્રા દરમિયાન એક ભાષણમાં સાવરકરની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડતા નિવેદનો આપ્યા હતા.■

# ઘાટકોપર-માનખુર્દ લિંક રોડના થાંભલામાં તિરાડ

**સ્ટ્રક્ચરલ ઓડિટમાં પુલ સલામત હોવાનો બીએમસીનો દાવો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચાર વર્ષ પહેલા વાહનચાલકો માટે ખુલ્લો મૂકવામાં આવેલા માનખુર્દ-ઘાટકોપર લિંક રોડ ફ્લાયઓવરના એક થાંભલા પર તિરાડો પડી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સ્થાનિક લોકોએ આ બાબતે ફરિયાદ કર્યા બાદ પાલિકાએ ફ્લાયઓવરનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરવામાં આવ્યું હોઈ તે માળખું સુરક્ષિત હોવાનો દાવો કર્યો છે. ફ્લાયઓવર સંપૂર્ણ રીતે સુરક્ષિત હોઈ તેના પર વાહનવ્યવહાર પણ ચાલુ રાખવામાં આવશે એવું પાલિકાએ જણાવ્યું છે. ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ ફ્લાયઓવર અત્યંત મહત્ત્વનો માનવામાં આવે છે અને તે સાયન-પનવેલ હાઈવેને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સાથે જોડે છે. આ ફ્લાયઓવરનો એક હિસ્સો દેવનાર તરફ ફેલાયેલો છે, જેથી માનખુર્દ શિવાજી નગરથી આવતા વાહનો ફ્લાયઓવર પર જઈ શકે (જુઓ પાનું ૪) ▸▸

# પૂરપાટ દોડતી કારના સનરૂફ બહાર યુવતીઓનો સ્ટન્ટ: ગુનો નોંધાયો

મુંબઈ: મલાડ-કાંદિવલી વચ્ચે પૂરપાટ દોડતી કારના સનરૂફ બહાર નીકળી ત્રણ યુવતી ડાન્સ કરતી હતી, જ્યારે દરવાજા બહાર લટકી યુવાન તેમને પ્રોત્સાહન આપતો હતો. આવો જોખમી સ્ટન્ટ કરનારા યુવક-યુવતીનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.

સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોની નોંધ લઈ બાંગુર નગર પોલીસે ગુરુવારે ત્રણ યુવતી અને એક યુવક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર કથિત સ્ટન્ટ બુધવારની રાતે મલાડ-કાંદિવલી વચ્ચે લિંક રોડ પર કરાયો હતો. સ્ટન્ટ કરનારાં યુવક-યુવતીની કારની પાછળના વાહનમાં પસાર થનારી વ્યક્તિએ વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું. વીડિયોમાં કારનો નંબર સ્પષ્ટ દેખાતો હોવાથી પોલીસ કારની વિગતો મેળવી રહી છે.

કહેવાય છે કે મલાડના મીઠચોકી સિગ્નલ પાસે આ વીડિયો બનાવવામાં આવ્યો હતો. વીડિયોમાં પૂરપાટ દોડતી કારના સનરૂફમાંથી ત્રણ યુવતી બહાર નીકળે છે અને ડાન્સ કરતી નજરે પડે છે.

એ જ સમયે ડ્રાઈવરની બાજુની સીટમાં બેસેલો યુવક દરવાજાની બહાર નીકળે છે. પોતાના અને અન્યોના જીવને જોખમ ઊભું થાય એવું કૃત્ય કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

**રાયગડમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ**

# ૮૮.૯૨ કરોડ રૂપિયાનું કેટામાઇન જપ્ત: ચાર જણની ધરપકડ

મુંબઈ: રાયગડ જિલ્લામાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કરીને પોલીસે ૮૮.૯૨ લાખ રૂપિયાનું કેટામાઇન જપ્ત કર્યું હતું. ડ્રગ્સના ઉત્પાદનમાં સંડોવાયેલા ચાર જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસ ટીમે મળેલી માહિતીને આધારે બુધવારે મહાડ એમઆઇડીસી વિસ્તારના જીતે ગામમાં રેઇડ પાડી હતી. વિવિધ ટીમોની મદદથી આ રેઇડ પાડવામાં આવી હતી અને મુંબઈ પોલીસના એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ની પણ મદદ લેવામાં આવી હતી. પોલીસની રેઇડ દરમિયાન ફેક્ટરીમાંથી ૮૮.૯૨ કરોડ રૂપિયાનું કેટામાઇનનું કન્સાઇનમેન્ટ જપ્ત કરવામાં આવ્યું હતું. કેટામાઇન જેમાં કેટલીક ભ્રમ ઉત્પન્ન કરતી અસરો હોય છે, તેનો ઉપયોગ બેભાન કરવા માટે થાય છે. જોકે આનંદ લેવા માટે યુવાનો દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે છે. ■

# મુંબઈ, થાણેમાં આજે પણ ભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ગુરુવારે પણ મધ્યમથી ભારે વરસાદના ઝાપટાં દિવસભર ચાલુ જ રહ્યા હતા. હવામાન વિભાગે મુંબઈ સહિત થાણે માટે શુક્રવાર માટે ઓરેન્જ અલર્ટ જાહેર કરીને ભારે વરસાદની ચેતવણી આપી છે, તો રાયગઢ અને રત્નાગિરી માટે રેડ અલર્ટ આપીને ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

મુંબઈ સહિત સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ગુરુવારના વહેલી સવારના જોરદાર ઝાપટાં પડયા બાદ વરસાદે થોડો બ્રેક લીધો હતો અને ત્યારબાદ સાંજના સમયે અનેક વિસ્તારોમાં ફરી વરસાદનું જોર રહ્યું હતું. વરસાદ અને પવન ફૂંકાવાને કારણે મુંબઈને અનેક જગ્યાએ ઘરની દિવાલ તૂટવાના અને ઝાડ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ બંગાળની ખાડીમાં (જુઓ પાનું ૪) ▸▸

# હાઈવે પરની હોટેલો પર ગુજરાતીમાં લગાવેલા સાઇન બોર્ડની તોડફોડ

બોઈસર : મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇ-વે પરની અનેક હોટલોના સાઈનબોર્ડ પરથી મરાઠી દેવનાગરી લિપિ ગાયબ છે. તેના બદલે સાઈનબોર્ડ પર અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાઓને અગ્રતાક્રમે સ્થાન આપવામાં આવ્યું છે. તેના વિરોધમાં મનસેના કાર્યકરોએ હાઇ-વે પર હાલોલી ગામની હદમાં આવેલી હોટલો પરના ગુજરાતી સાઈનબોર્ડની તોડફોડ કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર પાલઘર જિલ્લામાં ઢેકાળેથી અચ્છાડ સુધીના ૭૦ કિમી લાંબા પટ્ટામાં આવેલી અનેક હોટલો અને ઢાબાના સાઈનબોર્ડ પર મરાઠીમાં નામ લખવામાં આવ્યા નથી. કેટલીક હોટલોના બોર્ડ પર અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં મોટા અક્ષરોમાં નામ લખવામાં આવ્યા છે અને મરાઠીમાં નાના અક્ષરોમાં લખવામાં આવ્યુ છે. હાઈવે પરના સાતિવલી, કુડે હાલોલી, દુર્વેસ, મસ્તાન નાકા, ટાકવ્હાળ, નાંદગાંવ, આવઢાણી, ચિલ્હાર ફાટા, વાડા ખડકોના, ચારોટી નાકા, આંબોલી, તલાસરી, સાવરોલી, અચ્છાડ ગામોની હદમાં આવેલી હોટલના સાઈનબોર્ડ પર અંગ્રેજી, હિન્દીની સાથે ગુજરાતી ભાષાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પરની અનેક હોટલોના સાઈનબોર્ડ ગુજરાતી અને અન્ય લિપિમાં હોવાનું જાણવા મળતા મનસે આક્રમક બની હતી. ■

# કસારા જતી લોકલ ટ્રેન સર્વિસ ઠપ

થાણે: શહાડ આંબિવલી સ્ટેશન વચ્ચે એક માલગાડીમાં ગુરુવારે બપોરે ખામી સર્જાતા કસારા માર્ગ પરની સ્થાનિક ટ્રેન સર્વિસ થોડા સમય માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. માલગાડી અડધો કલાકથી વધુ સમય સુધી બંધ રહેતા લોકલ ટ્રેનો મોડી પડી હતી. મધ્ય રેલવે લાઇન પર કર્જત-કસારા માર્ગ મહત્વપૂર્ણ છે. આ વિસ્તારમાં વર્ષોથી મોટા પાયે શહેરીકરણ જોવા મળ્યું છે. લાંબા અંતરની ટ્રેનો કસારા માર્ગ પર નાશિક તરફ આગળ વધે છે.

નાશિકથી મુંબઈ અને થાણે તરફ જતા મુસાફરો માટે પણ આ માર્ગ મહત્વપૂર્ણ છે. કસારા વિસ્તારના હજારો કર્મચારીઓ દરરોજ મુંબઈ અને થાણે તરફ આવ જા કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કસારા રેલવે સ્ટેશન પરથી મુસાફરી કરતા લોકોની સંખ્યામાં ખાસ્સો વધારો થયો છે. દરમિયાન ગુરુવારે બપોરે ૧૨.૫૦ વાગ્યાના અરસામાં શહાડ આંબીવલી સ્ટેશન વચ્ચે માલગાડીમાં ખામી સર્જાઈ હતી. ■

# જૂનો કોપરી બ્રિજ આઠ દિવસ બંધ, ટ્રાફિકમાં ફેરફાર

થાણે: થાણે પૂર્વ સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક જૅમની સમસ્યા હલ કરવા માટે 'સ્ટેશન એરિયા ટ્રાફિક ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ' (સેટિસ) પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે અને આ પ્રોજેક્ટમાં રેલવે ટ્રેકની બંને બાજુએ ઊભા કરાયેલા થાંભલાઓ પર ગર્ડર બેસાડવાનું કામ બાકી હતું. રેલવે વિભાગે આ કાર્યને લીલી ઝંડી આપી છે. આ કાર્ય ૨૬ જુલાઈથી ત્રીજી ઓગસ્ટ સુધી કરવામાં આવશે. આ કાર્ય માટે ટ્રાફિક પોલીસે થાણેના પશ્ચિમ અને પૂર્વ બાજુઓને જોડતા જૂના કોપરી બ્રિજ પર ચોક્કસ સમયે આઠ દિવસ માટે ટ્રાફિક બંધ રાખવાનો નિર્ણય લીધો છે અને આ માટે એક સૂચના જારી કરી છે.

આ પ્રોજેક્ટમાં તુળજા ભવાની મંદિર, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સર્વિસ રોડથી કોપરી કનૈયા નગર અને એમજેપી કાર્યાલય સુધીનો કુલ ૨.૨૪ કિમી લાંબો એલિવેટેડ રોડ હશે. આ કામ દરમિયાન ટ્રાફિક જામ ટાળવા માટે, ટ્રાફિકમાં ફેરફારો લાગુ કરાયા છે. તે મુજબ કોપરી સર્કલ અને ભાસ્કર કટ વચ્ચે બંને બાજુનો ટ્રાફિક સંપૂર્ણપણે બંધ રહેશે. આ સૂચના ૨૬થી (જુઓ પાનું ૪) ▸▸

# ₹ ૩.૭૭ કરોડ રૂપિયાનો ગુટકા પકડાયો

થાણે: થાણે જિલ્લાના ભિવંડી તેમ જ નવી મુંબઈથી પોલીસે ૩.૭૭ કરોડ રૂપિયાનો ગુટકા પકડી પાડ્યો હતો અને આ પ્રકરણે ચાર જણની ધરપકડ કરી હતી.

નવી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી) દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી, જે ૨૧ જુલાઇથી શરૂ થઇ હતી. એએનસીના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે કામોઠે વિસ્તારમાં એક સ્થળે રેઇડ પાડી હતી અને ફરહાન માજીદ શેખ (૨૩)ને તાબામાં લીધો હતો. તેની પાસેથી ૨૨.૪૦ લાખનો ગુટકા જપ્ત કરવામાં આવ્યો હતો.

કામોઠે પોલીસ સ્ટેશનમાં ફરહાન શેખ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૦૬ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

ફરહાન શેખે પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ગુટકાનો જથ્થો ભિવંડીના યેવાઇ ગામમાં સંગ્રહ કરી રાખવામાં આવ્યો છે.

આ માહિતીને આધારે ત્રણ પોલીસ અધિકારી તથા ૨૦ કર્મચારીની મદદથી બીજી રેઇડ પાડવામાં આવી હતી, જેમાં કન્ટેઇનરમાં ભરેલો ગુટકાનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત ૩.૫૪ કરોડ રૂપિયા હતી. પોલીસે આ પ્રકરણે ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરી હતી.

ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ની મદદથી આ કાર્યવાહી કરવામાં આવી હતી અને કુલ ૩.૭૭ કરોડ રૂપિયાનો ગુટકા જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે ફરહાન શેખ ઉપરાંત જિતેન્દ્ર માંગીલાલ વાસુનિયા, ભૂપેન્દ્ર રાજેન્દ્ર સિંહ અને ભવર ખેમરાજ સિંહની પણ ધરપકડ કરી હતી, જે મધ્ય પ્રદેશના રહેવાસી છે. ■

# સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા દેશના સાત સ્ટેશન પર એઆઇ દ્વારા દેખરેખ

**મહારાષ્ટ્રના ચાર અને ગુજરાતના ત્રણ સ્ટેશનનો સમાવેશ**

મુંબઈ: ભારતીય રેલવેએ તેની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લીધો છે. દેશના સાત મુખ્ય રેલવે સ્ટેશનો પર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ટેકનોલોજી પર આધારિત દેખરેખ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ટેકનોલોજી હેઠળ મુસાફરોની સુરક્ષા વધારવા અને આરોપીઓને ઓળખવા ફેસ રેકગનિશન સિસ્ટમ લાગુ કરવામાં આવશે. આનાથી રેલવે અને રેલવે પરિસરની સુરક્ષામાં ઘણો વધારો થશે.

રેલવે સત્તાવાળાઓએ પ્રારંભિક પાયલોટ પ્રોજેક્ટ માટે દેશના સાત મહત્વપૂર્ણ રેલ્વે સ્ટેશનોની પસંદગી કરી છે જ્યાં એઆઇ આધારિત સુરક્ષા સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે.

મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, નાગપુર, નાશિક રોડ, પુણે, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર કેપિટલ આ સ્ટેશનો મુસાફરોના ટ્રાફિક અને મહત્વના આધારે પસંદ કરવામાં આવ્યા છે.

આ ઝુંબેશથી રેલવે સ્ટેશનો પર ગુનાઓની સંખ્યામાં ઘટાડો થવાની અને તપાસ એજન્સીઓને તેમનું કાર્ય વધુ કાર્યક્ષમ રીતે કરવા સક્ષમ બનાવવાની અપેક્ષા છે. ■

# યાદગાર બૅટ અને જર્સી સાથે બે મહાનુભાવોઃ બાળકો ખુશખુશાલ





ઈંગ્લૅન્ડમાં ગુરુવારે ઍલીસબ્યુરી નજીક ચેકર્સ ખાતેની એક સ્કૂલમાં બાળકો સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમ જ બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર કેઈર સ્ટ્રેમર. મોદી અને સ્ટ્રેમરે ભારતીય ક્રિકેટ ખેલાડીઓના ઑટોગ્રાફવાળા બૅટ સાથે પોઝ આપ્યો હતો. બન્ને મહાનુભાવોએ તેમના નામવાળા જર્સી સાથે પણ પોઝ આપ્યો હતો. (એપી/પીટીઆઇ)

# પંતની યાદગાર લડત બાદ બ્રિટિશરોનું ફાઈટબૅક

મૅન્ચેસ્ટરઃ અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં સિરીઝની ચોથી ટેસ્ટ (બપોરે ૩.૩૦ વાગ્યાથી લાઇવ)ના બીજા દિવસે રિષભ પંતે (૫૪ રન, ૨૯૫ મિનિટ, ૭૫ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) બ્રિટિશરોને જોરદાર લડત આપી ત્યાર બાદ ભારતનો પ્રથમ દાવ ૩૫૮ રનના સ્કોર પર પૂરો થયો હતો અને પછી યજમાન ઇંગ્લૅન્ડે વળતી લડત આપીને રમતના અંત સુધીમાં બે વિકેટે ૨૨૫ રન કર્યા હતા. ઑલી પૉપ ૨૦ રને અને જો રૂટ ૧૧ રને રમી રહ્યો હતો. ભારત વતી એક વિકેટ પીઢ સ્પિનર જાડેજાએ અને એક વિકેટ નવોદિત પેસ બોલર અંશુલ કંબોજે લીધી હતી.

હજી આ મૅચમાં ત્રણ દિવસ બાકી છે. બ્રિટિશ ટીમ ભારતથી ફક્ત ૧૩૩ રન પાછળ છે. ભારતીય બોલર્સ શુક્રવારે તેમને કેટલા રનમાં ઑલઆઉટ કરશે એના પરથી મૅચનું ભાવિ નક્કી થશે.

ભારતનો પ્રથમ દાવ પૂરો થયા બાદ ઇંગ્લૅન્ડના ઓપનર્સ ઝૅક ક્રૉવ્લી (૮૪ રન, ૧૧૩ બૉલ, એક સિક્સર, તેર ફોર) અને બેન ડકેટ (૯૪ રન, ૧૦૦ બૉલ, તેર ફોર)ની જોડીએ સાવચેતીથી અને સમજદારીપૂર્વક દાવની શરૂઆત કરી હતી. તેમની વચ્ચે ૧૯૫ બૉલમાં ૧૬૬ રનની ભાગીદારી થઈ હતી. જોકે બન્ને ઓપનર સદી ચૂકી ગયા હતા. ઇંગ્લૅન્ડે પ્રથમ વિકેટ છેક ૧૬૬મા રન પર ગુમાવી. ઝૅક ક્રૉવ્લીને તેના ૮૪મા રને રવીન્દ્ર જાડેજાએ સ્લિપમાં કે. એલ. રાહુલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ત્યાર બાદ થોડી વાર પછી બેન ડકેટ છ રન માટે સાતમી સેન્ચુરી ચૂકી ગયો હતો.

## કંબોજે ડકેટને સદી ન કરવા દીધી

હરિયાણાના ૨૪ વર્ષના પેસ બોલર અંશુલ કંબોજે કરીઅરની પ્રથમ આંતરરાષ્ટ્રીય વિકેટ લીધી હતી. તેણે બ્રિટિશ ઓપનર બેન ડકેટને કાર્યવાહક વિકેટકીપર ધ્રુવ



ગઈ કાલે એક બાઉન્સરનો સામનો કરતી વખતે સમતોલપણું ગુમાવતો વૉશિંગ્ટન.

જુરેલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ડકેટે ૯૪ રન કર્યા હતા અને છ રન માટે સાતમી સદી ચૂકી ગયો હતો. ઇંગ્લૅન્ડનો સ્કોર ત્યારે બે વિકેટે ૧૯૮ રન હતો.

## પ્રેક્ષકોએ પંતને જોરદાર વેલકમ આપ્યું

લડાયક વૃત્તિનો વાઇસ-કૅપ્ટન રિષભ પંત પગની ગંભીર ઈજા છતાં પાછો બૅટિંગ કરવા આવ્યો હતો. શાર્દુલે બ્રિટિશ બોલર્સને જોરદાર લડત આપીને ૮૮ બૉલમાં ૪૧ રન કર્યા બાદ કૅપ્ટન બેન સ્ટૉક્સના બૉલમાં વિકેટ ગુમાવી ત્યાર બાદ પંત બૅટિંગ કરવા મેદાન પર ઊતર્યો અને ધીમે-ધીમે ચાલીને પિચ પર પહોંચ્યો ત્યારે પ્રેક્ષકોએ તાળી પાડીને તેનું સ્વાગત કર્યું હતું. તે લંચ વખતે વધુ બે રન કરીને ૩૯ રને નૉટઆઉટ હતો. ત્યારે ભારતનો સ્કોર ૬/૩૨૧ હતો. જોકે લંચ બાદ તે આઉટ થયો હતો.

## પંતના પગને ફરી નિશાન બનાવાયો

પંત જમણા પગની ગંભીર ઈજા છતાં પાછો બૅટિંગ કરવા આવ્યો ખરો, પરંતુ બ્રિટિશ બોલર્સ 'જેન્ટલમૅન્સ ગેમ'ની ભાવનાને નજરઅંદાજ કરીને પંતના ઈજાવાળા પગને ટાર્ગેટ બનાવી રહ્યા છે. કૅપ્ટન બેન સ્ટૉક્સના એક યૉર્કરમાં પંત શૉટ ચૂકી ગયો હતો અને બૉલ તેને પગમાં જ્યાં ઘા છે ત્યાં જરાક માટે વાગતાં રહી ગયો હતો. વૉશિંગ્ટન ૯૦ બૉલમાં બનાવેલા ૨૭ રન કરીને અને નવોદિત અંશુલ કંબોજ શૂન્યમાં આઉટ થયો હતો. તેના પછી પંતે ૩૪૯ રનના સ્કોર પર અને બુમરાહે ૩૫૮મા રને છેલ્લી વિકેટ ગુમાવી હતી.

ભારતના ૩૫૮ રનમાં પંતના લડાયક ૫૪ રન ઉપરાંત યશસ્વીના ૫૮ રન, સુદર્શનના ૬૧ રન, રાહુલના ૪૬ રન, શાર્દુલના ૪૧ રન, વૉશિંગ્ટનના ૨૭ રન તથા જાડેજાના ૨૦ રનનું યોગદાન હતું. કૅપ્ટન ગિલ બુધવારે ૧૨ રન કરીને આઉટ થઈ ગયો હતો. ભારતને એક્સ્ટ્રામાં ૩૦ રન મળ્યા હતા. બેન સ્ટૉક્સે આઠ વર્ષમાં પહેલી જ વાર ટેસ્ટના દાવમાં પાંચ વિકેટ લીધી હતી. બેન સ્ટૉક્સે પાંચ ઉપરાંત જોફ્રા આર્ચરે ત્રણ વિકેટ લીધી હતી.

## જગદીશનને ઈંગ્લૅન્ડ બોલાવાયો

ઈજાગ્રસ્ત રિષભ પંત મૅન્ચેસ્ટરની વર્તમાન ટેસ્ટમાં તેમ જ પછીની છેલ્લી ટેસ્ટમાં વિકેટકીપિંગ નહીં કરી શકે એટલે તેના સ્થાને મોટા ભાગે ધ્રુવ જુરેલ વિકેટકીપિંગની જવાબદારી સંભાળશે. જોકે વધુ એક વિકેટકીપરને સ્ક્વૉડમાં રાખવાના હેતુથી તામિલનાડુના એન. જગદીશનને ઇંગ્લૅન્ડ બોલાવવામાં આવ્યો છે. ■

# બરાબર એક વર્ષ પછી લૉર્ડ્સમાં ભારતીય મહિલા ક્રિકેટરોનું નામ સુવર્ણ અક્ષરે લખાશે

### ક્રિકેટના મક્કામાં ઈંગ્લૅન્ડ સૌપ્રથમ મહિલા ટેસ્ટ ભારત સામે રમશે

લંડનઃ પુરુષોની ટેસ્ટ-ક્રિકેટનો આરંભ ૧૮૭૭ની સાલમાં (૧૪૮ વર્ષ અગાઉ) થયો હતો, પરંતુ ક્રિકેટના મક્કા ગણાતા ઇંગ્લૅન્ડના લૉર્ડ્સમાં સૌપ્રથમ ટેસ્ટ જુલાઈ, ૧૮૮૪માં રમાઈ હતી અને હવે એ જ ઐતિહાસિક સ્થળે મહિલાઓની સૌપ્રથમ ટેસ્ટ-મૅચ રાખવાનું નક્કી થયું છે, જેમાં યજમાન ઇંગ્લૅન્ડનો મુકાબલો ભારત સાથે થશે. આ જાહેરાત ગુરુવારે કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે જુલાઈ, ૨૦૨૬માં લૉર્ડ્સમાં મહિલાઓની પહેલી ટેસ્ટ ઇંગ્લૅન્ડ-ભારત વચ્ચે રમાશે.

૧૮૮૪ની ટેસ્ટમાં ઇંગ્લૅન્ડે ઑસ્ટ્રેલિયાને એક દાવ અને પાંચ રનથી હરાવ્યું હતું. હવે જુલાઈ, ૨૦૨૬માં મહિલાઓની સૌપ્રથમ ટેસ્ટમાં ભારત અને ઇંગ્લૅન્ડમાંથી કોણ જીતશે એ જોવું રહ્યું.

ભારત અને ઇંગ્લૅન્ડની મહિલા ટીમ વચ્ચેની ટેસ્ટ મૅચ ચાર દિવસની હશે. ઇંગ્લૅન્ડમાં ૧૨ જૂનથી પાંચમી જુલાઈ સુધી મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ રમાશે અને ત્યાર બાદ મહિલાઓની ઐતિહાસિક ટેસ્ટ લૉર્ડ્સમાં રમાશે.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૬ની મે-જૂન દરમ્યાન ભારતીય મહિલા ક્રિકેટરો ઇંગ્લૅન્ડમાં ટી-૨૦ સિરીઝ પણ રમશે.

દરમ્યાન ૨૦૨૬માં ભારતીય ક્રિકેટરોનો આખો જુલાઈ મહિનો ઇંગ્લૅન્ડમાં વીતશે, કારણકે એ મહિનામાં ભારતના ખેલાડીઓ બ્રિટિશરો સામે સૌથી પહેલાં તો પાંચ ટી-૨૦ રમશે અને ત્યાર બાદ ત્રણ વન-ડે મૅચની સિરીઝ રમાશે. ■

# પંત ૯૦મી સિકસર ફટકારતાં જ રેકૉર્ડ-બુકમાં

મૅન્ચેસ્ટરઃ વાઇસ-કૅપ્ટન રિષભ પંતે ગુરુવારે અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટના પ્રથમ દાવમાં ઇનિંગ્સની બીજી સિક્સર ફટકારી એ સાથે તેણે ફાંકડી ફટકાબાજી માટે જગવિખ્યાત વીરેન્દર સેહવાગના ભારતીય રેકૉર્ડની બરોબરી કરી લીધી હતી. ટેસ્ટ-ક્રિકેટમાં ભારતીયોમાં હવે સેહવાગની જેમ પંતની પણ સૌથી વધુ ૯૦ સિક્સર છે.

પંત લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં ડાબા હાથની આંગળીમાં થયેલી ઈજા ભૂલીને અહીં ચોથી ટેસ્ટમાં રમ્યો, પણ બુધવારે તેને બૉલ વાગતાં જમણા પગમાં ફ્રેક્ચર થયું હતું અને રિટાયર હર્ટ થયો હતો એમ છતાં તે (અંગૂઠો તૂટી જવા છતાં) ગુરુવારે ઇનિંગ્સ આગળ વધારવા પાછો બૅટિંગમાં આવ્યો ત્યારે પ્રેક્ષકોએ ઊભા થઈને તેનું સ્વાગત કર્યું હતું.

પંતે લડાયક ઇનિંગ્સમાં બ્રિટિશ બોલર્સના એક પછી એક હુમલા જેવા બૉલનો હિંમતથી સામનો કરીને હાફ સેન્ચુરી પૂરી કરી હતી. તેણે ૭૫ બૉલમાં બે સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૫૪ રન કર્યા હતા. તે જોફ્રા આર્ચરના બૉલમાં ક્લીન બોલ્ડ થયા બાદ પાછો આવ્યો ત્યારે પણ પ્રેક્ષકોએ ઊભા થઈને આ યાદગાર ઇનિંગ્સ બદલ તેને સન્માન આપ્યું હતું.

### ભારત વતી ટેસ્ટમાં કોની સૌથી વધુ સિક્સર

(૧) રિષભ પંત, ૮૨ ઇનિંગ્સમાં ૯૦ સિક્સર

(૨) વીરેન્દર સેહવાગ, ૧૭૮ ઇનિંગ્સમાં ૯૦ સિક્સર

(૩) રોહિત શર્મા, ૧૧૬ ઇનિંગ્સમાં ૮૮ સિક્સર

(૪) એમએસ ધોની, ૧૪૪ ઇનિંગ્સમાં ૭૮ સિક્સર

(૫) રવીન્દ્ર જાડેજા, ૧૨૫ ઇનિંગ્સમાં ૭૪ સિક્સર

નોંધઃ સચિન તેન્ડુલકર (૩૨૯ ઇનિંગ્સમાં ૬૯ સિક્સર) છઠ્ઠા નંબરે છે. ■

# પરાક્રમી પંતને શુભેચ્છા અને શાબાશી









# યુએઈમાં જામશે ભારત-પાકિસ્તાનની ટક્કર

### સપ્ટેમ્બરનો એશિયા કપ તટસ્થ સ્થળે રાખવા સહમતીઃ થોડા દિવસમાં જાહેર કરાશે શેડ્યૂલ

નવી દિલ્હી/ઢાકાઃ આગામી સપ્ટેમ્બરનો ટી-૨૦ ફૉર્મેટનો એશિયા કપ યોજવાનો ભારતને અધિકાર છે અને આ ટૂર્નામેન્ટ તટસ્થ સ્થળ યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)માં રાખવા બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) સહમત થયું છે. આ સ્પર્ધામાં ભારતની તમામ મૅચો દુબઈમાં રમાશે અને એ ક્રિકેટ-ક્રેઝી શહેરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે એક કરતાં વધુ મુકાબલા થવાની પાકી સંભાવના છે. થોડા દિવસમાં સમયપત્રક જાહેર થવાની સંભાવના છે.

એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ની ગુરુવારની મીટિંગમાં તમામ પચીસ મેમ્બર-રાષ્ટ્રોના ટોચના અધિકારીઓએ (પ્રત્યક્ષ અથવા વર્ચ્યૂઅલી) હાજરી આપી હતી. ભારત વતી બીસીસીઆઇના ઉપ-પ્રમુખ રાજીવ શુક્લાએ આ બેઠકમાં વર્ચ્યૂઅલી હાજરી આપી હતી.

ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવશે એવી સંભાવના છે. આ સ્પર્ધા સપ્ટેમ્બરમાં અંતિમ અઠવાડિયા પહેલાં પૂરી થઈ જશે, કારણકે એ અરસામાં ભારતની વેસ્ટ ઇન્ડિઝ સામે ટેસ્ટ-સિરીઝ શરૂ થવાની છે.

ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને પગલે એશિયા કપ યોજાશે કે કેમ એ વિશે અટકળો થતી હતી. જોકે હવે સ્પષ્ટતા થઈ ગઈ છે કે એ યુએઇમાં યોજાશે.

બાંગ્લાદેશમાં રાજકીય અશાંતિ છે. ખાસ કરીને ઢાકા અને અન્ય ભાગોમાં લોકોમાં હિન્દુ-વિરોધી અભિગમ છે. ભારતે એસીસી સમક્ષ પહેલાં જ શરત મૂકી હતી કે જો એશિયા કપ ઢાકામાં રમાવાનો હોય તો ભારત તરફથી કોઈ પણ અધિકારી મીટિંગમાં જ નહીં આવે. જોકે એ ઢાકામાં નહીં યોજાય એવી ભારતને આડકતરી ખાતરી મળી હતી. ■

# ભારતની ૧૭ વર્ષની ઉન્નતિએ સિંધુને હરાવી, હવે ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન સાથે ટકરાશે

### હરિયાણાની ટીનેજરે કહ્યું, 'મેં જરાય નહોતું ધાર્યું કે હું સિંધુને હરાવી દઈશ'

ચાન્ગઝોઉઃ હરિયાણાના રોહતકની ૧૭ વર્ષની ઉન્નતિ હૂડાએ અહીં ચાઇના ઓપન સુપર નામની બૅડમિન્ટન સ્પર્ધામાં ભારતની જ પીઢ ખેલાડી અને બે ઑલિમ્પિક મેડલ જીતી ચૂકેલી પી. વી. સિંધુને હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ઉન્નતિએ બીજી જ વાર સિંધુનો સામનો કર્યો હતો અને તેને ૭૩ મિનિટમાં હરાવીને સુપર-૧૦૦૦ કૅટેગરીની ઇવેન્ટની ક્વૉર્ટરમાં પહેલી જ વાર એન્ટ્રી કરી હતી.

ઉન્નતિનો સિંધુ સામે ૨૧-૧૬, ૧૯-૨૧, ૨૧-૧૩થી વિજય થયો હતો. હવે ઉન્નતિ ક્વૉર્ટરમાં સિંધુની જ કટ્ટર હરીફ અને જાપાનની અકેન યામાગુચી સામે રમશે. યામાગુચી આ સ્પર્ધામાં થર્ડ-સીડેડ છે અને બે વાર વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકી છે.

ખુદ ઉન્નતિ ગુરુવારે સિંધુ સામેના વિજય બાદ આશ્ચર્યચકિત હતી. તેણે પત્રકારોને કહ્યું હતું કે 'હું મારી સર્વશ્રેષ્ઠ ક્ષમતાથી રમવાના દૃઢ નિર્ધાર સાથે આ મૅચમાં રમવા આવી હતી, પણ હું જીતીશ એવું મેં ધાર્યું જ નહોતું. હું સિંધુ જેવી નામાંકિત ખેલાડી સામે જીતી એ બદલ ગર્વ અનુભવું છું.'

સિંધુએ મૅચ પછી કહ્યું, 'ઉન્નતિ ખૂબ સારું રમી. તે ઊભરતી ખેલાડી છે. હું તેને ભવિષ્ય માટે શુભેચ્છા આપું છું.'

પુરુષોની સિંગલ્સમાં એચ. એસ. પ્રણોય બીજા રાઉન્ડમાં ચાઇનીઝ તાઇપેઇના ચોઉ ટિએન ચેન સામે પ્રથમ ગેમ જીત્યા બાદ બીજી બે ગેમમાં ૧૫-૨૧, ૮-૨૧થી હારી ગયો હતો. જોકે પુરુષોની ડબલ્સમાં ભારતના સાત્વિકસાઇરાજ રૅન્કિરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ ઇન્ડોનેશિયાના લીઓ રૉલી કાર્નેન્ડો અને બાગાસ મૌલાનાને ૨૧-૧૯, ૨૧-૧૯થી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ■

# બ્રિટિશ ફીલ્ડરોએ જોરદાર અપીલ કરી, પંત ઈજાને લીધે કણસતો રહ્યો અને પછી...

### ભારતીય વાઇસ-કૅપ્ટન સિરીઝની બહાર, પાંચથી છ અઠવાડિયાના આરામની સલાહ

મૅન્ચેસ્ટરઃ અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે એક તરફ યજમાન ઇંગ્લૅન્ડની ટીમનો હાથ ઉપર હતો ત્યાં બીજી બાજુ ભારતીય ટીમની પ્લેઇંગ-ઇલેવન લગભગ પ્લેઇંગ-ટેન થઈ ગઈ હતી, કારણકે વાઇસ-કૅપ્ટન રિષભ પંત જમણા પગની ઈજાને લીધે સિરીઝની લગભગ બહાર થઈ ગયો છે. બુધવારે રમતના બીજા સત્ર દરમ્યાન ફાસ્ટ બોલર ક્રિસ વૉક્સના યૉર્કરમાં પંત રિવર્સ સ્વીપનું સાહસ કરવા ગયો ત્યારે બૉલ તેના જમણા પગના નીચેના ભાગ પર વાગ્યો હતો. બ્રિટિશ ફીલ્ડરોએ એલબીડબ્લ્યૂની જોરદાર અપીલ કરી હતી ત્યાં પંત પગના દુખાવાને કારણે કણસતો રહ્યો હતો અને ક્રીઝની બહાર નીકળી ગયો હતો. તેના પગમાંથી લોહી નીકળતું હતું.

જોકે બ્રિટિશ ટીમે જે રિવ્યૂ લીધી હતી એમાં પંત નૉટઆઉટ જાહેર કરાયો હતો, પરંતુ ગંભીર ઈજાને કારણે તેને ઍમ્બ્યૂલન્સ તરીકે ઓળખાતી ગૉલ્ફ બગીમાં બેસાડીને મેદાનની બહાર લઈ જવામાં આવ્યો હતો. ત્યારે પંતનો પગ સૂજી ગયો હતો અને તે સરખો ઊભો પણ નહોતો રહી શકતો. તેને સ્ટેડિયમની ક્લિનિકમાં લઈ જવામાં આવ્યો હતો અને કૅપ્ટન શુભમન ગિલ તરત તેની પાસે પહોંચી ગયો હતો અને ત્યાંથી પંતને પગના સ્કૅન માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પંત ૩૭ રને રિટાયર હર્ટ થયો હતો. તે લડાયક વૃત્તિનો બૅટ્સમૅન છે. ઘાયલ થતાં પહેલાં તેણે જોફ્રા આર્ચરના બૉલમાં સ્વીપ શૉટ માર્યો હતો અને પછી ફાસ્ટ બોલર બ્રાયડન કાર્સ જાણે સ્પિનર હોય એ રીતે તેના બૉલમાં ફટકો માર્યો હતો.

### પંતની ઈજા કેવા પ્રકારની છે?

પંતને જમણા પગમાં ફ્રેક્ચર થયું છે અને ડૉક્ટરે તેને પાંચથી છ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી છે. તે મૂન બૂટ પહેરીને સ્ટેડિયમમાં પાછો આવ્યો હતો. મૂન બૂટ પગના રક્ષણ માટેના એક પ્રકારના ઑર્થોપેડિક બૂટ છે. પંતને મેટાટાર્સલ બોન્સ પ્રકારની ઈજા થઈ છે. આમાં દર્દીને પગના અંગૂઠા અને ઘૂંટી વચ્ચેના પાંચ લાંબા હાડકામાં ઈજા થઈ હોય છે.

આઠ વર્ષે ફરી રમી રહેલા ઇંગ્લૅન્ડના સ્પિનર લિઆમ ડૉસને એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'આશા રાખું છું કે પંતને જલદી સારું થઈ જશે. જોકે તેની ઈજા ગંભીર છે.'

પંતને લૉર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં હાથની આંગળીમાં ઈજા થઈ હતી જેને લીધે તેણે ફક્ત બૅટિંગ કરી હતી અને ધ્રુવ જુરેલે વિકેટકીપિંગમાં તેના સ્થાને જવાબદારી સંભાળી હતી. ■

# ૪૫ વર્ષની વીનસ વિલિયમ્સ ઉંમરમાં આઠ વર્ષ નાના ઍક્ટર પ્રેટિ સાથે લગ્ન કરશે

રોમઃ મહિલા ટેનિસનાં સાત ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલી અને આ અઠવાડિયે ૧૬ મહિના પછીની પ્રથમ સિંગલ્સ મૅચ રમનાર અમેરિકાની ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન વીનસ વિલિયમ્સે જાહેર કર્યું છે કે તેણે ઇટલીના મૉડેલ અને ઍક્ટર ઍન્ડ્રીઆ પ્રેટિ સાથે સગાઈ કરી લીધી છે અને આગામી સપ્ટેમ્બરમાં તેની સાથે લગ્નગ્રંથિથી જોડાઈ જશે. વીનસ ડેન્માર્કમાં જન્મેલા પ્રેટિથી આઠ વર્ષ મોટી છે.

વીનસ ૪૫ વર્ષની છે અને પ્રેટિ ૩૭ વર્ષનો છે. તેઓ ૨૦૨૪માં એકમેકને પહેલી વાર મળ્યાં હતાં અને ફેબ્રુઆરી, ૨૦૨૫માં વીનસની આંગળીમાં ડાયમંડ રિંગ જોવા મળી ત્યારથી તેના ફિયાન્સ વિશેની અટકળો અખબારો અને મૅગેઝિનોમાં થતી હતી. વીનસે સત્તાવાર રીતે છેક હવે જાહેર કર્યું છે કે તેણે પ્રેટિ સાથે સગાઈ કરી છે અને બે મહિના પછી ઇટલીમાં તેની સાથે લગ્ન કરશે.

વીનસે પત્રકારોને બુધવારે કહ્યું હતું કે 'પ્રેટિએ મને ટેનિસની કરીઅર લંબાવવા ખૂબ પ્રોત્સાહિત કરી છે અને એટલે જ હજી આટલી મોટી ઉંમરે હું રમી રહી છું.'

૨૦૨૪માં ઇટલીના અમાલ્ફી બીચ પર એક યૉટની સફર દરમ્યાન પહેલી વાર વીનસ-પ્રેટિ એકમેકને મળ્યાં હતાં. પ્રેટિનો ઉછેર ઇટલીમાં થયો હતો. તે ટીવી સિરીઝ 'અ પ્રૉફેસર'માં ભૂમિકા ભજવી ચૂક્યો છે. ૨૦૨૩માં 'ટૅમ્પટેશન' નામના ડ્રામામાં પણ તેણે ભૂમિકા ભજવી હતી. તે ઇટલીના 'ધ મોલ' રિયાલિટી શૉમાં પણ કામ કરી ચૂક્યો છે. પ્રેટિ મલ્ટિ-ટૅલન્ટેડ છે અને ઇટલીમાં ફૅશન આઇકન તરીકે જાણીતો છે.


વીનસની નાની બહેન સેરેના વિલિયમ્સ ૪૩ વર્ષની છે. સેરેનાએ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ 'રેડિટ'ના સહ-સ્થાપક ઍલેક્સી ઑહાનિયન સાથે લગ્ન કર્યાં છે. તેમને બે પુત્રી છે. ઑલિમ્પિયા આઠ વર્ષની અને ઍડિરા બે વર્ષની છે. ■

# મેટિની

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

## હોરરની હવામાં વર્તાય છે પ્રેમનો પાવર!

### હોરર ફિલ્મોના પ્રભાવી દોરમાં સાવ નવા જ હીરો - હીરોઈન સાથેની લવ સ્ટોરી સફળતાના રસ્તે સડસડાટ આગળ વધી રહી છે






યાદ કરો ૧૯૮૯. એ વર્ષે આશરે ૨૦૦ ફિલ્મ રિલીઝ થઈ હોવાની નોંધ મળે છે. આંકડો વધારે - ઓછો હોઈ શકે છે, પણ એમાં મહત્ત્વની વાત એ છે કે તેમાંથી લગભગ ૪૦ ટકા એક્શન ફિલ્મ હતી - 'ત્રિદેવ', 'દાતા', 'એલાન - એ - જંગ', 'પરિંદા', 'આગ સે ખેલેંગે' ઈત્યાદિ ઈત્યાદિ. એની સામે રોમેન્ટિક ફિલ્મોની સંખ્યા ગણવા બેસીએ તો બે આંગળીના વેઢા પણ વધી પડે એવી હાલત હતી. રિલીઝ થયેલી ફિલ્મોમાં કમાણીની દ્રષ્ટિએ ટોપ ૨૦ ફિલ્મમાં ૧૫ એક્શન ચિત્રપટ હતા. પણ... પણ ...

...પણ, સૌથી વધુ કમાણી કરનારી પ્રથમ ત્રણ ફિલ્મમાં બે હતી 'મૈંને પ્યાર કિયા' અને 'ચાંદની'. બંને લવ સ્ટોરી, એક યંગસ્ટર્સની અને બીજી મેચ્યોર્ડ પાત્રોની. ધગધગતા રણમાં ગુલાબની હાજરી જેવી એ વાત હતી.

વાત કરીએ ૨૦૨૪-૨૫ની. દોઢેક વર્ષમાં રિલીઝ થયેલી ફિલ્મોની આધારભૂત સંખ્યા ઉપલબ્ધ નથી, પણ આ દોઢ વર્ષમાં હોરર અને ખાસ કરી હોરર કોમેડી તેમજ સિક્વલ ફિલ્મોએ સપાટો બોલાવ્યો હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે.

લવસ્ટોરી- રોમેન્ટિક ફિલ્મો કેટલી? બે આંકડામાં પણ સંખ્યા નથી પહોંચી. હોરર સામે હૈયાની બાદબાકી થઈ ગઈ હોય એવું ચિત્ર ઊપસે છે. અને...અને...

અને રિલીઝ થઈ 'સૈયારા'. સાવ નવા સવા બે એક્ટર (અહાન પાંડે - અનીત પડ્ડા)ને લીડ પેરમાં લઈ બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સપાટો બોલાવી રહી છે. પહેલા પાંચ દિવસમાં આ ફિલ્મને દેશમાં ૧૨૮ કરોડનો અને વિદેશનો ઉમેરી ૧૫૦ કરોડનો વકરો કરવામાં સફળતા મળી છે. હોરરના હવામાનમાં પ્રેમનો પાવર ઊભરી આવ્યો છે. આર્થિક સફળતાની સાથે સાથે ફિલ્મ માટે એક ગજબનું ગાંડપણ સુધ્ધાં જોવા મળી રહ્યું છે. થિયેટરમાં પબ્લિક નાચે છે, સીટી મારે છે, ચિચિયારી પાડે છે, ધ્રુસકે ધ્રુસકે રડે છે, શર્ટ ઉતારે છે... નાદમાં આવો ઉન્માદ ઘણા વર્ષો બાદ જોવા મળે છે.

૧૪ જાન્યુઆરી, ૨૦૦૦ના દિવસે રિલીઝ થયેલી 'કહો ના... પ્યાર હૈ' વખતે પણ યંગ ઓડિયન્સમાં આવી ઘેલછા જોવા મળી હતી. અલબત્ત, એ ફિલ્મ કરતાં હૃતિક રોશન માટે વધારે હતી. 'ચાંદની'ને બાદ કરતા 'મૈંને પ્યાર કિયા' તેમજ 'કહો ના... પ્યાર હૈ'માં હીરો - હીરોઈન નવોદિત હતા, પણ આ બંને ફિલ્મ સ્ટાર પાવરની ઐસીતૈસી કરી ફિલ્મે ધૂમ સફળતા મેળવી શકી હતી. ૪૫ કરોડના બજેટમાં બનેલી 'સૈયારા' તગડો વકરો કરશે એવા એંધાણ તો મળી જ ગયા છે.

'ચાંદની', 'મૈંને પ્યાર કિયા' અને 'કહો ના... પ્યાર હૈ'નું મૂલ્યાંકન જે તે સમયમાં થયું છે અને 'સૈયારા'ની વાત કરીએ તો કેટલાક લોકોએ આ ફિલ્મને વખોડી કાઢી છે તો ઘણા એવા પણ છે જેમણે ફિલ્મની આરતી ઉતારી છે. બે છેડાના અભિપ્રાય વચ્ચે ફિલ્મ તો સડસડાટ દોડી રહી છે અને ફરી એક વાર સિદ્ધ થાય છે કે વિવેચકના ચશ્માના નંબર સાથે દર્શકના ચશ્માનો મેળ બેસે એ જરૂરી નથી. 'સૈયારા'નો ડંકો કેવળ મહાનગરોમાં જ વાગ્યો છે એવું નથી, નાનાં શહેરો-નગરોમાં પણ એનું બ્યુગલ વાગ્યું છે. થિયેટર છલકાતા હોવાના અહેવાલ આવી રહ્યા છે. ફિલ્મની લોકપ્રિયતાને વટાવી લેવાના ઈરાદાથી ફિલ્મ નિર્માણ કંપની 'યશરાજ ફિલ્મ્સે' એક દિવસ માટે ટિકિટના દર ઘટાડી ૭૫ રૂપિયા કર્યા હતા અને આ વ્યૂહ વધુ દર્શકોને થિયેટર સુધી ખેંચી લાવવામાં સફળ રહ્યો હતો.

ફિલ્મની તરફેણમાં વધુ અભિપ્રાય છે. બે વજનદાર અભિપ્રાય જાણીએ. એક છે ફિલ્મ બિઝનેસના અઠંગ અભ્યાસુ તરણ આદર્શનો અને બીજો છે ખ્યાતનામ ફિલ્મ મેકર સુભાષ ઘઈનો. તરણ આદર્શે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર રજૂઆત કરી છે કે ફિલ્મ 'સાયરા' ઈન્ડસ્ટ્રીમાં નવો પ્રાણ ફૂંકવામાં સફળ રહી છે. 'સૈયારા' જોવા ઊમટી પડતા દર્શકો ઈન્ડસ્ટ્રી માટે પોઝિટિવ સાઈન છે. અલબત્ત વાત માત્ર કમાણીની નથી. 'સૈયારા'એ શીખવેલા પાઠ મહત્ત્વના છે. યંગસ્ટર્સની લવસ્ટોરીમાં જો ઉમદા સંગીત અને હૃદયને સ્પર્શી જતી લાગણી છલકાતી હોય તો દર્શકો દોડતા દોડતા આવવાના જ...'

સુભાષ ઘઈએ નિર્માતા આદિત્ય ચોપડા અને ડિરેક્ટર મોહિત સુરીને સફળતા માટે અભિનંદન આપી એક મહત્ત્વની વાત કરી છે કે 'નવા નકોર' કલાકાર સાથેની ફિલ્મ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવે ત્યારે ફિલ્મમાં પૈસાનું રોકાણ કરતાં તેમ જ ફિલ્મનું નિર્માણ કરનારાઓએ ફિલ્મ ઓવર બજેટ ન થઈ જાય એનું ધ્યાન રાખવાની જરૂર છે. અંતે તો સારી વાર્તા અને સારી ટ્રીટમેન્ટનું જ વજન હોય છે. માર્કેટિંગ સ્ટન્ટ્સ પાછળ પૈસા ખર્ચવાની જરૂર નથી.'

આજના યુવા વર્ગના જીવનમાં માનસિક સ્વાસ્થ્ય વિલનની ભૂમિકા ભજવી રહ્યું છે ત્યારે 'સૈયારા'માં નિઃસ્વાર્થ પ્રેમ અને ત્યાગ-બલિદાનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે જે દર્શકોને મોહિત કરી રહ્યું છે એવો દાવો એક ફિલ્મના અભ્યાસુએકર્યો છે.ઈર્શાદ કામિલ લિખિત ટાઈટલ સોંગ 'સૈયારા મેરા બદલા નહીં હૈ, મૌસમ થોડા બદલા હુઆ હૈ' ધૂમ મચાવી રહ્યું છે અને એના સ્વરાંકનમાં પાંચ સંગીતકારનો ફાળો છે, બોલો.


આદિત્ય ચોપડા - યશરાજ ફિલ્મ્સ માટે 'સૈયારા' મોડર્ન 'ડીડીએલજે' (દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે) સાબિત થઈ રહી છે. અનેક લોકો આ ફિલ્મને Black Swan Event પણ કહી રહ્યા છે. કોઈ અણધાર્યો પ્રસંગ કે વાયરલ ઘટના જ્યારે અસાધારણ પ્રભાવ છોડે એ Black Swan Event કહેવાય છે. ધીમી શરૂઆત પછી દોડવા લાગી હોવાથી આ ફિલ્મ Sleeper Hits તરીકે પણ ઓળખાઈ છે. હોરર ઉપરાંત સિક્વલ ફિલ્મો છવાઈ હતી એ વાતાવરણમાં સંગીત પ્રધાનપ્રેમકથા વર્ષના સૌથી મોટા ખેલ તરીકે આશ્ચર્ય ઊભું કરી રહી છે. સિને પ્રેમીઓને 'એક દુજે કે લિયે'નીયાદ આવી ગઈ હોય તો નવાઈ નહીં. ફિલ્મની સફળતાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે 'પ્રેક્ષક માઈબાપને ક્યારે શું ગમી જાય એ સમજવું મુશ્કેલ જ નહીં, નામુમકિન છે.'


-અને છેલ્લે... ફિલ્મમેકરોના દાવા મુજબ 'સૈયારા' ટાઇટલનો અર્થ થાય છે તારામંડળમાં એકલવાયો તારો. પોતે પ્રકાશમાન થઈ વિશ્વમાં ઝગમગાટ ફેલાવે. ફિલ્મ 'સૈયારા' ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે એવું કરી શકશે? ■

---

**સ્ટાર-ચાર-કલાકાર**
**સંજય છેલ**

## જાજરમાન જાનદાર જનકવિ પ્રિય આનંદ બક્ષી...





૧૯૯૧માં બાવીસ વરસે હું નિર્દેશક રમેશ તલવારનો ચોથો આસિસ્ટંટ હતો ત્યારે ફિલ્મ 'સાહિબા' વખતે પહેલીવાર ધી આનંદ બક્ષીને નજરોનજર જોયા. એ ફિલ્મમાં ઋષિ કપૂર એક અનાથ ઘેંટા-બકરા ચરાવતો પહાડી યુવાન છે અને વાંસળીનો શોખીન છે. શિવ-હરિની ટીપિકલ પહાડી લોકગીતની ધૂન પર પાંચ જ મિનિટમાં બક્ષીજીએ ગીત લખ્યું- 'બાંસુરી યે બાંસુરી નહીં, બાંસુરી યે હૈ મેરી ઝિંદગી...'

રેકોર્ડિંગ વખતે મને યાદ આવ્યું કે ઋષિ કપૂર 'અનાથ' છે ને અવાવરુ મંદિરમાં રહે છે એ પણ ગીતમાં એસ્ટાબ્લિશ કરવાનું હતું પણ રહી ગયેલું... બીતાં બીતાં મેં ડાયરેક્ટરને વાત કહી. એમણે મને ધમકાવ્યો. 'છેક હવે કહે છે? ચૂપ રહે!' જોકે, આનો અણસાર આનંદ બક્ષીને આવતા જ કહ્યું :

'નહીં! રેકોર્ડિંગ રોકો, કુછ કરતા હું...' બક્ષીજી મને બાજુની રૂમમાં લઈ ગયા, પોતાની અદામાં બે આંગળી વચ્ચે સિગરેટ સળગાવીને કહ્યું : 'લિખો! આઈ નહીં કભી કોઇ ચિઠ્ઠી મેરે નામ કી!'

હું તો અવાક કે સિચ્યુએશન પર આટલી ઊંડી લાઈન માત્ર ૨૦ જ સેકંડમાં?!

મેં અનેક ગીતકારો સાથે કામ કર્યું છે, પણ આનંદ બક્ષી જેટલી સરળતા ને ફિલ્મી સિચ્યુએશનને સમજીને આ રીતે 'શીઘ્ર કવિતા' રચનાર બીજા કોઇ જોયા નથી.

અફકોર્સ, આનંદ બક્ષી ગંભીર હિંદી-ઉર્દૂના ક્લાસિક શાયર નહોતા. મજરૂહ-સાહિર જેવા સિનિયર ગીતકારો એમને ટોણાં પણ મારતા કે 'બક્ષી, તું ગાને અચ્છે લિખતે હો...પર શાયર થોડે હી હો?!'

એનો જવાબ બક્ષીએ 'બોબી' ફિલ્મમાં 'મૈં શાયર તો નહીં' ગીતનું મુખડું લખીને આપેલો ને પછી જ્યારે ગીતકાર-શાયર બંને રીતે હિટ થયા ત્યારે એમણે જ 'કર્ઝ'માં 'પહેલે તો મૈં શાયર થા, આશિક બનાયા આપને...!' લખ્યું.

બક્ષીજીનાં સદાબહાર ગીતોનાં કમાલ વિશે લોકોએ ખૂબ લખ્યું છે પણ મારું સૌભાગ્ય છે કે ત્રણેક ફિલ્મમાં બક્ષીજીની સાથે કામ કરવા મળ્યું ને પછી તો અનેક સાંજો એમની સાથે ગાળી. બક્ષીજીને સિચ્યુએશન કહો એટલે થોડીવાર બાજુના રૂમમાં જાય, એક મોટો ચોપડો ખોલે ને કંઈક લખી આવે. પછી કોઇ શહેનશાહ ઐલાન કરતા હોય એમ કહે- 'લિખો' અને ગીત લખાવડાવે...

(બક્ષી ઉર્દૂમાં લખતા ને અસિસ્ટંટને હિંદીમાં ઉતરાવતા) ફરી ફરી પોતાનું ગીત સાંભળે, સુધારાવધારા કરે ને ૧૫ મિનીટમાં ગીત તૈયાર! ત્યારે અસલમાં હું ગીતકાર તરીકે સંઘર્ષ કરતો ને પછી તો ૫૦-૬૦ ગીતો પણ લખ્યા છે તો બક્ષીજીએ મને શીખવેલું કે નિર્દેશક સંગીતકારને ૧૦-૧૨ અંતરા આપીને એટલા બધા વિકલ્પ આપવાના કે ચર્ચા જ ના કરે...!

એકવાર મેં પૂછ્યું કે તમે બાજુની રૂમમાંથી ચોપડો લાવીને જુઓ છો એમાં શું છે? બક્ષીએ કહ્યું, 'યે મેરા રિયાઝ હૈ. મૈંને ૧૦૦૦-૨૦૦૦ રદિફ-કાફિયા (પ્રાસ-અનુપ્રાસ)ના શબ્દો લખી રાખ્યા છે. જેમકે- રાસ્તે-વાસ્તે, વગેરે વગેરે. લખવામાં જ્યારે અટકી જાઉં તો મને એમાંથી રસ્તો મળે!'

એ પછી ૧૯૯૪માં આશુતોષ ગોવારીકરની પહેલી ફિલ્મ 'પહેલા નશા'માં હું લખતો હતો ને બક્ષીજી ગીતો લખતાં. મારા મિત્રો નીરજ વોરા-ઉત્તંક વોરાનું સંગીત. એમનાં ગીતોની ધૂન પર ડમી-લિરિક્સ એટલે કે 'કામચલાઉ શબ્દો' મેં લખેલા હોય, પણ એ જ ગીતોને બક્ષીજી જે રીતે ઉઠાવ આપતા એ જોઈને રીતસર હાથ જોડાઈ જાય. એમાં ફિલ્મોમાં સ્ટ્રગલ કરતા છોકરા દીપક તીજોરીનું એક ગીત હતું. મેં કાચા ડ્રાફ્ટ તરીકે લખેલું, 'યારો.. મૈં બન ગયા સુપરસ્ટાર' તો બક્ષીજીએ સુધાર્યું : 'સુપર-સ્ટાર' બાદ મેં બનતા હૈં, પહેલે 'ફિલ્મ-સ્ટાર' બનના પડતા હૈ તો બન ગયા ફિલ્મ સ્ટાર આવે...' વળી એમણે બોલિવૂડમાં નસીબ એટલે કે લક ફેક્ટર સમજાવેલું કે એમણે પોતે સફળતા પહેલાં ૧૫ વર્ષ કારમી ગરીબી, નિષ્ફળતા, કેટકેટલાં અપમાનો સહન કરેલા...ને પછી એક પંક્તિ લખાવીઃ

*'યે નસીબ ક્યા હૈ, એક લોટરી હૈ,*
*હાથ મૈં ના આયે ઐસી છોકરી હૈ...'*

આમાં સરળતા પણ છે, મસ્તી પણ. સો વરસના બોલતી ફિલ્મના ઈતિહાસમાં જો કોઇ પાત્રની ભાષા-બોલીને વફાદાર રહીને ગીત લખી શક્યા હોય તો એ ગીતકાર એટલે એકમાત્ર- 'આનંદ બક્ષી'.

'દુશ્મન' ફિલ્મમાં એક ટ્રક ડ્રાઈવરની નજરે સ્ત્રીના સૌંદર્યની વ્યાખ્યા કરતી લાઈન 'તેરી યે ઝુલ્ફ હૈ યા સડક કા મોડ હૈ યે?'... આ અલ્લડ ડ્રાઈવર બનતા રાજેશ ખન્નાની જુબાન સાથે કેટલું પરફેક્ટ છે? વળી બક્ષીજીના કુછ તો લોગ કહેંગે કે પબ્લિક હૈ યે સબ જાનતી હૈ જેવાં ગીતો આજે કહેવત જેવાં બની ગયા છે. જગતનાં ઇતિહાસમાં ૩૫૦૦થી વધુ ગીતો, આટઆટલી વેરાયટી સાથે બીજા કોઇ ગીતકારે લખ્યા નથી. રોમાંસ, વિરહ, દુઃખ, દોસ્તી સાથે હાસ્ય પણ ગીતમાં લાવનાર એક હતા આનંદ બક્ષી ને બીજા મજરૂહ સુલ્તાનપુરી. આ બંનેએ ગીતોમાં હાસ્ય લાવવાનું ખૂબ અઘરૂ કામ કરી દેખાડ્યું.

મજરૂહ અને બક્ષી વચ્ચે હંમેશાં મીઠી ઇર્ષ્યા ને નોંકઝોંક ચાલ્યા કરે. એકવાર જતીન-લલિતના મ્યુઝિકરૂમ પર મજરૂહજી જતા હતાં ને બક્ષી પ્રવેશ્યા. બક્ષીજીએ મજરૂહજીને મસ્તીમાં કહ્યું, ક્યા અંકલ, અભી ભી ઈસ ઉમ્ર મેં જવાની કે ગાને કૈસે લિખ લેતે હો? ક્યા દવાઈ લેતે હો?(મજરૂહ પોતે યુનાની ડો. કે હકીમ હતા.) પણ મજરૂહને એ વખતે બક્ષીની વાતનો ટોન ગમ્યો નહીં એટલે ભડક્યા : 'બક્ષી, યે મત ભૂલો હમ તુમ્હારે 'ઝેહની બાપ હૈ' એટલે કે માનસ પિતા કે 'તારી કળામાં હું તારો બાપ છું.' બક્ષીજી તરત જ મજરૂહજીના પગે પડ્યા ને કહ્યું, આપ સચમુચ મેરે બાપ હૈ...આશીર્વાદ દીજીયે. પછી બેઉ ભેટી પડ્યા.

આવી દિલદારી-આવી ખાનદાની ને ખેલદિલી એ જમનામાં હતી. 'પહેલા નશા, પહેલા ખુમાર' ગીત સાંભળીને બક્ષીજીએ મજરૂહની ૧ કલાક ફોન પર તારિફ કરેલી.

એ જ રીતે 'સુજાતા' ફિલ્મમાં 'જલતે હૈં જિસ કે લિયે, તેરી આંખો કે દિયે ' ગીત સાંભળીને શૈલેંદ્રએ પણ મજરૂહને ૨ કલાક ફોન પર શાબાશી આપેલી. મજરૂહ- શૈલેંદ્ર ને આનંદ બક્ષી ખૂબ મોટી રેંજવાળા જનકવિઓ હતા તો સહિર-શકીલ-ગુલઝાર- જાવેદ- જાં નિસાર- કૈફી જેવા શાયરોએ ઊંડાણવાળા ગીતો આપ્યા છે, પણ મજરૂહજી હંમેશા બક્ષીને કહેતા કે 'યે ગુલઝાર શાયરી મેં બર્તન, ચદ્દર જૈસે લફ્ઝ (શબ્દ) લે આયા...અભી ક્યા ગદ્દી, તકિયા, કારપેટ પર ભી લિખેંગે?! ' પણ ત્રણેયને એકમેક માટે એટલો જ આદર.

આનંદ બક્ષી કહેતા, 'વો ગાના, ગાના ક્યા જો મેરી દેશ કી મિટ્ટી મેં હલ જોતતા હુઆ કિસાન ના સમજ સકે?' 'પલકો કે નશેમન તક' કિતને સમઝેંગે?' પણ એ જ ગુલઝારે બક્ષીને અંજલિ આપતા લખેલું : 'બક્ષીજી બહુત કમાલકે ગીતકાર, 'રોબોસ્ટ' શાયર થે...ઔર હમ દોનોં કે ડોક્ટર ભી એક થે તો હમ વહીં પર એકદૂજે કે દિલ કા હાલ સુન લેતે થે...'

જાવેદ અખ્તરે એકવાર પાર્ટીમાં અમારી સામે કહેલું કે 'ઝિંદગી કે સફરમેં ગુઝર જાતે હૈં જો મકામ...' એ ગીત જે પેનથી બક્ષીજી એ લખેલું, બસ... એ પેન મને મળી જાય તો માથે ચઢાવું!'

'યહાં મૈં અજનબી હું...' થી 'સડકમેં એક મોડ આયા, મૈં ઉત્થે દિલ છોડ આયા...' જેવાં અનેક અદ્ભુત ગીતો રચનારા બક્ષીજીનો પરમ દિવસે જન્મદિવસ ગયોઃ

*'કુછ લોગ એક રોઝ જો ગુઝર જાતે હૈ,*
*વો હઝારોં કે આને સે મિલતે નહીં!'* ■

---

**ફોકસ**
**નિધિ ભટ્ટ**

## આશકા ગોરડિયાઃ

## સિરિયલોમાં નહીં, પણ ₹૧૨૦૦ કરોડના ધંધામાં સફળ!

અભિનેતા રોનિત રોય એક્ટિંગની સાથોસાથ સિક્યુરિટી એજન્સી પણ ચલાવી રહ્યો છે અને સારી કમાણી કરી રહ્યો છે. રોનિત રોયની જેમ ઘણી અભિનેત્રીઓએ પણ બિઝનેસમાં ઝંપલાવ્યું છે અને સફળ બિઝનેસવુમન બની છે. જેમાં કેટરિના કેફ, ક્રિતી સેનન જેવી અનેક અભિનેત્રીઓનો સમાવેશ થાય છે. ટીવીના પડદે ચમકનારી એક અભિનેત્રી પણ આજે પોતાની કોસ્મેટિક કંપનીના કારણે સફળતાના શિખરે પહોંચી છે.

**એક્ટિંગ છોડીને બિઝનેમવુમન બની આશકા ગોરડિયા**

આશકા ગોરડિયાએ ૨૦૦૦ના વર્ષમાં ટીવીના પડદે પદાર્પણ કર્યું હતું. ૧૯ વર્ષની પોતાની કારકિર્દીમાં આશકાએ અનેક ટીવી સિરીયલ અને રિયાલીટી શોમાં કામ કર્યું હતું. સાથોસાથ તેણે ૨૦૧૮માં પ્રિયાંક શાહ અને આશુતોષ બલાની સાથે મળીને ૫૦ લાખનું રોકાણ કરીને કોસ્મેટિક બાન્ડ શરૂ કરી હતી. પોતાની કંપનીને વધારે સમય આપવા માટે આશકાએ ૨૦૧૯માં પોતાની ટીવી ક્ષેત્રની કરિયરને તિલાંજલિ આપી દીધી હતી.

**૧૨૦૦ કરોડે પહોંચી આશકાની કંપનીની વેલ્યુ**

૨૦૧૯ બાદ આશકા ગોરડિયા પોતાનો પૂરેપૂરો સમય પોતાના બિઝનેસને આપવા લાગી. તેની આ મહેનત રંગ લાવી. તેની કોસ્મેટિક બ્રાન્ડ પહેલી ડિજિટલ બ્રાંડ હતી. તેણે શરૂઆતમાં ઓનલાઈન વેચાણ કર્યું હતું. ધીરે-ધીરે તેણે પોતાની પ્રોડક્ટને ઓફલાઈન વેચવાની પણ શરૂઆત કરી હતી. આ રીતે પહેલા બે વર્ષમાં આશકાએ ૧૦૦ કરોડની કમાણી કરી હતી. આમ, આશકા ગોરડિયા સફળ બિઝનેસવુમન બની. આજે તેની કંપનીની વેલ્યુ ૧૨૦૦ કરોડ પર પહોંચી ગઈ છે.

**આશકા ગોરડિયાનું અંગત જીવન**

ઉલ્લેખનીય છે કે, આશકાએ પોતાના ૧૯ વર્ષની એક્ટિંગ કરિયર દરમિયાન 'અચાનક ૩૭ સાલ બાદ', 'સાત ફેરે', 'શુભ વિવાહ', 'બાલ વીર', 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી', 'પિયા કા ઘર', 'કુસુમ', 'નાગિન' અને 'ડાયન' જેવી ટીવી સિરિયલ તથા બિગ બોસ સીઝન ૬, નચ બલિયે ૮, ઝલક દિખલા જા ૪ અને ખતરોં કે ખિલાડી ૪ તથા કિચન ચેમ્પિયન ૫ જેવા રિયાલિટી શોમાં કામ કર્યું હતું. તેણે ૨૦૧૭માં પોતાના અમેરિકન બોયફ્રેન્ડ બ્રેન્ટ ગોબલ સાથે લગ્ન કર્યા હતા. ૨૦૨૩માં તેઓના ઘરે એક સંતાન પણ જન્મ્યું હતું. હાલ આશકા પોતાના પરિવાર સાથે ગોવા ખાતે નિવાસ કરી રહી છે. ■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# અફલાતૂન અભિનેતાની ગોલ્ડન જ્યુબિલી...

### આયુષ્યની હીરક જયંતી ઉજવણી કરનારા નસીરુદ્દીન શાહની અભિનય કારકિર્દીના ૫૦ વર્ષ પૂર્ણ થવાની તૈયારી છે ત્યારે...



**નસીરુદ્દીન શાહ...**

આ નામ કાને પડતાં જ નજર સામે એના વિવિધ ચહેરા ઊપસી આવે. વિવાદાસ્પદ રાજકીય અને રાષ્ટ્રીય વિધાન કરતા નસીરભાઈ, 'શોલે' ફિલ્મની ઝાટકણી કાઢતો એક્ટર નસીર, રાજેશ ખન્ના નબળો અને મર્યાદિત ક્ષમતા ધરાવતો અભિનેતા હતો એવી ટિપ્પણી કરનાર કલાકાર... અને એ સિવાય પણ અનેક લોકોને ખૂંચે એવા નિવેદન કોઈની પણ પરવા કર્યા વિના કરવા માટે નસીરુદ્દીન શાહ જાણીતા છે. (એના ટીકાકારોની દ્રષ્ટિએ 'કુખ્યાત' છે!)

સરખામણીની વાત નથી, પણ બેફામ અને મૂઢ નિવેદનો માટે 'પ્રખ્યાત' કંગના રનૌટ એક ઉત્તમ અભિનેત્રી છે એની અવગણના ન કરી શકાય એ જ રીતે નસીરુદ્દીન શાહના અંગત અભિપ્રાયની તિજોરી ખોલ્યા વિના એ પરકોટિના અભિનેતા છે એ વાત સ્વીકારી એમને એક એક્ટર તરીકે ઓળખવા કે મૂલવવા એ યોગ્ય કહેવાશે.

૨૦ જુલાઈએ આયુષ્યનાં ૭૫ વર્ષ પૂરાં કરનારા નસીર ભાઈની પહેલી ફિલ્મ રિલીઝ થઈ એને સપ્ટેમ્બરમાં ૫૦ વર્ષ (નિશાંત - ૫ સપ્ટેમ્બર, ૧૯૭૫) પૂરા થશે એ નિમિત્તે એમના આયુષ્યના ગોલ્ડન અને ડાયમંડ જ્યુબિલીના સુભગ સંગમ નિમિત્તે એક એક્ટર તરીકે એમને ઊંચાઈએ બેસાડી દેનારી કેટલીક ફિલ્મો વિશે જાણવું કલા રસિક તરીકે આપણો ધર્મ છે.

નસીરુદ્દીન શાહની ફિલ્મોનું ફલક વિશાળ છે એટલે અહીં 'કર્મા' સુધીની એમની પાંચ જોવા જેવી જ ફિલ્મોની વાત કરવી છે.

**ખ્વાબ:** ૧૯૮૦, સહ કલાકાર - મિથુન ચક્રવર્તી, યોગીતા બાલી

આ ફિલ્મ ક્યારે આવી અને એના વિશે તમને સવાલ જરૂર ઉદભવી શકે છે. વાત એમ છે કે 'નિશાંત', 'મંથન' 'સ્પર્શ', 'આક્રોશ' વગેરે સમાંતર સિનેમાના પ્રવાહના અવ્વલ એક્ટર તરીકે સ્થાપિત થયેલા નસીરુદ્દીન શાહની આ પહેલી ટિપિકલ હિન્દી રોમેન્ટિક થ્રિલર હતી. ફિલ્મમાં પહેલીવાર ડાન્સ કરવાનો હતો અને એ પણ મિથુન ચક્રવર્તી જેવા અવ્વલ ડાન્સર સાથે. નસીરભાઈએ જ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે '૫૦ ડાન્સર અને ૫૦૦ એક્સ્ટ્રા સાથે ડાન્સ કરતી વખતે હું વારંવાર ભૂલ કરતો હતો અને એક બેકગ્રાઉન્ડ ડાન્સર આવીને મારી દયા ખાઈ ગઈ. મારી હાલત શું થઈ હશે એ વિચારી જુઓ. જોકે, 'ખ્વાબ'માં કામ કરવાના મળેલા પૈસામાંથી હું કાર ખરીદી શક્યો હતો અને એ કારમાં બેસી મારી કરિયરની એક ઉત્તમ ફિલ્મ 'સ્પર્શ'ના શૂટિંગ માટે જતો હતો.




ખ્વાબ

**સ્પર્શ:** ૧૯૮૦, સહ કલાકાર - ફારૂક શેખ, દીપ્તિ નવલ

સઈ પરાંજપેની અદભુત ફિલ્મ. દ્રષ્ટિહીન લોકોના જીવન પર આધારિત આ ફિલ્મમાં નસીરુદ્દીન શાહ આંખે ન દેખી શકતા લોકોની શાળાના પ્રિન્સિપાલ અનિરુદ્ધ પરમારના રોલમાં છે. ચિત્રપટમાં દ્રષ્ટિહીન લોકોનું જીવન, એમની લાગણીઓ અને દ્રષ્ટિ ન હોવાથી એમના જીવનમાં સ્પર્શનું કેટલું મહત્ત્વ છે તે દર્શાવવામાં આવ્યું છે. નસીરભાઈને આ ફિલ્મ માટે 'બેસ્ટ એક્ટર'નો નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મ એક એવો અનન્ય અનુભવ છે જે દરેક કલા રસિકે મેળવવો જોઈએ.

**કથા:** ૧૯૮૩, સહ કલાકાર ફારૂક શેખ અને દીપ્તિ નવલ

સઈ પરાંજપે દિગ્દર્શિત આ ફિલ્મ મરાઠી નાટક 'સસા આણી કાસવ' (સસલું અને કાચબો) પર આધારિત હતી. સસલા અને કાચબાની આધુનિક અવતાર ધરાવતી ફિલ્મમાં નસીરુદ્દીન શાહ કાચબાના રોલમાં છે. રાજારામ પુરુષોત્તમ જોષી નામના ચાલીમાં રહેતા એક સામાન્ય ક્લર્કના રોલમાં નસીરભાઈ છે. ફિલ્મ મજેદાર છે અને એના ઘણા પ્રસંગો માણવાલાયક છે, પણ ફિલ્મમાં પ્રારંભમાં જ આવતો એક સીન નસીરુદ્દીન શાહ કેવા ગજબનાક એક્ટર છે એ સિદ્ધ કરે છે. કોઈ ઓફિસમાં ટેમ્પરરી નોકરી કરતો રાજારામ ચહેરા પર આનંદ સાથે ઘરે પાછો ફરે છે અને કહે છે કે 'આજ મૈં પર્મેનન્ટ હો ગયા. એક દિન હેડ ક્લાર્ક બન કે દિખાઉંગા.' ૧૯૮૦ના દાયકામાં મુંબઈના મરાઠીભાષી પુરુષોની માનસિકતાનું આ પ્રતિબિંબ નસીરભાઈએ એવું આબાદ ઉપસાવ્યું છે કે તાળી પાડ્યા વિના ન રહેવાય. સીનથી સ્મૃતિમાં સચવાઈ જવાની આવડત અફલાતૂન અભિનેતા પાસે જ હોય.



કર્મા



કથા

**મિર્ચ મસાલા:** ૧૯૮૩, સહ કલાકાર - સ્મિતા પાટીલ, ઓમ પુરી

કેતન મહેતાની આ ફિલ્મની વાર્તા તો મુખ્યત્વે સોનબાઈ (સ્મિતા પાટીલ) અને ગ્રામીણ મહિલાઓની રક્ષાની ફરતે વીંટળાયેલી છે, પણ સુબેદારના રોલમાં નસીરુદ્દીન શાહ ફિલ્મમાં છવાઈ જાય છે. સુબેદારનું પાત્ર લંપટ અને જુલ્મી વ્યક્તિનું છે અને છેલ્લે એને શિકસ્ત મળે છે તેમ છતાં શાહ સાહેબની અદાકારી મોહ પમાડે છે. એક સીન યાદ કરો જ્યારે સુબેદાર પહેલી વાર સોનબાઈને મળે છે. એ વખતે અન્ય સ્ત્રીઓ ગભરાઈને અહીંતહીં થઈ જાય છે, પણ સોનબાઇ અડગ રહી સુબેદારને પડકારે છે. એ સમયે સોનબાઈ ઘડો પાણી સુબેદારને પીવડાવે છે અને છેલ્લો ઘૂંટડો ભર્યા પછી નસીરભાઈની આંખોમાં રહેલી લંપટતા જોઈ તમારા હાથની મુઠ્ઠી એને પંચ મારવા વળી જાય પણ પછી એ જ હાથ તાળી પાડી એ અભિનયને બિરદાવ્યા વિના ન રહે.



મિર્ચ મસાલા

**કર્મા:** ૧૯૮૬, સહ કલાકાર - દિલીપ કુમાર, અનિલ કપૂર, જેકી શ્રોફ

સુભાષ ઘઈની આ ફિલ્મ નસીરુદ્દીન શાહની કરિયરમાં એક વળાંક લાવનારી સાબિત થઈ હતી. 'આર્ટિસ્ટિક સેટિસ્ફેક્શન' (કલાકારને કામ કરવાનો મળતો આત્મ સંતોષ) એક વાત છે અને કામના વળતર પેટે મળતા પૈસા બીજી વાત છે. સંતોષ મેળવવાની એક ઉંમર હોય છે એક ધૂન હોય છે. પણ પછી પૈસાને પ્રાથમિકતા મળવાનું શરૂ થઈ જાય છે. માત્ર પૈસા માટે પોતે ૧૯૮૦ - ૯૦ના દાયકામાં ત્રણ ત્રણ શિફ્ટમાં કામ કરવાનું શરૂ કર્યું હોવાની કબૂલાત નસીરભાઈએ ભૂતકાળમાં કરી છે. પૈસા કમાઈ લેવાનો દોર 'કર્મા'થી વ્યવસ્થિત રીતે શરૂ થયો હતો. સુભાષ ઘઈએ સંપર્ક કર્યો ત્યારે નસીરુદ્દીન શાહની છાપ ઓછા પૈસે સંતોષ મેળવવા કામ કરતા અભિનેતાની હતી. જોકે, નસીરભાઈએ જે રકમ માંગી એ સાંભળી મિસ્ટર ઘઈને ચક્કર આવી ગયા, પણ નસીરભાઈએ નમતું ન જોખ્યું અને પોતાની પ્રાઈસ મેળવીને જ કામ કર્યું. અલબત્ત, ફિલ્મ મેકિંગ દરમિયાન એવો અનુભવ થયો કે હવે પછી પોતે ક્યારેય સુભાષ ઘઈ સાથે કામ નહીં કરે એવું પાણી નસીરુદ્દીન શાહે મૂક્યું હતું. ■

---

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### અક્ષયનો પીછો થયો ને નાહક બદનામ પણ થયો!



હાલમાં અક્ષય કુમાર લંડન વેકેશન ગાળી રહ્યો છે. ઇંગ્લેન્ડ અને ભારત વચ્ચેની લોર્ડ્સ ખાતેની ટેસ્ટમાં પણ અક્ષય દર્શકો વચ્ચે જોવા મળ્યો હતો. અક્ષય પોતાની ફિટનેસને લઈને બહુ જાગૃત છે. એટલે લંડન વેકેશન દરમિયાન પણ એ સવારે જોગીંગ માટે લંડનની ગલીઓમાં નીકળી પડ્યો હતો.

હવે અક્ષયના ફેન્સ તો ચારેકોર હોય જ એ સ્વાભાવિક છે. એમાંથી એક ફેને એને જોગીંગ વખતે સેલ્ફી માટે વિનંતી કરી.

અક્ષયે તરત એની વિનંતી સ્વીકારી ને સેલ્ફી લેવા દીધી, પછી પણ પેલો ફેન એની પાછળ પડી ગયો. આ ફેન એના ટૂ વ્હિલર પર અક્ષયનો પીછો કરવા લાગ્યો અને સતત એનો વીડિયો ઉતારવા લાગ્યો.

થોડો સમય તો અક્ષયે પેલાને ઇગ્નોર કર્યો, પરંતુ પછી એનાથી રહેવાયું નહીં. અક્ષય પેલા પાસે ગયો અને પોતાનો વીડિયો ઉતારવાની ના પાડી. બસ, અક્ષયનો આટલો કડક ભાષામાં ના પાડતો વીડિયો કટ થઈને સોશિયલ મીડિયામાં વાઈરલ થઇ ગયો. પછી તો સોશિયલ મીડિયામાં લોકો અક્ષયની આકરામાં આકરા શબ્દોમાં ટીકા કરવા લાગ્યા.

છેવટે અક્ષયના અન્ય કોઈ ફેને આખો વીડિયો વહેતો કર્યો ત્યારે ખબર પડી કે વાંક અક્ષયનો નહીં, પરંતુ એના પેલા ફેનનો હતો. આમ અક્ષયને લંડનમાં માનસિક ત્રાસ પણ થયો અને સોશિયલ મીડિયામાં નાહકની બદનામી પણ મળી.

### આનંદ રાય 'ઈરોસ' પર કેમ ભડક્યા?




૨૦૧૩ની પાથ બ્રેકિંગ ફિલ્મ 'રાંઝણા'ના પ્રોડ્યુસર 'ઈરોસ' કંપનીએ હમણા એક એવો નિર્ણય લીધો કે જેને લીધે ચોમેર વિવાદ ફેલાઈ ગયો છે. 'ઈરોસ' હવે આ ફિલ્મને AIના ઉપયોગ દ્વારા ફરીથી રિલીઝ કરવા માગે છે. આ સમાચાર સાંભળીને ફિલ્મના ડાયરેક્ટર આનંદ એલ રાય રોષે ભરાઈ ગયા છે. આટલું ઓછું હોય એમ રાયે પોતાની જાતને 'આ નવા પ્રકારની રિલીઝ સાથે પોતાને કશું લાગે-વળગે નહીં' એવું જાહેર પણ કર્યું...

રાયના કહેવા અનુસાર 'ઈરોસ' આમ આ પ્રકારના AI દ્વારા રિ-રિલીઝથી એક ખતરનાક ટ્રેન્ડ શરૂ કરી રહ્યું છે...આનંદ રાયનું કહેવું છે કે 'ઈરોસ'નો નિર્ણય એકતરફી છે. આવો આ નિર્ણય લીધાં અગાઉ ન તો રાય સાથે કે ફિલ્મના કલાકારો જેવા કે ધનુષ અને સોનમ કપૂર સાથે કોઈ ચર્ચા કરી છે. ઉપરાંત હોલિવૂડમાં પણ ફિલ્મ બનાવવા માટે AIના ઉપયોગ સામે લાંબી હડતાળ થઇ ચૂકી છે.

રાયનો ગુસ્સો ફક્ત અહીં જ અટકતો નથી. એ કહે છે કે પોતાની સાથે ચર્ચા કર્યા વગર આ નિર્ણય લઈને 'ઈરોસે' એમનો વિશ્વાસનો પણ ભંગ કર્યો છે.

બીજી તરફ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં તો ઓલરેડી AIના સંપૂર્ણ ઉપયોગ સાથે ફિલ્મ બનાવવાની જાહેરાત પણ થઇ ગઈ છે.!

આનંદ રાયના રોષ પછી 'ઈરોસે' સાવ મૌન જ ધારણ કરી લીધું છે.

### તલપડે તકલીફમાં...



શ્રેયસ તલપડેની ધરપકડ સામે સુપ્રીમ કોર્ટે મનાઈ હુકમ પાઠવ્યો છે. તલપડે વિરુદ્ધ હરિયાણા, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં એક નાણાંકીય સ્કેમને લઈને વિવિધ કેસ ચાલી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે મનાઈ હુકમ સાથે તમામ કેસ લખનઉની કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો પણ હુકમ કર્યો છે.

વાત એવી છે કે ઉપરોક્ત ત્રણ રાજ્યોનાં નાના ગામડાંઓમાં શ્રેયસ તલપડે અને બીજા ૧૪ લોકો વિરુદ્ધ સ્કેમ કરવા માટે ફરિયાદ થઇ છે. આ કિસ્સો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે જમ્મુ અને કાશ્મીરની પોલીસે આ વર્ષના માર્ચ મહિનામાં આ તમામ વિરુદ્ધ ફરિયાદ નોંધી. આ લોકોએ એક કોઓપરેટીવ સોસાયટી લિમિટેડ નામની કંપની સ્થાપીને ગામડાના લોકોને ઓછા રોકાણ સામે મોટું વળતર આપવાની સ્કીમ ચલાવી રહ્યા હોવાનો આરોપ છે.

આ સ્કેમમાં શ્રેયસ તલપડેના રોલ વિશે કોઈ સ્પષ્ટતા નથી, પણ છેલ્લા એક દાયકાથી આ સ્કેમ ચાલી રહ્યું હતું. હવે શ્રેયસ તલપડેની ધરપકડ થશે કે તેના જામીન લંબાશે એ તો ઉત્તર પ્રદેશની કોર્ટ જ નક્કી કરશે. ■

**કટ એન્ડ ઓકે...**

શેખર કપૂર એમની યાદગાર ફિલ્મ 'માસૂમ'નો બીજો ભાગ બનાવશે અને આ ફિલ્મના એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર હશે જાણીતા નિર્માતા-દિગ્દર્શક સુધીર મિશ્રા.

---

## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# ગેરસમજ પર પૂર્ણવિરામ મૂકી દેવાની આવડત એટલે પરિપક્વતા...

બે દિવસ પછી 'મુંબઈ સમાચાર'ના કામા શેઠને મળવાનું નક્કી કર્યું પણ એ બે દિવસ જીવ ઉચાટમાં જ રહ્યો.

હું ભૂલતો ન હોઉં ત્યાં સુધી મુકુંદભાઈ ત્યાં હતા. એમણે અમને - મને અને દીપકને, નાની ડિપોઝીટ સામે ૪૫ દિવસની ક્રેડિટ ફેસીલીટી નાટકની જા.ખ. માટે અપાવેલી. એમનો પુત્ર તનસુખ પણ ત્યાં ટચુકડી જા.ખ. જોવાનું કામ કરતો. ત્યારે અમારે કામ તો ત્યાં કાર્યરત વીણાબહેનનું વધારે પડતું. એ કહેતાં કે,'તમારે ગભરાવાની જરા પણ જરૂર નથી. શેઠ બહુ સારા છે.' મેં કહ્યું, 'હું કોઈનું બગાડતો નથી છતાં મારાં મનને શાંતિ મળતી નથી.' વીણાબહેને સલાહ આપેલી કે 'સાચી અને ચોખ્ખી ભાષામાં કામા શેઠને વાત કરી દો. નિવેડો આવી જશે...'

ડર એ હતો હતો કે માત્ર નવા નાટકના ટાઈટલ માટે સલાહ લેવાની હતી. જો કે ટાઈટલ વિચિત્ર હતું. 'જેને આડો વહેવાર એને રોજ તહેવાર.'

મુકુંદભાઈએ પણ મને કહ્યું કે, 'શું થશે? એમ વિચારવું એ ચિંતા છે, શું થઈ શકે છે એ ચિંતન છે. માટે ચિંતા છોડો, ચિંતન કરો.'

સાંભળવામાં સારું લાગે પણ આટલું જૂનું અખબાર અને એમના માલિકને, નાટકના નામ માટે સલાહ લેવા મળવું...ખરેખર હું એ અવઢવમાં મૂંઝાતો હતો.

એ દિવસ આવી ગયો. હું અને દીપક સોમૈયા બંને મળવા ગયા. કામાશેઠ કોઈ ફાઈલ જોઈ રહ્યા હતા. અમે દાખલ થયા કે આવકાર આપતાં બોલ્યાં, 'આવો..આવો..બેસો..!' અમે બંને બેઠાં. તરત ચા - બિસ્કીટની ટ્રે આવી. 'પહેલા ચા પીવો પછી મૂળ વાત કરીએ.' આટલા મોટા માણસની આટલી નરમાશ મને સ્પર્શી ગઈ.

'બોલો..' વાત એમણે માંડી.

'જેને આડો વહેવાર એને રોજ તહેવાર'... આ અમારા નવા નાટકનું ટાઈટલ છે, તો...' મેં વાત અધૂરી છોડી. એમણે સાંભળ્યું.




કોર્ટમાં 'સ્ટે' લીધા પછી કરેલા છેલ્લા શૉની જા.ખ.

થોડો વિચાર કરી બોલ્યા, 'સરસ.. ટાઈટલ છે.'

'આમાં કઈ..ખરાબ નથી લાગતું ને...' મેં સહેજ અચકાતા પૂછ્યું.

'તમે ઇન્ટરપ્રીટેશન કેમ કરો છો..બધો આધાર એનાં પર છે. હું સકારાત્મકતાનો પ્રેમી છું.' જે ખોટાં કામ કરે છે એ રોજ દિવાળી ઉજવતો હોય છે હું આ ટાઈટલને એ અર્થમાં મૂલવું છું.'

'તો અમે આ ટાઈટલ રાખી શકીએ?' મેં ફરી પૂછ્યું. એમણે પ્રોત્સાહિત કરતાં કહ્યું, 'હા..હા.. મારી તમને સફળતા માટે શુભેચ્છાઓ.!'

હાશ...! અમે સલાહ આપવા બદલ આભાર માન્યો અને ઊભા થયા. મને સમજાયું કે પરિપક્વતા એટલે શું? કોઈ ઝગડા, કોઈ નારાજગી કે ગેરસમજ ઉપર જલદીથી પૂર્ણવિરામ મૂકી દેવાની આવડત. આને કહેવાય! કામાશેઠ ધારત તો દલીલો કરી શકત. અમે 'મુ.સ'. નાં ક્લાયન્ટ હતા એટલે નહીં, પણ ખરા દિલથી સાચી સલાહ આપી અમારા નાટકનું નામ એપ્રુવ કરી આપ્યું.

હવે અન્ય અખબારોમાં જા.ખ.આપવામાં કોઈ વાંધો નહોતો. જેમાં જા.ખ. આપવી 'મસ્ટ' છે એ લોકલાડીલા અને સૌથી જૂના અખબારે જ્યારે લીલી ઝંડી બતાવી દીધી પછી હવે શેની ચિંતા!

કામાશેઠને મળવા જતાં ડર અનુભવાતો હતો, પણ હાર એમાં છે જે લડતો નથી. અમે લડવા તો નહોતા ગયા, પણ હારીને બેસી પણ ન રહ્યા એનું આ પરિણામ આવ્યું.

નાટક તો 'બોલ્ડ' હતું પણ ચાલ્યું ખૂબ જ. ભાઈદાસમાં તો ધુળેટી કે બીજી અમુક રજાઓમાં ટ્રસ્ટીની સીટ્સ નિર્માતા બુકિંગ ઉપર વેંચી શકતા. જમન પટેલ આવી તારીખો પહેલા લેતા અને 'હા.ફૂ.' નાં બોર્ડ લાગતાં.

ફરી ગુજરાત પણ આવ્યું. માત્ર આઠ શોનું પ્રમાણપત્ર મળ્યું. પહેલા બે શોમાં સેન્સરબોર્ડમાંથી કોઈ આવ્યું નહીં. ત્રીજા શોમાં આખી ટીમ સાગમટે હાજર થઈ ગઈ. સીધી પ્રમાણપત્ર રદ કરવાની વાત આવી. જમન પટેલ તરત કોર્ટમાંથી સ્ટે લઈ આવ્યા.

બોર્ડ કોર્ટમાં જઈ ન શક્યું. શનિ-રવિ આવી જવાથી કોર્ટ બંધ હતી. અમે બીજા ત્રણ શો કરી શક્યા. આ બધામાં નિર્માતા વકીલના ખર્ચ અને કોર્ટની દોડધામમાં બીજા ખર્ચ આવી જવાથી જમનભાઈએ કહ્યું કે 'હું બધાની બાકી રહેલી નાઈટ મુંબઈ જઈને આપીશ.' કોઈએ વાંધો ન લીધો. મુંબઈ આવ્યા પછી અચાનક 'ગીતાંજલિ' હીરા કંપનીમાં કોઈ પ્રોબ્લેમ આવ્યો. જમનભાઈ પોતે જ ક્યાંક ગાયબ થઇ ગયા. કલાકારોની ગુજરાતની નાઈટ બાકી રહી ગઈ...હવે?

ત્યારે કાંદિવલી-બોરીવલીમાં કોઈ થિયેટર નહોતા. ડિસે.-જાન્યુ.માં મલાડની એન.એલ. કોલેજના ગ્રાઉન્ડમાં (ઓપન-એર) જે.અબ્બાસ તો ક્યારેક મુસા પાઈક આયોજન કરતા. આ વખતે નિર્માતા ભરત મોહિની (હયાત નથી) એ આયોજન કર્યું. મેં 'આડો વહેવાર.. ની વાત કરી. આશય હતો કે કલાકારની બાકી રહેલ નાઈટ ચૂકવાય જાય. અમુક લોકો આડા ચાલ્યાં, પણ મેં શો કરી બધાની લેણી રકમ ચૂકવી દીધી અને ઋણ અદા કરી મનની શાંતિ મેળવી. બધાને મારામાં વિશ્વાસ બેઠો અને મારો વિશ્વાસ જીત્યો. જેમણે સહયોગ ન આપ્યો એમને મેં માફ કરી દીધા. બાકી સહયોગ એક એવી અણમોલ ભેટ છે, જે દેવામાં સારું લાગે અને મળે તો પણ સારું લાગે, પણ સમજાય તો ને!

-અને હાં, મારી પ્રથમ વિદેશ-ટુરની વાત રહી ગઈ છે એ આવતા વખતથી... ■

**ડબલ રિચાર્જ**

એક અંગ્રેજી ટ્યુશન ક્લાસની જાહેરાત...

'એક મહિનામાં ફટાફટ અંગ્રેજી બોલતા શીખો. સ્ત્રીઓ માટે ૫૦% ની છૂટ.'

કોઈએ પૂછ્યું, 'સ્ત્રીઓને છૂટ કેમ?'

ક્લાસવાળા: 'સ્ત્રીઓને ફટાફટ બોલતા તો પહેલાંથી જ આવડે છે. ખાલી અંગ્રેજી શીખવવાનું હોય.'

## આજની ટૂંકી વાર્તા

હેમંત ગોહિલ

# ફૂલરું

**શું કામ મારી જિંદગી બગાડી? તમારી ઈ સગલી વગર નો'તું જિવાતું તો શું કામ મને લાવ્યા? થઈ ગયા હોય મોટા વિજાણંદ તો લઈ આવોને મસાણમાંથી.**

અનિલ આગળ ચાલતો હતો. ડિસેમ્બર મહિનો હતો. જામતા શિયાળાની ઊઘડતી સવાર હતી. ઠંડી ચારે તરફ વેરાયેલી હતી. ઠંડી જેવો ફુત્કાર ક્યારેક પાછળ ચાલ્યા આવતા પ્રો. સાહેબના મુખમાંથી નીકળી જતો.

'મફલર લીધું હોત તો ઠીક રહેત, કેમ સાહેબ?'

'ચાલશે.' પાછળ હાથ જોડી ચાલતા પ્રો. સાહેબે હાથ છોડ્યા. બંને હથેળીઓ ઘસી. ગરમ હથેળીનો ગરમાવો દાઢીવાળા ગાલ સાથે પણ ચોંટાડ્યો. આ ક્રિયાથી જાણે ઉષ્માનો સંચાર પોતાનામાં થયો હોય તેમ મલક્યા.

'અને તો જ ગામડાની ખરી મઝા માણી શકાયને!'

'એય ખરું' અનિલ હળવું હસ્યો. તે આગળ જતી કેડી ઉપરથી આડો ફંટાયો. એક ખેતરને શેઢે ચડ્યો.

'જરા સંભાળીને સાહેબ.'

'કેમ?' પ્રો. સાહેબ ઝબક્યા.

'આ ઝાળાં- ઝાંખરાં... વીંછી, કાંટો... જરા સંભાળીને પગ મૂકવા.'

'હા... એ ખરું' પ્રો. સાહેબ હસ્યા. એમનું એ હાસ્ય વીંછી-કાંટાને વાગી શકે એવું ધારદાર હતું! અનિલને અત્યારે તેનો અણસાર સરખો ન આવ્યો. એ ઉતાવળા ડગ નહોતો માંડતો, પરંતુ પ્રો. સાહેબની ગતિ ધીમી થઈ ગઈ હતી તેથી બંને વચ્ચે અંતર વધ્યું હતું.

પ્રો. સાહેબ વિશાળ શેઢાને તાક્તા જાળવીને પગ માંડતા હતા. ઢીંચણ સુધી ઘાસનાં તણખલાં અથડાઈ જતાં હતાં. જવાશિયાના કાંટા સહેજ દર્દ આપી ભાંગી જતા હતા. આડા-અવળા ઊગી ગયેલા ખીજડિયા તેમનો પરિચય આછો ઉઝરડો કરીને આપતા હતા. અનિલનું ધ્યાન ન હોય ત્યારે તે ઉઝરડા ઉપર હાથ ફેરવી લેતા.

એક પછી એક શેઢા બદલાતા ગયા. ખેતરો બદલાતાં ગયાં. વાતો થતી રહી. આ પ્રદેશમાં કેવા કેવા પાક થાય, પાકનું ઉત્પાદન કેટલું થાય? પાણીની અછત, જમીનના ભાવ, ખેતરના શેઢા આટલા બધા વિશાળ રાખવા પાછળનાં કારણો વગેરે વગેરે.

અનિલ પ્રો. સાહેબને સમજાવતો રહ્યો. તેની ગામઠી છતાં વિદ્વત્તાભરી જબાન પ્રો. સાહેબની ચશ્માંની ઘેરાયેલી આંખમાં સંતોષનો ભાવ જન્માવી શકતી. ફળદ્રુપ ખેતરના જેવી પ્રો. સાહેબની વિશાળ જિજ્ઞાસાવૃત્તિ ગમે તે ઘડીએ પ્રશ્ન ઉગાડી શકે એ વાતથી તે વાકેફ હતો. તેથીસ્તો તે સતર્ક રહેતો.

આમ તો ઘણા સમયથી પ્રો. સાહેબ અનિલના ગામડે આવવાનું કહેતા. ગામડાની હવાનો આનંદ માણવા એમનું મન ઉત્સુક રહેતું, પરંતુ દરેક વખતે કોઈ ને કોઈ અવરોધ તેમને અહીં આવતાં અટકાવી દેતો.

ગયા શિયાળામાં તો ખુદ અનિલ જ સામેથી પ્રો. સાહેબને તેડવા ગયો હતો,

પરંતુ-

પરંતુ તે બારણું ખોલ્યા વગર જ છેક પ્રો. સાહેબના ઘરેથી પાછો વળી ગયેલો.

અંદર શીલાબહેન તાડૂકતાં હતાં- 'તમે મને સાવ મૂરખી નહીં માનતા, સમજ્યા?'

'સાચું થોડું કોઈને કહેવાય?' પ્રો. સાહેબે કટાક્ષ કર્યો.

'ન જ કહેવાયને.' બોલી નાખ્યા પછી કાંઈક ભૂલ કરી હોય એવું ભાન થતાં શીલાબહેન પાછાં બરાડ્યાં:

'હેં! શું કીધું? સાંભળી લ્યો, આ બધાં તમારાં કાગળિયાં બાળી દઈશ, સમજ્યા?'

'તે બાળી દેને, હવે શું બાકી છે?' પ્રો. સાહેબની હતાશા સાફ સંભળાતી હતી.

શીલાબહેનનો રુદનમાં ફેરવાઈ જતો અવાજ હજી આવતો હતો. 'શું કામ મારી જિંદગી બગાડી? તમારી ઈ સગલી વગર નો'તું જિવાતું તો શું કામ મને લાવ્યા? થઈ ગયા હોય મોટા વિજાણંદ તો લઈ આવોને મસાણમાંથી.'

'શીલા' પ્રો. સાહેબનો પડછંદી અવાજ બારણા બહાર ઊભેલા અનિલને પણ ધ્રુજાવી ગયેલો. કોલેજનું આખું કંપાઉન્ડ પ્રો. સાહેબના એક હાંકોટાથી શાંતિમાં ફેરવાઈ જતું તે તેને યાદ આવેલું.

તેને કોલેજનો ત્રીજો દિવસ પણ યાદ આવી ગયેલો.

વિશ્રાંતિનો સમય પૂરો થઈ ગયો હતો. વિદ્યાર્થીઓ હજી પણ આમતેમ ટહેલતા હતા. જોર જોરથી શોરબકોર થઈ રહ્યો હતો. સીટી... બૂમ... વાતો... અટ્ટહાસ્ય... મશ્કરી...

'સંભળાતું નથી?' એક જોરદાર હાંકોટો સંભળાયો. સિંહની ત્રાડ સાંભળીને શિયાળ-સસલાં જેમ ઝાડી-ઝાંખરામાં ભરાઈ જાય તેમ વિદ્યાર્થીઓ વર્ગમાં ઘૂસી ગયા.

એક મિનિટ પહેલાંના શોરબકોરથી છલોછલ કંપાઉન્ડમાં શાંતિ રેલાઈ ગઈ.

આ પરિસ્થિતિથી સાવ અજાણ અનિલ ધીમા પગલે વર્ગખંડ ભણી વળ્યો.

'ભણવા આવ્યા છો? કુંવર!' હાકોટો કરનાર માણસે કરડાકીથી પૂછ્યું.

'જી. પણ ગામડેથી આવું છું. આજે ત્રીજો જ દિવસ છે. અહીં મને અતડું લાગે છે,' ડરી ગયેલો અનિલ સળંગ બોલી ગયો.

અનિલની આંખમાં આવેલી સચ્ચાઈ પ્રો. સાહેબથી વંચાઈ ગઈ હોય કે પછી ગમે તે પણ તેમનો ગુસ્સો ઠંડો થઈ ગયો.

તેમણે નામઠામ પૂછ્યાં. તેમને અનિલમાં રસ પડ્યો. અનિલની ગામઠી ભાષામાં રસ પડ્યો. અનિલની ભાષામાં માટીની મીઠી સુગંધનો અહેસાસ થયો.

ને ત્યારથી જ પ્રો. સાહેબ સાથેનો વ્યક્તિગત પરિચય થયેલો અને ત્યાર બાદ મિત્રતામાં ફેરવાયો હતો.

અંદર વાસણ અફળાવાના અવાજ સાથે બારણે ઊભેલો અનિલ પાછો સજાગ બની ગયેલો.

શીલાબહેન હજી તાડૂકતાં હતાં.

'શી ખબર મરી ગઈ છે કે મારી નાખી છે.'

'શીલા...' પ્રો. સાહેબનો ફાટી ગયેલો અવાજ આખા ઓરડાને ધ્રુજાવી ગયો. એક જોરદાર થપાટનો અવાજ અને શીલાબહેનનો રાગડો. અનિલ પરિસ્થિતિ પામી ગયો અને ત્યાંથી જ પાછો વળી ગયેલો.

'આ આપણું ખેતર' ઘઉંથી લહેરાતા લીલાછમ વિશાળ ખેતર પાસે અનિલ ઊભો રહ્યો.

પ્રો. સાહેબ ખેતર સામે તાકતા ઊભા. ચાસમાં અંકુરિત ઘઉંના ડૂંડાં કતારમાં ઊભેલા. શિસ્તપ્રિય વિદ્યાર્થી જેવાં લાગ્યાં. હવાની હળવી પીંછી પ્રત્યેક ડૂંડાંને તડકાના રંગથી ભરી દેતી હતી. પગથી શરૂ થઈને દૂર દૂર સામા શેઢે જતા ચાસ તો કેવળ લીલાશમાં ફેરવાઈ જતા લાગતા. ચારે તરફ લીલાશનું ઘોડાપુર ઊમટ્યું હતું. કદીયે ન અનુભવ્યો હોય એવો સીમમાંથી આવતી સુગંધનો રોમાંચ પ્રો. સાહેબ માણી રહ્યા.

'અને આ?' એક ખાલી ચાસ જોઈ જતાં પ્રો. સાહેબને નવાઈ લાગી. આ શેઢેથી છેક સામેના શેઢા સુધી સાવ ખાલી હતો.

'એ ડૂલરું છે,' અનિલે સાવ સહજતાથી કહ્યું.

'એટલે?'

'એટલે કે વાવણી વખતે દંતાળના એકાદ ડાંડવામાં કચરો ભરાઈ જાય અને તેમાં બિયારણ ન પડે અને ચાસ ખાલી પડે.'

ખાલી ચાસ... ડૂલરું... પ્રો. સાહેબને એ શબ્દો હૃદય સાથે અથડાતા લાગ્યા. તેમની આંખમાં ભૂતકાળ ઊગી નીકળ્યો- ઘઉંના ડૂંડાની જેમ.

આમ તો પ્રો. સાહેબ કોઈને ત્યાં ટ્યુશન ન કરતા, પરંતુ તે સ્મૃતિને ના ન પાડી શક્યા.

'તમને વાંધો શો છે?' સ્મૃતિએ પિરિયડ પૂરો કરીને જતા પ્રો. સાહેબને પૂછેલું.

'વાંધો?' ચશ્માંની દાંડી વ્યવસ્થિત કરતાં તેમનાથી આમ જ ઉચ્ચારાયું.

'તો મારા પપ્પાએ કહ્યું છે કે તમે જ મારા ઘરે આવી ટ્યુશન આપો' સ્મૃતિ એક જ શ્વાસે બોલી ગઈ.

'બટ...'

'બટ... બટ કાંઈ નહીં'ને સ્મૃતિ ચાલી ગઈ. પોતાની આટલી સજ્જડ ધાક વચ્ચે સાવ સહજતાથી વાત કરીને પીઠ ફેરવી ગયેલી સ્મૃતિને પ્રો. સાહેબ જોતા રહ્યા.

ત્રીજા દિવસથી તે સ્મૃતિના ઘરે જવા લાગ્યા. સ્મૃતિના ઘરનો માયાળુ સ્વભાવ તેમને સ્પર્શી ગયો.

આટલી નાની ઉંમરમાં સ્મૃતિની સાહિત્ય વિશેની ઊંડી સૂઝ પ્રો. સાહેબને આશ્ચર્યમાં ગરકાવ કરી દેતી. સ્મૃતિના ફટાફટ બોલી નાખવાના સ્વભાવમાં તેમને ભારોભાર ભોળપણ દેખાતું. સાવ સહજતાથી વેરાતા શબ્દો તેમને કોમળતાના પર્યાય લાગતા. બોલતી સ્મૃતિને તે જોયા કરતા. સ્મૃતિ બોલવાનું શરૂ કરે અને તે ચૂપ થઈ જાય. સ્મૃતિ સામે મીટ માંડી શકાય કે તેના હોઠની ઝાકળ જેવી ભીનાશ દેખી શકાય, ગમે તે હોય પણ સ્મૃતિ બોલવાનું શરૂ કરે એટલે તે ચૂપ.

'શું જોયા કરો છો?' એક દિવસ સ્મૃતિએ પૂછી નાખ્યું.

'તને.'

'મને?'

અચાનક પ્રો. સાહેબને પોતાના સ્ટેટસનો ખ્યાલ આવતાં સુધારી લીધું: 'તને, તારી બોલવાની છટાને. તું દરેક બાબતના કેટલી સરળતાથી જવાબ આપી શકે છે!' તેમનું પોલાદી હૃદય શી ખબર કેમ ગભરાટ અનુભવવા માંડ્યું.

હવે દિવસે દિવસે સ્મૃતિ વધારે સુંદર લાગતી. કાંઈ પણ કામ વગર પ્રો. સાહેબ તેની સાથે વાત કરવા ઉત્સુક રહેતા. ઓફિસમાં બોલાવતા. વિદ્યાર્થીઓમાં પણ અંદરોઅંદર ચણભણાટ શરૂ થઈ ગયેલો, પણ પ્રો. સાહેબની લોખંડી ધાક સામે સૌ છૂપું હસી લેતા.

ને એક દિવસ તો એ ચણભણાટ વેરાઈ ગયો કંપાઉન્ડમાં તાળીઓનો ગડગડાટ બનીને.

પ્રો. સાહેબે સ્મૃતિ સાથે લગ્ન કરી નાખ્યાં.

દિવસો વર્ષો બનીને ડૂબી ગયા ઉંમરના સરવાળામાં. સ્મૃતિએ ત્રીજે વરસે અંકુરને જન્મ આપ્યો. નખશિખ પ્રો. સાહેબ જેવો, આંખો કેવળ સ્મૃતિ જેવી.

આઠ દિવસ પછી હોસ્પિટલથી ઘરે આવી ગયા. સ્મૃતિ તથા અંકુરની તબિયત સારી હતી. ડૉક્ટરે ઘેર જવા રજા આપી હતી. કાંઈ ચિંતા જેવું નથી તેવી ખાતરી પણ આપી હતી, પણ પ્રો. સાહેબના વર્તનમાં આવી ગયેલું પરિવર્તન સ્મૃતિ પામી ગઈ.

આખો દિવસ સૂનમૂન રહે છે. કોલેજથી આવી ગયા બાદ બારી પાસે ખુરશી નાખી બહારની દુનિયામાં કાંઈક ખોવાઈ ગયું હોય તેમ જોયા કરે છે. ક્યારેક સ્મૃતિની આંખમાં આંખ પરોવીને એવી રીતે જોયા કરે છે કે જાણે હમણાં જ તે આંખોની દૃષ્ટિ પી જશે. એક દિવસ તો સ્મૃતિએ પૂછી નાખ્યું:

'તબિયત સારી નથી?'

'એવું બધું.'

'એટલે?'

'જવા દે, સ્મૃતિ.'

'ડૉક્ટરને બતાવીએ.'

'ડૉક્ટરનું તું નામ પણ નહીં લઈશ, સ્મૃતિ...' પ્રો. સાહેબને પરસેવો વળી ગયો.

ડૉક્ટર પ્રત્યે આમ અચાનક આવી ગયેલી નફરતથી સ્મૃતિ ચમકી. તેને કાંઈક યાદ આવી ગયું. પણ એવું ન પણ હોઈ શકે એમ માની તેણે પ્રો. સાહેબને ફરી પૂછ્યું:

'કોલેજમાં તો કોઈ પ્રશ્ન નથીને?'

'ના.'

'તો પછી?'

'સ્મૃતિ...' પ્રો. સાહેબ અટકી પડ્યા. દરરોજ એમ જ અંત પુનરાવર્તિત થતો. સ્મૃતિ એ રસ્તાનો અંત હોય અને તેના પછી તરત જ ઊંડી ખીણ આવી જતી હોય તેમ પ્રો. સાહેબ આગળ બોલતાં અટકી જતા. આગળ બોલતાં એમની જીભ લોચો થઈ જતી.

'સ્મૃતિ...' ચા પીતાં પીતાં આજે તો શરૂઆત જ પ્રો. સાહેબે આ રીતે કરી.

'શું સ્મૃતિ સ્મૃતિ કરો છો? મને ખબર છે મને કેન્સર છે,' સ્મૃતિએ ધડાકો કરી નાખ્યો.

સાવ સહજતાથી બોલાયેલા તેના શબ્દો પ્રો. સાહેબના હૃદયમાં તેટલી જ કઠોરતાથી ઘૂસી ગયા. આજે પહેલી વાર સ્મૃતિનો ફટાફટ બોલી નાખવાનો સ્વભાવ તેમને લાગણીશૂન્ય કઠોરતાનું રૂપ લાગ્યો. તેમની આંખમાંથી ધારા છૂટી ગઈ. કેટલાય દિવસથી ખાળી રાખેલું ડૂસકું હાથમાંથી છૂટી ગયેલા કપની જેમ છૂટી ગયું.

'અંકુરના જન્મ વખતે ડૉક્ટરે કરેલી વાતચીત મેં સાંભળી છે. કોઈ માણસ ક્યાં અમરપટો લઈને આવ્યો છે?' કહેતી સ્મૃતિ તૂટી ગયેલા કપની કરચો ભેગી કરવા લાગી ગઈ સાવ સહજતાથી.

પ્રો. સાહેબ આંખો લૂછતા ઊભા થઈ ગયા. પડદો ખસેડી બારી બહાર જોવા લાગ્યા. બહારની આખી સૃષ્ટિ પોતાના પર હલ્લો કરતી લાગી. બારી બંધ કરી દીધી. બાજુના ઓરડામાં રડતા અંકુર તરફ વળી ગયા.

આ વાતના ઓગણચાલીસમા દિવસે જ સ્મૃતિની કેવળ સ્મૃતિ રહી ગઈ. સ્મૃતિનો દેહ અગ્નિમાં વિલીન થઈ ગયો. નાનકડા અંકુરની નિર્દોષ આંખો કશું જ ન અનુભવી શકી.

જે અનુભવ્યું તે પ્રો. સાહેબે જ.

દિવસો સુધી તે મૂગા રહ્યા. અંકુરનું રુદન તેમને અકળાવી મૂકતું. સ્મૃતિની યાદ રડાવી જતી.

અંકુરની યાચક નજરને લીધે કે પછી અંતરનો ખાલીપો થોડો ઘણો પૂરવા, ગમે તે હોય પણ તેમણે થોડો સમય બાદ શીલા સાથે બીજું લગ્ન કરી નાખ્યું.

શીલા ખરેખ શિલા જ નીકળી!

સાહિત્યથી સાવ વિમુખ શીલાને અભરાઈ પર ગોઠવેલ ચોપડા પસ્તી લાગતા. વાચનને સમયનો બગાડ સમજતી. લેખન એ બિનઉત્પાદક ખોટનો અને નવરાનો ધંધો છે તેમ વ્યાખ્યા કરતી.

ને તેમાંય જ્યારે ઘરે આવેલ કોઈ આંગતુકની સાથે થતી પ્રો. સાહેબની ચર્ચામાં સાંભળવા મળતું કે આ વાર્તામાં ખરેખર તો સ્મૃતિ તરફની પોતાની લાગણી જ ઠાલવી છે ત્યારે તે સમસમી જતી.

'સાહેબ,' અનિલ બોલ્યો. પ્રો. સાહેબ ઝબક્યા. ઝળઝળિયું બનીને આંખમાં આવી ગયેલી સ્મૃતિને ચશ્માં કાઢી લૂછી નાખી. તેમણે એક ચાસમાં પોતાની જાતને અમળાતી જોઈ. પડખેના ડૂલરાવાળા ચાસમાં સ્મૃતિ ખાલીપાની ચાદર ઓઢીને સૂતી હોય તેવું ભાસ્યું.

પ્રો. સાહેબને ડૂલરામાં રસ પડ્યો છે એવું લાગતાં અનિલે આગળ ચલાવ્યું:

'આવડા મોટા ખેતરમાં એકાદ ચાસમાં ડૂલરું પડી પણ જાય, સ્વાભાવિક છે. ઘણી વાર એવું બન્યું હોય ખેતરમાં એકાદ ડૂલરું હોય અને સીઝન લેવાઈ ગઈ હોય. આ વખતની સીઝન પણ લેવાઈ જશે. આવતે વરસે ધ્યાન રાખીશું. અને એ વરસે પડે તો એ વરસે પણ સીઝન...'

'પણ એનો કોઈ ઈલાજ?' પ્રો. સાહેબના અવાજમાંથી ડૂલરા પ્રત્યેનો અણગમો સ્પષ્ટ હતો.

'બસ, એને ફરીથી પૂરવું એ જ.'

'તો કેમ પૂરતા નથી?'

'આખા ખેતરમાં આવું એકાદ ડૂલરું હોય તેના તરફ કોણ ધ્યાન આપે?' અને અચાનક કાંઈક યાદ આવ્યું હોય તેમ અનિલે ઉમેર્યું:

'અને પાછળથી પૂરો એમાં કાંઈ દમ પણ ન હોય. એ બધું મન મનાવવા જેવું જ.'

પ્રો. સાહેબને ડૂલરામાં શીલાનો ચહેરો દેખાયો. 'ખરેખર મન મનાવવા જેવું જ' તે મનોમન બબડ્યા. અનાયાસે જ તેમના પગમાં ગતિ ફૂટી નીકળી. વળતી વખતે ઘણાના ખેતરમાં પડેલાં ડૂલરાં અનિલે બતાવ્યાં.

પ્રો. સાહેબ બબડ્યા: આવતા વરસે પણ વાવણી થશે. ડૂલરાં પડશે... સીઝન લેવાઈ જશે, પછી પાછી વાવણી... ડૂલરાં... સીઝન... ઘટમાળ ચાલ્યા કરશે.

અનિલને ખ્યાલ આવી ગયો હતો કે પ્રો. સાહેબને ડૂલરા શબ્દમાં રસ પડ્યો છે. ખેતરે વિચાર સમાધિમાં ડૂબી ગયા હતા ત્યારથી જ તેને લાગ્યું હતું કે પ્રો. સાહેબ નક્કી વાર્તાનો પ્લોટ વિચારતા હશે. તેથીસ્તો તેણે ફળિયામાં પહોંચતાં કહી નાખ્યું: 'ડૂલરા ઉપર એકાદ વાર્તા લખોને!'

'લખાણ ચૂકી છે.'

'ક્યાં છે?'

ત્યાં જ ધારેથી અવાજ સંભળાયો: 'હવે ક્યાં સુધી આ ધૂળમાં આળોટવાનું છે? ગામડું એટલું બધું ગમતું હોય તો નોકરીમાં મૂકી ધ્યો દિવાસળી ને લઈ લ્યો બે બળદ ને મંડી પડો ખેતર ખેડવા. છોકરોય બાપ ઉપર ગયો છે. એય નીકળવાનું નામ નથી લેતો,' શીલાબહેન ગુસ્સાથી લાલચોળ હતાં. બરાડતાં હતાં. અનિલના સ્વજનો આ વર્તનથી અવાક થઈ ગયા.

કશું જ ન બન્યું હોય તેમ પ્રો. સાહેબે અનિલના ખભે હાથ મૂક્યો. બોલ્યા: 'વાર્તાને? વાર્તા લખાઈ તો ગઈ છે પણ પ્રગટ નથી કરી એટલું જ.'

પ્રો. સાહેબ એવું હસ્યા કે તેમાંથી નર્યો ડૂલરાનો ખાલીપો ખર્યો! (સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बँडेर | માળો |
| बंधुवा | લાકડું |
| बंजर | પક્ષી |
| बटेर | ઉજ્જડ |
| बसेरा | કેદી |

### ઓળખાણ પડી?



હોલિવૂડ ફિલ્મ 'ડાઈ હાર્ડ' પર આધારિત આમિર ખાન અને મમતા કુલકર્ણીની ફિલ્મની ઓળખાણ પડી? ફિલ્મ ફ્લોપ થઈ હતી.

અ) અવ્વલ નંબર  બ) તુમ મેરે હો  ક) બાઝી  ડ) દૌલત કી જંગ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મે | ૨ દ | સ્વિ | તા | | ૩ મ | ૪ ધુ | પ્ર | ૫ મે | ૬ હ |
| ૭ જ | ર | | | ૮ અ | | મ્ર | | ૯ દ | મ |
| ૧૦ બા | વા | | ૧૧ છા | પ | | પા | | ૧૨ સ્વી | સ |
| ૧૩ ન | જા | ૧૪ રો | | ૧૫ રા | વી | ન | ૧૬ દી | | ફ |
| | | ૧૭ ક | બં | ધ | | | ૧૮ પ | ૧૯ સા | ર |
| ૨૦ વા | ય | ડી | | ૨૧ ભા | ૨૨ ગ | | ૨૩ ક | ર | |
| ટ | | | ૨૪ સ | વ | લ | ત | | ૨૫ વા | ૨૬ વ |
| | ૨૭ અં | ૨૮ ગા | ર | | ત | | ૨૯ સ | ર | ળ |
| ૩૦ અં | ત | તો | ગ | ત્વા | | ૩૧ તા | ત | | ગ |
| ૩૨ ત | ર | | મ | | ૩૩ અ | વ | ત | ર | ણ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ | ૮ |
| ૯ | | | | | | | ૧૦ | | |
| | | | | ૧૧ | | ૧૨ | | | |
| ૧૩ | ૧૪ | | | | | ૧૫ | ૧૬ | | |
| | | | ૧૭ | | | | | | |
| ૧૮ | | | | | | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | | | | ૨૨ | | ૨૩ | | |
| ૨૪ | | | | ૨૫ | | | | ૨૬ | ૨૭ |
| | | ૨૮ | ૨૯ | | | | ૩૦ | | |
| ૩૧ | | | | | ૩૨ | | | ૩૩ | |

**આડી ચાવી**

૧. નિર્દોષ, નિષ્પાપ (૪)
૫. ઉપાશ્રય પાંચ દેવોની મૂર્તિઓનો સમૂહ (૫)
૯. એક જામેલું ફળ (૪)
૧૦. --- થવું એટલે સરજોરી કરવી (૩)
૧૧. સપાટી પરનું (૩)
૧૩. શાહીનો ખડિયો (૩)
૧૫. મોટો યજ્ઞ (૪)
૧૭. કબજો, ભાળવણ, ઝીણી ચાળણી (૩)
૧૮. ગૂઢવાણી, અવળું બોલવું તે (૫)
૧૯. --- મસ્ત કલંદર (૪)
૨૧. શણગાર --- ને નવોઢા આવે (૨)
૨૩. વધુ પડતાં --- બાળકને બગાડે (૨)
૨૪. એને --- માર્યા હોય તો પાપ ના લાગે (૨)
૨૫. દરેક વ્યક્તિની એક --- હોય છે (૩)
૨૬. અભિપ્રાય (૨)
૨૮. વખાણ (૪)
૩૦. ઉપસ્થિત (૩)
૩૧. નિશાનબાજી (૪)
૩૨. 'હું' નું 'તું'નું બહુવચન (૨)
૩૩. આદત, વ્યસન, કુટેવ (૨)

**ઊભી ચાવી**

૧. પોતાનો આનંદ (૪)
૨. --- રાખે તેને કોણ ચાખે (૨)
૩. ભૂલ (૪)
૪. આંકો, કાપો (૨)
૫. ભાંજગડ, ઊહાપોહ, ગૂંચવાડો (૩)
૬. અંગ્રેજીમાં 'હા' કહો (૨)
૭. શહેરોમાં --- પુલાવની બોલબાલા (૨)
૮. તબિયત છે, --- રહ્યાં કરે (૬)
૧૧. ઝરણું (૪)
૧૨. બરફ, ઠાર, ખૂબ ઠંડી (૨) (જો. છૂ.)
૧૪. જાગીર, ખેતર વગેરે (૨,૩)
૧૬. હારની માળા (૪)
૧૭. કૂવામાં હોય તો --- માં આવે (૩)
૧૮. અસુરક્ષિતતા (૫)
૨૦. અટકયા વગરની મુસાફરી (૫)
૨૨. બીજી જ્ઞાતિ (૪)
૨૫. શાબાશ, બહુ સરસ (૨)
૨૭. અબ્બીહાલ, હમણાં જ (૩)
૨૮. હંમેશાં (૨)
૨૯. ખુશી (૨)

### ગુજરાત મોરી મોરી રે

કૃષ્ણદેવ યાજ્ઞિક દિગ્દર્શિત કઈ ફિલ્મથી અભિનેતા યશ સોનીનો ગુજરાતી ચિત્રપટ પ્રવાસનો પ્રારંભ થયો હતો એ જણાવો.

અ) નાડી દોષ  બ) પહેલો દિવસ
ક) ચાલ જીવી લઈએ  ડ) છેલ્લો દિવસ

### જાણવા જેવું

૧૯૭૧માં અમિતાભ બચ્ચનની બે ફ્લોપ ફિલ્મ આવી હતી. પહેલી હતી 'પ્યાર કી કહાની' જે તમિલ ફિલ્મની રિમેક હતી અને બીજી હતી 'સંજોગ' જેનું નિર્માણ સાઉથના જેમિની સ્ટુડિયોએ કર્યું હતું. એ પણ તમિલ ફિલ્મની રિમેક હતી અને એના દિગ્દર્શક હતા સાઉથના એસ. એસ. બાલન.

### સુડોકુ-૯૦૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૩ | ૨ | | ૫ | | ૮ | |
| ૫ | | | ૮ | | | | ૬ | |
| | | | ૬ | | | | | ૨ |
| | ૪ | | | | ૨ | | | ૬ |
| ૩ | ૫ | | | | | | ૨ | ૯ |
| ૯ | | | ૧ | | | | ૩ | |
| ૮ | | | | | ૪ | | | |
| | ૯ | | | | ૬ | | | ૮ |
| | ૭ | | ૫ | | ૯ | ૨ | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૫ | ૨ | ૧ | ૯ | ૮ | ૬ | ૭ |
| ૭ | ૯ | ૮ | ૩ | ૪ | ૬ | ૫ | ૨ | ૧ |
| ૨ | ૧ | ૬ | ૭ | ૮ | ૫ | ૪ | ૩ | ૯ |
| ૫ | ૨ | ૯ | ૧ | ૩ | ૭ | ૬ | ૮ | ૪ |
| ૮ | ૬ | ૩ | ૯ | ૨ | ૪ | ૭ | ૧ | ૫ |
| ૪ | ૭ | ૧ | ૫ | ૬ | ૮ | ૨ | ૯ | ૩ |
| ૯ | ૩ | ૪ | ૬ | ૫ | ૨ | ૧ | ૭ | ૮ |
| ૬ | ૫ | ૭ | ૮ | ૯ | ૧ | ૩ | ૪ | ૨ |
| ૧ | ૮ | ૨ | ૪ | ૭ | ૩ | ૯ | ૫ | ૬ |

### ચતુર આપો જવાબ / માથું ખંજવાળો

અશોક કુમાર અને ફિરોઝ ખાન સાથે રાજ કુમારની હિન્દી ફિલ્મનું નામ જણાવો જેની વાર્તા પરથી 'અભિનય સમ્રાટ' નાટક બન્યું હતું.

અ) દિલ એક મંદિર  બ) ગુમરાહ  ક) ઊંચે લોગ  ડ) એક સે બઢકર એક

### નોંધી રાખો

ક્યાં અને શું ભૂલ થઈ છે એ શોધી કાઢી સુધારવાને બદલે આપણને કોણે ભૂલ કરી છે એ જાણવામાં વધુ રુચિ હોય છે.

### માઈન્ડ ગેમ

અનેક હિરોઈન સાથે જોડી જમાવનાર સુપર એક્ટર સંજીવ કુમારની કઈ ફિલ્મમાં લીના ચંદાવરકર હિરોઈન હતી એ જણાવો.

અ) નિશાન  બ) અનોખી રાત
ક) મનચલી  ડ) સત્યકામ

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| इस्पात | પોલાદ |
| इंगित | ઈશારો |
| इजहार | જાહેરાત |
| इजाफा | વૃદ્ધિ |
| इजाजत | પરવાનગી |

**ગુજરાત મોરી મોરી રે:** ઉપર ગગન વિશાળ

**ઓળખાણ પડી?:** મુજે જીને દો

**માઈન્ડ ગેમ:** ભૂત બંગલા

**ચતુર આપો જવાબ / માથું ખંજવાળો:** ઝંઝીર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) નુતન વિપીન શાહ (૧૨) મીનળ કાપડિયા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) હર્ષા મહેતા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) અંબરીષ ઓઝા (૨૦) કિશોર સંઘરાજકા (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) અલકા વાણી (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) ડાયના સંતોકે (૩૯) પ્રવીણ વોરા (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતિન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ધીરેન્દ્ર (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) હેલન-હાવરા બ્રિજ, ૨) ડોન, ૩) મેરે જીવન સાથી, ૪) ઇન્કાર, ૫) તલાશ, ૬) અનામિકા, ૭) કારવાં

**ક્વિઝ (બ)** ૧) લવ ઇન ટોકિયો - જોય મુખરજી, ૨) એન ઇવનિંગ ઇન પેરિસ -શમ્મી કપૂર, ૩) ચાંદની ચોક ટૂ ચાઇના- અક્ષય કુમાર, ૪) બોમ્બે ટૂ બેન્કોક- શ્રેયસ તલપડે, ૫) લવ ઇન નેપાળ - સોનુ નિગમ, ૬) મિશન ઇસ્તાનબુલ- વિવેક ઓબેરોય, ૭) નાઈટ ઇન લંડન - વિશ્વજીત




# થોભો, આ ‘ધ ઍન્ડ’ નથી!

## ફિલ્મોના અજબ ઍન્ડ બદલવાની ગજબ કહાણી...

મહેશ નાણાવટી

થોડા દિવસ પહેલાં ‘હાઉસફૂલ-૫’ નામની એક ફિલ્મ આવી ગઈ. - એમણે બે એન્ડ (અંત) બનાવ્યા હતા. એટલે ફિલ્મોનાં નામ સાથે A અને B એમ આ ટિકિટ ઉપર પ્રિન્ટ થતાં હતાં! ‘હાઉસફૂલ-5- A' ‘હાઉસફૂલ-5- B ’!

પ્રોડ્યુસરોને કદાચ એમ હશે કે બન્ને ફિલ્મો જોઈને પ્રેક્ષકો નીકળશે ત્યારે એકબીજાને પૂછશે કે ‘તમારી ફિલ્મનો શું એન્ડ હતો? અમારીવાળીમાં તો આવું થયું!’ અને પછી ‘હાય હાય, તમે લઈ ગયા, અમે રહી ગયા...’ એમ વિચારીને લોકો પેલી છેલ્લી પાંચ-દસ મિનિટ જોવા માટે ફરી ટિકિટ લઈને આખેઆખી ફિલ્મ નવેસરથી (સહન કરતાં કરતાં) જોશે!




આવો જ કંઈક કિસ્સો આનંદ એલ. રાયે બનાવેલી ‘રાંઝણા’ ફિલ્મનો છે. સોશિયલ મીડિયામાં ચર્ચા છે કે ફિલ્મના કો-પ્રોડ્યુસર ‘ઈરોસ ઈન્ટરનેશનલ’એ AIની મદદ લઈને ઓરીજિનલ ફિલ્મનો કરુણ એન્ડ બદલીને હેપ્પી એન્ડ કરી નાખ્યો છે! હવે એને થિયેટરોમાં રિ-રિલીઝ કરવાના છે!

આનંદ એલ.રાયે એનો વિરોધ કર્યો છે, પરંતુ ‘ઈરોસ’ વાળાને આમાં કદાચ કમાણી દેખાતી હશે કે લોકો કદાચ આ ‘કોન્ટ્રોવર્સી’ના કારણે થિયેટરોની ટિકિટો ખરીદશે. જોકે ધનૂષને ફરી ‘જીવતો’ જોવામાં કેટલાને રસ પડશે તે તો ટિકિટબારી જ કહેશે કે ધનૂષનું ‘બાણ’ નિશાન પર લાગ્યું છે કે નહીં!

આપણે સૌ જાણીએ છીએ કે આજથી ૫૦ વરસ પહેલાં આવેલી ફિલ્મ ‘શોલે’ રિલીઝ થઈ એ અગાઉ એનો એન્ડ બદલવો પડ્યો હતો એ પણ સેન્સર બોર્ડના આગ્રહને કારણે! ઓરીજિનલ એન્ડ તો હવે યુટ્યૂબ ઉપર લાખો લોકોએ જોઈ લીધો છે, જેમાં ઠાકુર ગબ્બરને લોખંડી ખીલાવાળી મોજડીઓ વડે છૂંદી નાખે છે.

થોડા દિવસ પહેલાં આ ઓરીજિનલ વર્ઝનવાળું ‘શોલે’ કોઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શિત થયું હતું. એ જોઈને હોલિવૂડના પ્રોડ્યુસરો કદાચ કહેતા હશે કે ‘ધત્તેરેકી! ગબ્બરને જીવતો રાખ્યો હોત તો ‘શોલે’ની સિકવલ બનાવવાનો મસ્ત ચાન્સ હોત!’

રિલીઝ થયા પછી અને ખાસ તો ફિલ્મ હિટ ગઈ હોય એ પછી પણ એન્ડ બદલવો પડ્યો હોય એવું ૧૯૮૧માં આવેલી ફિલ્મ ‘એક દૂજે કે લિયે’ માટે થયું હતું. ફિલ્મમાં હીરો - હીરોઈન બન્ને એક પહાડી પરથી દરિયામાં છલાંગ લગાવીને આત્મહત્યા કરે છે, પરંતુ અમુક સામાજિક સંસ્થાઓને લાગ્યું કે ફિલ્મને કારણે આવાં પ્રેમી પંખીડાઓની આત્મહત્યામાં વધારો થઈ રહ્યો છે. એમણે કોર્ટ કેસ દ્વારા પ્રોડ્યુસરો ઉપર દબાણ વધાર્યું હતું. છેવટે એમની માગણી સામે ‘નમતું જોખીને ફિલ્મનાં ત્રાજ્યાં બદલીને એટલે કે અંતને સુખદ બનાવીને એટલો ભાગ કેટલાક થિયેટરમાં ચાલતી પ્રિન્ટોમાં જોડવામાં આવ્યો હતો! જોકે, પ્રેક્ષકોએ આખી વાતને નકારી કાઢીને સાવ નબળો પ્રતિસાદ આપ્યો હતો, જેથી કરીને ફરી પેલો કરુણ અંત જ ચાલુ રખાયો હતો.

સેન્સર બોર્ડની જીદ તો નહીં, પણ આગ્રહને કારણે જાણીતા નિર્માતા બી.આર. ચોપરાએ પણ ‘પતિ પત્ની ઔર વો’નો અંત બદલ્યો હતો. જોકે ફિલ્મ કોમેડી હતી છતાં સેન્સર બોર્ડે કહ્યું હતું કે આમાં પતિ પોતાની પત્નીને છેતરીને પોતાની સેક્રેટરી સાથે લગ્નેતર સંબંધો રાખે છે એની ‘સમાજ ઉપર ખરાબ અસર પડશે.’ અને છતાં જો તમે એન્ડ ન બદલવા માગતા હો તો અમે ‘એ’ સર્ટિફિકેટ આપીશું.




બી.આર. ચોપરાએ નવા વર્ઝનમાં પતિનો ભાંડો ફૂટી જાય, એ પસ્તાય અને પત્નીની માફી માગે એવું તો રાખ્યું જ, પરંતુ છેલ્લાં દૃશ્યમાં ‘કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી’ એવું બતાડવા માટે સંજીવકુમાર પોતાની નવી સેક્રેટરીને એ જ જૂની ટ્રિક દ્વારા બાટલામાં ઉતારવાની તૈયારી કરી રહ્યો છે એવું બતાડીને ‘કોમેડી તો બરકરાર જ રાખી હતી!’

રાજ કપૂરે પ્રોડ્યુસ કરેલી ૧૯૫૩ની ફિલ્મ ‘આહ’ ઉપર કોઈ સેન્સર બોર્ડનું દબાણ નહોતું, પરંતુ રાજ કપૂરની નજીકના લોકોની ‘લાગણી’ જવાબદાર હતી. ફિલ્મમાં ધનવાન ઘરના પુત્ર રાજ કપૂરને ટીબીની (એ વખતની અસાધ્ય) બીમારી થઈ જાય છે. તે પોતાની પ્રેમિકા નરગિસને પોતાનાથી દૂર કરવા માટે જાતજાતના પ્રયત્નો કરે છે. આમાં ઓરોજિનલ અંત તો ખૂબ જ કલાત્મક હતો, જેમાં આખરી દૃશ્ય એવું હતું કે એક તરફ નરગિસની લગ્નની ડોલી જઈ રહી છે અને બીજી તરફ રાજની અંતિમયાત્રા પસાર થઈ રહી છે.

પરંતુ ફિલ્મ સાથે સંકળાયેલા લોકોને લાગ્યું કે ‘અરેરે, આટલો બધો દુઃખદ અંત? લોકો સહન નહીં કરી શકે...’ એટલે એન્ડ બદલવામાં આવ્યો, જેમાં નરગિસ અને રાજનાં લગ્ન થાય છે અને નરગિસની પ્રેમભરી સારવારથી ચમત્કારિક રીતે રાજની બીમારી દૂર થઈ જાય છે.

ઋષિકેશ મુખર્જીએ બનાવેલી ‘નમકહરામ’નો કિસ્સો જરા અલગ છે. આમાં ન તો સેન્સર બોર્ડનું પ્રેશર હતું, ન તો કોઈ સામાજિક સંસ્થાએ ટાંગ અડાડી હતી કે ન તો કોઈ ડિસ્ટ્રીબ્યુટરોને કોઈ તકલીફ હતી...વાત એમ હતી કે તે સમયના સુપર સ્ટાર રાજેશ ખન્ના ફિલ્મમાં ‘મરી જવા’ માગતા હતા!

જીહા, ‘નમકહરામ’ની વાર્તા તો મૂળ પ્રખ્યાત બ્રિટિશ ઐતિહાસિક નાટક ‘બેકેટ’ (ઓનર ઓફ ગોડ) ઉપર આધારિત હતી. એ જ નાટક ઉપરથી ૧૯૬૪માં ‘બેકેટ’ નામની બ્રિટીશ ફિલ્મ પણ આવી ગઈ હતી. બન્ને કૃતિઓમાં બે ગાઢ દોસ્તોની વાત છે જેમાં એક અતિશય ધનિક અને પાવરફૂલ બાપનો પુત્ર છે અને બીજો સામાન્ય મધ્યવર્ગીય યુવાન છે. બન્ને કૃતિમાં અંતમાં પેલા ધનિક પુત્રનું મોત થાય છે, જેના કારણે શોષણખોર બાપની આંખો ઉઘડે છે... વગેરે.

પરંતુ ફિલ્મ બની રહી હતી એ દરમિયાન રાજેશ ખન્નાની જીદ હતી કે ‘મરીશ તો હું જ!’ આના કારણે ફિલ્મની સ્ક્રિપ્ટમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, જોકે ફિલ્મ બની રહી હતી ત્યારે અમિતાભ બચ્ચન એટલા મોટા સ્ટાર બન્યા નહોતા એટલે રાજેશ ખન્નાની જીદ સામે ‘પોતે મરવાની’ જીદ કરી શકયા નહોતા.

જ્યારે મરવાની વાત ચાલી રહી છે તો ફિલ્મ ‘રંગ દે બસંતી’માં મરવાની રીત માટે અંતને બદલવામાં આવ્યો હતો. ફિલ્મ બની રહી હતી તે દરમિયાન એન્ડ એવો નક્કી હતો કે ફિલ્મના ત્રણ યુવક મુખ્ય પાત્ર કેન્દ્રિય મંત્રીની હત્યા કર્યા પછી ભાગવા જતાં એક પછી એક માર્યા જાય છે. શૂટિંગ વખતે કહે છે કે, આમિર ખાને દિગ્દર્શક રાકેશ ઓમપ્રકાશ મહેરાને સવાલ કર્યો હતો કે જો આ યુવાનો શહીદ ભગતસિંહને પોતાનો આદર્શ માને છે તો એ ભાગે શા માટે? ખુદ ભગતસિંહ પાર્લામેન્ટમાં બોમ્બ ફેંકયા પછી ભાગ્યા નહોતા.

આ દલીલ કામ કરી ગઈ, ત્યાર બાદ કહેવાય છે કે આમિર ખાન પાસે એક વાર્તા હતી જેમાં ક્રાંતિકારી યુવાનો ટીવી સ્ટેશન પર કબજો કરી લે છે અને પોતાનો આખરી સંદેશ જનતા સુધી પહોંચાડે છે. બસ, પછી એમાં ટીવીને બદલે રેડિયો સ્ટેશન કરી દેવાયું!

હવે માત્ર એટલી આશા રાખવાની કે જ્યારે ‘રંગ દે બસંતી’ ફરી રિલીઝ થાય તો AI દ્વારા એનો અંત બદલી ન નાખ્યો હોય! ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ ગીતો ખલનાયિકા પર કઈ ફિલ્મમાં શૂટ થયા છે?

૧) મેરા નામ ચીન ચીન ચું ચીન ચીન ચું રાત ચાંદની

૨) યે મેરા દિલ યાર કા દીવાના, દીવાના પ્યાર કા

૩) આઓ ના ગલે લગાઓ ના લગી બુજાઓ ના ઓ

૪) મૂંગડા મૂંગડા મૈં ગુડ કી ડલી મંગતા હૈ તો આજા

૫) કર લે પ્યાર કરલે કે દિન હૈ યહી ચોરી સે કોઈ દેખે

૬) આજ કી રાત કોઈ આને કો હૈ રે બાબા ઉસે આને તો

૭) પિયા તુ અબ તો આજા શોલા સા મન બેહકે આકે

## ક્વિઝ (બ)

આ શહેરોના નામ પરથી બનેલી ફિલ્મનું નામ તથા તેનો હીરો કોણ છે એ જાણો છો?

૧) ટોકિયો

૨) પેરિસ

૩) ચાઈના

૪) બેન્કોક

૫) નેપાળ

૬) ઈસ્તાનબુલ

૭) લંડન




જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

## ડોક્યુમેન્ટેડ ડ્રીમ્સઃ


# દસ્તાવેજી દ્રષ્ટિએ સિનેમાનાં સપનાં

### તમે સાંભળો છો? બોલી રહ્યો છે ભારતીય ફિલ્મ ઈતિહાસ


શો-શરાબા


દિવ્યકાંત પંડ્યા

અવિશ્વસનીય લાગશે, પણ હકીકત એ છે કે બોલિવૂડ જેટલો મોટો અને રોમાંચક ઇતિહાસ ધરાવે છે તેટલો જ ઓછો તેણે પોતાનો ઇતિહાસ સાચવી રાખ્યો છે (ફિલ્મ આર્કાઇવ અને ભારતીય સિનેમાના સંરક્ષક ગણાતા પી. કે. નાયર પર આ જ કટારમાં એક શ્રેણી લખી હતી). વર્ષો સુધી અહીં ફિલ્મ્સની પાછળની સાચી વાર્તાઓ, મહેનત કરનારા લોકોના યોગદાન અને ભારતીય સિનેમાના વિકાસ વિશે સચોટ રીતે જણાવતી ડોક્યુમેન્ટરીઝ (દસ્તાવેજી ફિલ્મ્સ) બહુ જ ઓછી બની છે. પણ હવે સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ આવી ગયા પછી આપણું સિનેમા આખરે પોતાને લઈને ડોક્યુમેન્ટરીઝ બનાવી રહ્યું છે.





આ દરેક ડોક્યુમેન્ટરીઝ અલગ અલગ વિષય પર છે, પણ એ દરેકે ભારતીય સિનેમાની આંતરિક સફર દર્શાવી છે. સૌપ્રથમ છે ‘ધ રોમેન્ટિક્સ (The Romantics)’, જે ‘નેટફ્લિક્સ’ પર રિલીઝ થઈ હતી. આ ડોક્યુમેન્ટરી યશ ચોપરા અને આદિત્ય ચોપરાના ‘યશરાજ ફિલ્મ્સ’ના વારસાને ઉજાગર કરે છે. આમાં શાહરુખ ખાન, રણબીર કપૂર, કેટરિના કૈફ જેવા અદાકારોથી લઈ ઘણા દિગ્ગજ ફિલ્મમેકર્સ સુધી બધાએ ‘યશરાજ’ની ફિલ્મ્સના સંબંધે પોતાની યાદ વહેંચી છે. ક્યારેય કેમેરા સામે ન આવતા આદિત્ય ચોપરાએ પણ તેમાં ભાગ લીધો છે. આ ડોક્યુમેન્ટરી માત્ર ભૂતકાળની યાદો નથી, પણ એ બતાવે છે કે કેવું સિનેમેટિક વિઝન યશ ચોપરાએ અપનાવ્યું - આપ્યું અને કેવી રીતે એ આજના બોલિવૂડના રોમાંસનો આધાર બની ગયું.








બીજી ડોક્યુમેન્ટરી છે ‘મોડર્ન માસ્ટર્સઃ એસ. એસ. રાજામૌલી’. આ પણ ‘નેટફ્લિક્સ’ પર છે. આ ડોક્યુમેન્ટરીમાં રાજામૌલીની શરૂઆતથી લઇને વૈશ્વિક સફળતા સુધીની સફર છે. એમના પિતા વિજયેન્દ્ર પ્રસાદ, સાથે કામ કરનાર કલાકારો અને વિદેશી દિગ્દર્શકો જેમ કે જેમ્સ કેમેરોન પણ એમના વિશે વાત કરે છે. આ દર્શાવે છે કે ભારતીય દિગ્દર્શકો હવે હોલિવૂડના સ્તરે ઓળખાઈ રહ્યા છે.





ત્રીજી ડોક્યુમેન્ટરી છે ‘ધ રોશન્સ (The Roshans)’. આ ડોક્યુમેન્ટરીમાં હૃતિક રોશને એના પિતા રાકેશ રોશન અને દાદા રોશનલાલ સુધીની ત્રણ પેઢીના યોગદાન વિશે વાત કરી છે. આમ સંગીત, ડિરેકશન અને અભિનય એમ ત્રણેય ક્ષેત્રે એક જ પરિવાર કેટલાય દાયકાઓથી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કેવું મહત્ત્વનું સ્થાન ધરાવે છે એની વાત છે, આ એક વ્યક્તિ કે સ્ટારની વાર્તા નથી, પણ એક આખા પરિવારની ફિલ્મ- સફર છે.

ચોથી છે ‘નયનતારાઃ બિયોન્ડ ધ ફેરિટેલ (Nayanthara: Beyond the Fairytale)’, જે દક્ષિણ ભારતીય સુપરસ્ટાર નયનતારાની જીવનયાત્રા દર્શાવે છે. ફિલ્મમાં નયનતારાની વ્યક્તિગત અને વ્યાવસાયિક બંને લાઈફ વિશે વાત થાય છે. આજના સમયમાં જ્યારે મહિલા કલાકારના યોગદાનને પૂરતું માન મળતું નથી ત્યારે આ ડોક્યુમેન્ટરી એવી અભિનેત્રીઓ માટે અવાજ બની શકે છે, જેમણે ગ્લેમર કરતાં પણ વધુ કંઈક કર્યું છે.




પાંચમી ડોક્યુમેન્ટરી છે ‘ઍંગ્રી યંગ મેન (Angry Young Men)’ જે ‘એમેઝોન પ્રાઇમ વીડિયો’ પર રિલીઝ થઈ છે. આ સલીમ-જાવેદ એટલે કે ભારતીય ફિલ્મ ઈતિહાસની સૌથી મોટી સ્ક્રીનરાઇટર જોડી વિશે છે. ‘શોલે’, ‘દીવાર’, ‘જંઝીર’ જેવી ફિલ્મ્સ કોણે લખી અને કેમ લખી એ સમજવા માટે આ શ્રેણી જોવી સમજવી ખૂબ જ આવશ્યક છે. આજે જ્યારે લેખકોને ફોટોશૂટ કરતા અભિનેતાઓ જેટલી પણ ઓળખ મળતી નથી ત્યારે આ ડોક્યુમેન્ટરી ખરા અર્થમાં લેખકને નાયક બનાવીને પેશ કરે છે.




છઠ્ઠી અને વધુ સંવેદનશીલ ડોક્યુમેન્ટરી છે ‘પરમાઃ અ જર્ની વિથ અપર્ણા સેન (Parama: A Journey with Aparna Sen)’ આ ફિલ્મ ફેસ્ટિવલ્સમાં બતાવવામાં આવી અને પછી થિયેટર્સમાં પણ રિલીઝ કરવામાં આવી હતી. અપર્ણા સેન બંગાળી ફિલ્મમેકર અને અભિનેત્રી છે, જેમણે મહિલા કેન્દ્રિત, ગંભીર વિષયો પર ફિલ્મ્સ બનાવી. ‘પરમા’ ડોક્યુમેન્ટરી એમના જીવનના ઉતાર-ચઢાવ અને સિનેમાના પ્રતિ એના દષ્ટિકોણને નાજુક રીતે સ્પર્શે છે.

આ દરેક ડોક્યુમેન્ટરી સાથે જોડાયેલી એક મોટી વાત એ છે કે હવે ભારતીય સિનેમા પોતે પોતાનું ડોક્યુમેન્ટેશન કરવા લાગ્યું છે. આ ડોક્યુમેન્ટરીઝ માત્ર યાદગીરી માટે નથી એ આપણને દર્શાવે છે અને સચોટ રીતે સમજાવે છે કે આ ઇન્ડસ્ટ્રી પાછળ કેટલી મહેનત, સંઘર્ષ અને ક્રિએટિવ વિઝન સતત કાર્યરત છે. અને હવે એવી પણ આશા રાખી શકાય કે આવનારા સમયમાં બીજા અનેક સિનેમા લેજેન્ડસ-દિગ્ગજો પર પણ આવી જ સાચી અને હૃદયસ્પર્શી ડોક્યુમેન્ટરીઝ બને.

સિનેમાનું આપણે કેટલાંય વર્ષોથી મૂલ્યાંકન કરતાં આવ્યા છીએ, ક્યારેય એક પવિત્ર મનોરંજન તરીકે, તો ક્યારેક સંસ્કૃતિના અરીસાના રૂપમાં, પણ હવે સમય છે જ્યારે આપણે સિનેમાને એક લાઈવ-જીવંત ઇતિહાસ તરીકે પણ જોવું પડશે. જે લોકો કેમેરા સામે ન હોવા છતાં, સિનેમાને જીવંત બનાવે છે. જેમના વિચાર, લખાણ, સંગીત, દષ્ટિ અને અભિવ્યક્તિને કારણે કોઈ ફિલ્મ બને છે એ બધાની વાર્તા પણ કહેવી અત્યંત જરૂરી છે. આવો દસ્તાવેજી દ્રષ્ટિકોણ આપણી ફિલ્મ સંસ્કૃતિને વધુ ગાઢ બનાવે છે. જ્યાં ફક્ત સ્ટારડમ નહીં, પણ સ્ટ્રગલ, દ્રષ્ટિ અને દાયકાઓની અદશ્ય મહેનત પણ છે.

આ ડોક્યુમેન્ટરીઝ માત્ર દર્શકો માટે નથી, તે ભવિષ્યના ફિલ્મમેકર્સ, લેખકો અને શૈક્ષણિક સંસ્થાઓ માટે પણ એક અમૂલ્ય રિસોર્સ-સંસાધન છે. અને કદાચ, આજથી કેટલાંય વર્ષો પછી જ્યારે ભારતીય સિનેમાની આવી ઘણી બધી યાદગાર ડોક્યુમેન્ટરી બની ચૂકી હશે ત્યારે આપણે ગૌરવથી કહી શકીશું કે ભારતમાં પણ ફિલ્મ ઈતિહાસને સાચવવાની અને સમજવાની પરંપરા શરૂ થઈ ગઈ છે. સિનેમા ફક્ત જોવાની નહિં, સમજવાની વસ્તુ પણ છે!

### લાસ્ટ શોટઃ

*‘સેલ્યુલોઇડ મેન’ (૨૦૧૨) શિવેન્દ્ર સિંહ ડુંગરપુર દિગ્દર્શિત ડોક્યુમેન્ટરી છે, જે ‘નેશનલ ફિલ્મ આર્કાઇવ ઓફ ઈન્ડિયા’ના સ્થાપક અને ભારતીય સિનેમાના સચોટ સંરક્ષક ગણાતા પી. કે. નાયરના જીવન અને કામને દર્શાવે છે.* ■

# યુકે ડીલનો આશાવાદ બજારને બચાવવામાં નિષ્ફળઃ બ્લુચિપ શૅરોના ધોવાણ અને એફઆઈઆઈના આઉટફ્લોને કારણે સેન્સેક્સમાં ૫૪૨ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શેરબજારમાં યુકે સાથેની એફટીએની ડીલ ભારતના લાભમાં રહેવાના આશાવાદ વચ્ચે સુધારા સાથે શરૂઆત કર્યા બાદ બેન્ચમાર્ક પોઝિટિવ ઝોનમાં ટકવામાં નિષ્ફળ રહ્યો હતો. ઇન્ડેક્સના હેવીવેઇટ શેરોમાં ઊંચા મથાળે વેચવાલી રહેવા સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોના સતત આઉટફ્લોને કારણે બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૪૨.૪૭ પોઈન્ટ ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૦૦૦ની સપાટી માંડ ટકાવી શક્યો હતો.

સકારાત્મક શરૂઆત છતાં, ત્રીસ શેરો ધરાવતો સેન્સેક્સ ગતિને આગળ વધારવામાં નિષ્ફળ ગયો અને અંતે નેગેટિવ ઝોનમાં સરકી ગયો હતો. બેન્ચમાર્ક ૫૪૨.૪૭ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા ઘટીને ૮૨,૧૮૪.૧૭ પોઈન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૬૭૯.૪૨ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા ઘટીને ૮૨,૦૪૭.૨૨ પોઈન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે, પચાસ શેરો ધરાવતો નિફ્ટી ૧૫૭.૮૦ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા ઘટીને ૨૫,૦૬૨.૧૦ પોઈન્ટ પર બંધ થયો હતો.

ટ્રેન્ટ, ટેક મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ફોસિસ, કોટક મહિન્દ્રા બેંક, એચસીએલ ટેક્નોલોજીસ અને એનટીપીસી સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. જ્યારે સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોમાં ઇટર્નલ, ટાટા મોટર્સ, સન ફાર્મા, ટાટા સ્ટીલ અને ટાઇટનનો સમાવેશ હતો.

પ્રાઇમરી માર્કેટમાં આદિત્ય ઇન્ફોટેક રૂ. ૧,૩૦૦ કરોડનું જાહેર ભરણું લાવી રહી છે, જે ૨૯ જુલાઈના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૩૧ જુલાઈના રોજ બંધ થશે. શેરની ફાળવણી પહેલી ઓગસ્ટે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ પાંચમી ઓગસ્ટે થવાની શક્યતા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૬૪૦થી રૂ. ૬૭૫ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઈઝ ૨૨ શેરની છે. આ ભરણું રૂ. ૫૦૦ કરોડની ફ્રેશ ઇક્વિટી અને રૂ. ૮૦૦ કરોડના ઓફર ફોર સેલનું મિશ્રણ છે.

અગ્રણી કોટેડ સ્ટીલ ઉત્પાદક અને નિકાસકાર કંપની માનક્સિઆ કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં ૨૯.૯૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૫૩.૯૪ કરોડની કુલ આવક, ૯૬.૩૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૮.૬૨ કરોડનો એબિટા અને ૩૬૯.૭૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૪.૦૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૧.૨૭ ટકા અને ચોખ્ખા નફાનું માર્જિન ૫.૫૨ ટકા રહ્યું છે.

જૂન ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૮.૭ ટકાનો વધારો નોંધાવવા છતાં ઇન્ફોસિસે તેના સંપૂર્ણ વર્ષના આવકના અનુમાનને ઘટાડ્યું હોવાથી તેના શેરમાં એક ટકાનો ઘટાડો નોંધાયો હતો. મેસ્સી ફ્રેન્કફર્ટ અને એમઈએક્સ એક્ઝિબિશન્સ દ્વારા ગિફ્ટિંગ અને સ્ટેશનરી ઉદ્યોગ માટે ભારતવ્યાપી ઈન્ટીગ્રેટેડ વેપાર મંચ નિર્માણ કરવા વ્યૂહાત્મક જોડાણ સાધવામાં આવ્યું છે. ગિફ્ટ્સ વર્લ્ડ એક્સપો દરમિયાન એક્ઝિબિશન પોર્ટફોલિયોનું વિલીનીકરણ જાહેર કરાયું હતું.

રિઅલ એસ્ટેટ ક્ષેત્રે કાર્યરત શ્રી લોટસ ડેવલપર્સ રૂ. ૭૯૨ કરોડનું જાહેર ભરણું લાવી રહી છે, જે ૩૦ જુલાઈએ ખુલશે અને પહેલી ઓગસ્ટના રોજ બંધ થશે. શેરની ફાળવણી ચોથી ઓગસ્ટે અને લસ્ટિંગ છઠ્ઠી ઓગસ્ટના રોજ થશે. આઇપીઓની પ્રાઇસ બેન્ડ રૂ. ૧૪૦થી રૂ. ૧૫૦ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૧૦૦ શેરની છે.

દેશની ટોચની વ્યાવસાયિક ઈ-વેસ્ટ મેનેજમેન્ટ કંપની ઈકો રિસાયક્લિંગ લિમિટેડે પોતાની વ્યૂહાત્મક સ્થિતિ અને વૈશ્વિક એકીકરણને મજબૂત બનાવવા માટે સીએમડી બી.કે.સોનીને સસ્ટેનેબલ ઇલેક્ટ્રોનિક્સ રિસાયક્લિંગ ઇન્ટરનેશનલની ટેકનિકલ સલાહકાર સમિતિમાં નિયુક્ત કર્યા છે. જ્યારે ડો. સંદીપ ચેટરજીની સ્વતંત્ર ડિરેક્ટર તરીકે નિમણૂક કરી છે. એનટીપીસીએ બોન્ડ મારફત રૂ. ૧૮,૦૦૦ કરોડ એકત્ર કરવા માટે શેરધારકોની મંજૂરી મેળવી લીધા છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે જાપાન સાથે અમેરિકાનો ૧૫ ટકા ટેરિફ ધરાવતો સોદો વૈશ્વિક સ્તરે રાહતની લાગણી અનુભવી



છે ત્યારે ભારતના યુકે સાથેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ફાઇનલ થવાના આશાવાદ સાથે બજારનો અંડરટોન સારો છે, પરંતુ પહેલી ઓગસ્ટે તોળાઇ રહેલી અમેરિકન ટેરિફ કેવી હશે એની આશંકા સેન્ટિમેન્ટ ડહોળી રહી છે. આ તરફ યુરોપિયન યુનિયને અમેરિકા પર વળતા હુમલાની તૈયારીરૂપે તેના પર ૩૦ ટકા સુધીની ટેરિફ લાદવાની ચીમકી આપી છે. આ રીતે જીઓપોલિટિકલ ટેન્શન સહેજ હળવું થયું છે ત્યાં ટેરિફ વોર ફરી વકરવાની ભીતિ સર્જાઇ હોવાથી બજારને કળ વળતી નથી. પહેલી ઓગસ્ટ અગાઉ અમેરિકા અને ભારત વચ્ચેના વ્યાપાર સોદા અંગેની વિગતો સંદર્ભની અનિશ્ચિતતાને કારણે સેન્ટિમેન્ટમાં સાવચેતીનું માનસ રહેવાની સંભાવના છે.

આદિત્ય બિરલા રિઅલ એસ્ટેટે જૂન ક્વાર્ટરમાં રૂ. ૨૭.૦૮ કરોડની ખોટ નોંધાવી છે. કુલ આવક પણ પાછલા વર્ષના રૂ. ૩૬૫.૨૪ કરોડ સામે ઘટીને રૂ. ૧૫૭.૪૧ કરોડ રહી છે. મારુતિ સુઝુકીએ ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝમાં ટેકનોલોજી આધારિત સોલ્યુશન્સ વિકસાવવા માટે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ સાથે કરાર કર્યા છે. વેસ્ટલાઇફ ફુડવર્લ્ડે પ્રથમ ક્વાર્ટરમાં ૬૩ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. કોલગેટ પામોલીવ ઇન્ડિયાએ શહેરી માગમાં ઘટાડો થવાને કારણે પ્રથમ ક્વાર્ટરમાં ૧૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

જીઓબ્લેક રોકે મેઇડન આઇપીઓ દ્વારા રૂ. ૧૭,૮૦૦ કરોડ એકત્ર કર્યા છે. આઇસીઆઇસીઆઇ બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧૫.૯ ટકાના વધારા સાથે રૂ. ૧૩,૫૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧.૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬,૨૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બેન્કે ૧:૧ના રેશિયોમાં બોનસ શેર અને શેરદીઠ પાંચ રૂપિયાના સ્પેશિયલ ડિવિડંડની જાહેરાત કરી છે. પેટીએમ બ્રાન્ડની માલિક વન૯૭ કમ્યુનિકેશને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૧૨૨.૫૦ કરોડનો નફો નોંધાવ્યો છે. કંપનીએ પહેલી જ વાર નફો નોંધાવ્યો છે.

બુધવારે એફઆઈઆઈએ રૂ. ૪,૨૦૯.૧૧ કરોડની ઇક્વિટીનું ચોખ્ખું વેચાણ કર્યું હતું. સતત વિદેશી વેચાણથી પ્રવાહીતા ઓછી થાય છે અને ઘણીવાર શેરના ભાવ પર દબાણ વધે છે, ખાસ કરીને લાર્જ-કેપ સેગમેન્ટમાં આ વધુ જોવા મળ્યું છે. ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો પણ માહોલ બગાડે છે. બ્રેન્ટ ક્રૂડ ઓઇલ ફ્યુચર્સ ૦.૩૧ ટકા વધીને ૬૮.૭૨ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ કંપનીઓ માટે ઇનપુટ ખર્ચમાં વધારો કરે છે, ચાલુ ખાતાની ખાધમાં વધારો કરે છે અને ફુગાવાના દબાણ તરફ દોરી શકે છે, જેનાથી રોકાણકારોના માનસ પર નકારાત્મક અસર પડે છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં માત્ર ઈટર્નલ ૩.૪૪ ટકા, ટાટા મોટર્સ ૧.૫૧ ટકા, સન ફાર્મા ૦.૫૬ ટકા, ટાટા સ્ટીલ ૦.૪૦ ટકા, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૦.૩૪ ટકા વધ્યા હતા, પાવર ગ્રીડ સ્થિર રહ્યો હતો, જ્યારે મુખ્યત્વે ટ્રેન્ટ ૩.૯૨ ટકા, ટેક મહિન્દ્ર ૩.૧૫ ટકા, રિલાયન્સ ૧.૫૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૫૧ ટકા, બજાજ ફિનસર્વ ૧.૪૦ ટકા, ઈન્ફોસિસ ૧.૩૨ ટકા, કોટક બેન્ક ૧.૩૦ ટકા, આઈટીસી ૧.૧૯ ટકા, એનટીપીસી ૧.૧૮ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૧.૧૨ ટકા ઘટ્યા હતા.

શેરબજારમાં ગુરુવારે પ્રરંભિક સુધારો ધોવાઇ ગયો હતો અને સત્ર દરમિયાન માત્ર હેલ્થકેર, મેટલ અને ઓટો ઈન્ડેક્સ વધ્યા હતા, જ્યારે ઇન્ફોસિસના નબળા ગાઇડન્સને કારણે ફોકસ્ડ આઈટી, આઈટી અને ટેક સર્વાધિક ઘટાડો જોવા મળ્યો હતો. એકંદરે માર્કેટ કેપમાં રૂ. ૨.૨૫ લાખ કરોડનું ગાબડું નોંધાયું હતું.

સેન્સેક્સની છ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૪ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૪૩ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૦ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૧ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૨૨ ટકા વધ્યો હતો.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૨,૭૨૬.૬૪ના બંધથી ૫૪૨.૪૭ પોઈન્ટ્સ (૦.૬૬ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૨,૭૭૯.૯૫ ખૂલીને ઊંચામાં ૮૨,૭૮૪.૨૪ સુધી અને નીચામાં ૮૨,૦૪૭.૨૨ સુધી જઈને અંતે ૮૨,૧૮૪.૧૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૦.૩૫ લાખ કરોડથી રૂ. ૨.૨૫ લાખ કરોડ ઘટીને રૂ. ૪૫૮.૧૦ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ હેલ્થકેર ૦.૫૨ ટકા, મેટલ ૦.૧ ટકા અને ઓટો ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ફોકસ્ડ આઈટી ૨.૨૨ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૮૪ ટકા, એફએમસીજી ૧.૦૮ ટકા, રિયલ્ટી ૧.૦૫ ટકા, એનર્જી ૦.૦૯ ટકા, સર્વિસીસ ૦.૬૮ ટકા, યુટિલિટીઝ ૦.૬૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૬ ટકા અને ટેલિકોમ્યુનિકેશન તેમ જ પાવર ૦.૫૯ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૨૨૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૪૫ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૧૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૬ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૬ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૭૬.૨૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૯૯ સોદામાં ૧,૦૫૪ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૦,૯૮,૯૯૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૨૫,૬૭,૨૪૯.૪૨ કરોડનું રહ્યું હતું.

## ડિજિટલ બેંકિંગમાં ફરિયાદોમાં સતત વધારો, બેન્કરોને ગ્રાહકોની કાળજી લેવા આરબીઆઇની ટકોર

નવી દિલ્હીઃ કર્મચારીઓમાં સહાનુભૂતિના અભાવને કારણે બેંકોમાં, ખાસ કરીને ડિજિટલ બેંકિંગમાં ગ્રાહકોની ફરિયાદો વધી રહી છે. બેંકરોએ ધ્યાનથી કામ કરવું જોઈએ. ગ્રાહક ફક્ત રાજા નથી, પરંતુ બેંકિંગ સિસ્ટમમાં વિશ્વાસનો પાયો પણ છે, તેમ રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથને કહ્યું હતું. બેંકોમાં ખામીયુક્ત ઉત્પાદનો અથવા સેવાઓને કારણે ફરિયાદો વધી નથી, પરંતુ ગ્રાહક સેવા પ્રત્યે વ્યક્તિગત જોડાણના અભાવ અને યાંત્રિક અભિગમ અપનાવવાને કારણે તે વધી છે. બેંકિંગ સિસ્ટમમાં ઓટોમેશન પ્રક્રિયા વધી રહી છે પરંતુ જવાબદારીની ભાવના ઘટી રહી છે. બેંકિંગ સિસ્ટમમાં, સામાન્ય રીતે જવાબ પૂર્વ-લેખિત ઇમેઇલ દ્વારા આપવામાં આવે છે. ગ્રાહક હેલ્પલાઇન દ્વારા વાત કરવા માંગે તો પણ જટિલતા ત્યાં સમાપ્ત થતી નથી. આ રીતે વિશ્વાસ ઊભો થઈ શકતો નથી અને સિસ્ટમ આવી રીતે ન રહેવી જોઈએ. ગ્રામીણ લોન લેનારને ખબર નથી કે ડિજિટલ રીતે લોન કેવી રીતે ચૂકવવી. નાના વેપારીઓ યુપીઆઈ રિફંડ વિશે ચિંતિત છે. બેંકિંગ ક્ષેત્રમાં સફળતા માટે, કર્મચારીઓમાં તાત્કાલિક પડકારોનો સામનો કરવાની અને લાંબા ગાળાની જવાબદારીઓ લેવાની ક્ષમતા હોવી જોઈએ. બેંકિંગ ફક્ત પૈસા સંભાળવા વિશે નથી, તે વિશ્વાસ સંભાળવા વિશે છે. તમારા નિર્ણયો વ્યક્તિઓ, પરિવારો, વ્યવસાયો અને સમુદાયોને અસર કરે છે. તમે નાણાકીય સમાવેશ, ડિજિટલાઇઝેશન, લોન વૃદ્ધિ અને આર્થિક સ્થિરતામાં ભૂમિકા ભજવો છો. આ કોઈ નાની જવાબદારી નથી.

## આનંદો! સોનું ₹ ૧૬૫૩ના કડાકા સાથે ₹ ૯૮૮૮૦ની સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આંતરરાષ્ટ્રીય ધોરણે જીઓપોલિટિકલ બાબતમાં રાહત રહેવા સાથે જાપાન અને અમેરિકાની ડીલ બાદ ટેરિફ વોરની તંગદીલી પણ સહેજ હળવી થવાથી કિંમતી ધાતુની તરફની દોડ પણ ધીમી પડી હતી અને ઇન્વેસ્ટર્સ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યાં હોય એવું લાગે છે.

બુલિયન બજારમાં ગુરુવારના સત્રમાં સોનાચાંદીમાં ઊંચા મથાળેથી પાછાં ફર્યા હતા. પાછલા સત્રમાં બુધવારે એક લાખની સપાટી પાર કરી ગયેલું સોનું ખૂલતા સત્રમાં ફરી આ સપાટીની અંદર સરકી ગયું હતું. મુંબઇના ઝવેરી બજારમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું પાછલા સત્રના રૂ. ૧,૦૦,૫૩૩ પ્રતિ દસ ગ્રામની સામે રૂ. ૧૪૨૬ના તોતિંગ કડાકા સાથે રૂ. ૯૯,૧૦૭ની સપાટીએ ખૂલ્યું હતું.



એ જ રીતે. ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું પાછલા સત્રના રૂ. ૧,૦૦,૧૩૦ પ્રતિ દસ ગ્રામની સામે રૂ. ૧૪૨૦ના તોતિંગ કડાકા સાથે રૂ. ૯૮,૭૧૦ની સપાટીએ ખૂલ્યું હતું. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદી પાછલા સત્રના રૂ. ૧,૧૫,૮૫૦ પ્રતિ એક કિલોગ્રામની સામે રૂ. ૧૩૦૦ના જોરદાર ઘટાડા સાથે રૂ. ૧,૧૪,૫૫૦ની સપાટીએ ખૂલી હતી. સત્રના પાછલા ભાગે સોનામાં વધુ પીછેહઠ જોવા મળી હતી, જ્યારે ચાંદીએ થોડો ઘટાડો પચાવ્યો હતો પરંતુ તે પોઝિટિવ ઝોનમાં પાછી ફરવામાં નિષ્ફળ રહી હતી. સોનાના ઊંચા ભાવથી ઘરાકી રૂંધાતી હોવાથી જ્વેલર્સ પણ ઇન્વેન્ટરી વધારવાથી અળગા રહ્યા છે, જ્યારે વૈશ્વિક સ્તરે હજુ અનિશ્ચિતતા પ્રવર્તતી હોવાથી ઇન્વેસ્ટર્સ પણ આક્રમક લેવાલી ટાળી રહ્યા છે.

સત્રના પાછલા ભાગમાં મુંબઇના ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના બંધ ભાવ રૂ. ૯૮,૮૮૦ રહ્યા હતા, જે પાછલા બંધ સામે દસ ગ્રામદીઠ રૂ. ૧૬૫૩નો કડાકો દર્શાવે છે. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના બંધ ભાવ રૂ. ૯૮,૪૮૪ રહ્યા હતા, જે પાછલા બંધ સામે દસ ગ્રામદીઠ રૂ. ૧૬૪૬નો ઘટાડો દર્શાવે છે. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદીના બંધ ભાવ સહેજ ઊંચકાઇને રૂ. ૧,૧૫,૦૯૨ રહ્યા હતા, જોકે પાછલા બંધ સામે તે એક કિલોગ્રામદીઠ રૂ. ૭૫૮નો ઘટાડો દર્શાવે છે.

## એશિયન ડેવલપમેન્ટ બેંકે ભારતનો વિકાસ દર ઘટાડ્યોઃ છતાં ૨૦૨૫-૨૬માં વિકાસ દર ૬.૫ ટકા રહેવાની ધારણા

નવી દિલ્હીઃ એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી)એ ૨૦૨૫-૨૬ (નાણાકીય વર્ષ ૨૦૨૬) માટે ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૬.૭૦ ટકાથી ઘટાડીને ૬.૫૦ ટકા કર્યો છે. આ માહિતી એડીબીના ૨૩ જુલાઈના રોજ પ્રકાશિત તાજેતરના એશિયન ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટમાં આપવામાં આવી હતી.

આમ છતાં, એડીબીએ કહ્યું છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક રહેશે. યુએસ ટેરિફ અને નીતિ અનિશ્ચિતતાને કારણે નિકાસ અને રોકાણ પર અસરને કારણે આ અંદાજ ઘટાડવામાં આવ્યો છે. જોકે, એડીબી માને છે કે મજબૂત સ્થાનિક વપરાશ, સારું ચોમાસુ, સેવાની મજબૂતાઈ અને કૃષિ ક્ષેત્રો ભારતના અર્થતંત્રને વેગ આપી રહ્યા છે. આ ઉપરાંત, એડીબીએ નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે વૃદ્ધિનો અંદાજ ૬.૮ ટકાથી ઘટાડીને ૬.૭ ટકા કર્યો છે. તેમ છતાં, ભારતનું અર્થતંત્ર મજબૂત રહેવાની ધારણા છે, કારણ કે ગ્રામીણ માગમાં સુધારો અને સેવા ક્ષેત્રમાં તેજી તેને ટેકો આપી રહી છે. એડીબીએ જણાવ્યું હતું કે, ભારતની આર્થિક પ્રવૃત્તિ મજબૂત છે અને ગ્રામીણ માંગ સાથે સ્થાનિક વપરાશ ઝડપથી વધશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૬માં ભારતની અર્થવ્યવસ્થાને કૃષિ અને સેવા ક્ષેત્રો તરફથી મોટો ટેકો મળશે. આ વર્ષે ચોમાસુ ૬% સારું રહેવાની ધારણા છે, જેના કારણે પાક ઉત્પાદન ગયા વર્ષ કરતા ૪% વધુ વધી શકે છે. આનાથી ગ્રામીણ આવકમાં વધારો થશે, જેનાથી વપરાશમાં વધારો થશે.

વધુમાં, કાચા તેલના નીચા ભાવ પણ નાણાકીય વર્ષ ૨૬ અને નાણાકીય વર્ષ ૨૭માં આર્થિક પ્રવૃત્તિને ટેકો આપશે. કર રાહત અને જાહેર રોકાણમાં વધારો જેવી સરકારી નીતિઓ પણ વૃદ્ધિને વેગ આપી રહી છે. ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે વૃદ્ધિ આગાહી ૬.૭% થી ઘટાડીને ૬.૫% કરી છે. જોકે, છઇઈએ તાજેતરમાં રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૫.૫% કર્યો છે, જે ફેબ્રુઆરી ૨૦૨૫થી શરૂ થતા ૧૦૦ બેસિસ પોઈન્ટના ઘટાડાનો એક ભાગ છે.

આ સાથે, કેશ રિઝર્વ રેશિયો ૧૦૦ બેસિસ પોઈન્ટ ઘટાડીને ત્રણ ટકા કરવામાં આવ્યો, જેનાથી બેંકિંગ સિસ્ટમમાં ૨.૫ લાખ કરોડ રૂપિયા રોકડ આવી. આ પગલાં રોકાણને વેગ આપશે, ખાસ કરીને જો નીતિગત અનિશ્ચતતા ઓછી થાય. ઉપરાંત, કેન્દ્ર સરકારની નાણાકીય સ્થિતિ મજબૂત છે.

આરબીઆઇ તરફથી અણધાર્યા ડિવિડન્ડ અને કર આવકમાં વધારાને કારણે સરકાર તેની રાજકોષીય ખાધ ઘટાડીને ૪.૫ ટકા સુધી લાવવાના લક્ષ્ય પર છે. અઉઇએ જણાવ્યું હતું કે રોકાણમાં વધારાને કારણે, નાણાકીય વર્ષ ૨૦૨૭માં વિકાસ દર ૬.૭ ટકા સુધી પહોંચી શકે છે. વૈશ્વિક વેપાર તણાવ અને યુએસ ટેરિફ ભારતના નિકાસને અસર કરી શકે છે. ૨૦૨૫માં વૈશ્વિક વૃદ્ધિ દર ઘટીને ૨.૩ ટકા થવાની ધારણા છે, જે ૨૦૦૮ પછીનો સૌથી નીચો છે. વિશ્વ બેંકે પણ ભારતના નાણાકીય વર્ષ ૨૬ના વિકાસ દરનો અંદાજ ૬.૩ ટકા રાખ્યો છે, જ્યારે આઇએમએફએ તેનો અંદાજ ૬.૨ ટકા રાખ્યો છે. આમ છતાં, ભારતની સ્થિતિ મજબૂત છે. સુધારો સાધારણ છે, અને આગામી બે વર્ષ સુધી ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રહેશે, એમ નાણા મંત્રાલયે જણાવ્યું હતું. નબળી વૈશ્વિક માગ પર ભારતની નિર્ભરતા તેને ટેરિફની અસર ટાળવામાં મદદ કરી રહી છે.

## કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં ૩.૭ ટકાનો ઘટાડો, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સમાં સાત ટકા વધારો

મુંબઇઃ નાણાકીય વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં, કેન્દ્ર સરકારને ડાયરેક્ટ ટેક્સ કલેક્શન મોરચે મોટો ઝટકો લાગ્યો છે. ૧૦ જુલાઈ સુધીમાં, દેશનું નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧.૩ ટકા ઘટીને રૂ. ૫.૬૩ લાખ કરોડની આસપાસ થઈ ગયું છે. તેમાં કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં સૌથી મોટો ૩.૭ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે નોન-કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં પણ ૦.૦૪ ટકાનો નજીવો ઘટાડો થયો છે.

જોકે, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી) એકમાત્ર એવો વેરો હતો, જેમાં આ સમયગાળા દરમિયાન વધારો જોવા મળ્યો હતો. તે ૭.૪૬ ટકા વધીને રૂ. ૧૭,૮૭૪ કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૧૬,૬૩૨ કરોડ હતું.

આ સમયગાળા દરમિયાન રિફંડના આંકડામાં પણ મોટો વધારો જોવા મળ્યો છે. ૧૦ જુલાઈ સુધીમાં, કર વિભાગે લગભગ રૂ.૧.૦૨ લાખ કરોડની રિફંડ રકમ જારી કરી છે, જે ગયા વર્ષ કરતા ૩૮ ટકા વધુ છે. રિફંડ પહેલાં જોઈએ, તો કુલ કર વસૂલાત ૩.૧૭ ટકા વધીને લગભગ રૂ.૬.૬૫ લાખ કરોડ થઈ ગઈ છે.

લગભગ એક મહિના પહેલા, ૧૦ જૂન સુધીમાં, કુલ વસૂલાતમાં ૪.૮૬ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે આ આંકડો રૂ.૫.૪૫ લાખ કરોડ હતો. અગાઉ, ૧૯ જૂન સુધીમાં, ચોખ્ખી કર વસૂલાત વાર્ષિક ધોરણે ૧.૪ ટકા ઘટી હતી.

૧૦ જુલાઈ સુધીમાં, કોર્પોરેટ કર વસૂલાતમાં ૯.૪૨ ટકાનો વધારો થયો છે. જોકે, આ સમયગાળા દરમિયાન, સરકારે અત્યાર સુધીમાં કુલ રૂ.૮૯,૮૬૩ કરોડ ટેક્સ રિફંડના રૂપમાં પરત કર્યા છે, જે ગયા વર્ષ કરતા ૫૬.૮૫ ટકા વધુ છે. એટલે કે, ટેક્સ આવકમાં વધારો થયો હોવા છતાં, મોટો ભાગ રિફંડના રૂપમાં ગયો હતો.

એ જ સમયે, બિન-કોર્પોરેટ કરદાતાઓ, જેમ કે વ્યક્તિગત કરદાતાઓ, હિન્દુ અવિભાજિત પરિવારો, પેઢીઓ, વ્યક્તિઓના જૂથો, વ્યક્તિઓના સંગઠનો, સ્થાનિક સંસ્થાઓ પાસેથી ચોખ્ખી કર વસૂલાત નજીવી ઘટીને લગભગ રૂ.૩.૪૫ લાખ કરોડ થઈ હતી.

જોકે, આ શ્રેણીમાં રિફંડની રકમ ઘટીને રૂ.૧૨,૧૧૪ કરોડ થઈ હતી, જે વાર્ષિક ધોરણે લગભગ ૨૭ ટકાનો ઘટાડો દર્શાવે છે. કર નિષ્ણાતો માને છે કે કુલ ડાયરેક્ટ ટેક્સ વસૂલાતમાં ઘટાડો થવાનું એક મુખ્ય કારણ ટેક્સ રિફંડમાં વધારો છે, પરંતુ કેટલાક અન્ય કારણો પણ જવાબદાર છે.

નવા વ્યક્તિગત આવકવેરા સ્લેબ માળખાએ મોટી સંખ્યામાં કરદાતાઓને રાહત આપી છે, જેના કારણે તેમની કર જવાબદારીમાં ઘટાડો થયો છે. બીજી તરફ, કંપનીઓ દ્વારા મૂડી ખર્ચમાં વધારો થવાને કારણે, તેમના ઘસારા દાવાઓમાં વધારો થયો છે, જેના કારણે તાત્કાલિક ચૂકવવાપાત્ર કર પર અસર પડી છે.

## ચોમાસાની ઋતુ સારી નિવડતાં ખરીફ વાવેતર વિસ્તાર ૭૦૮ લાખ હેક્ટર વટાવી ગયો

નવી દિલ્હી : દેશમાં સારા ચોમાસા સક્રિય થવાની અસર ખરીફ સિઝનના પાકના વાવેતર પર જોવા મળી રહી છે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા અનુસાર, ચાલુ સિઝનમાં ખરીફ પાકનો વાવેતર વિસ્તાર આ વર્ષે અત્યાર સુધીમાં વધીને ૭૦૮.૩૧ લાખ હેક્ટર થયો છે.

ગયા વર્ષે આ જ સમયગાળામાં આ વિસ્તાર ૫૮૦.૩૮ લાખ હેક્ટર હતો. ચાલુ ખરીફ સિઝનમાં પાકની વાવણીની ગતિ ગત ખરીફ સિઝન કરતા લગભગ ચાર ટકા વધુ છે. ૧૮ જુલાઈ સુધીમાં દેશમાં આ સિઝનના લગભગ ૬૫ ટકા પાકનું વાવેતર થઈ ગયું છે. કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ખરીફ સિઝનના પાકનો કુલ વિસ્તાર ૧૦૯૬.૬૫ લાખ હેક્ટર હોવાનો અંદાજ છે. સારા ચોમાસાના કારણે, દેશના બિનસિંચિત વિસ્તારોમાં વાવણી સરળ બની છે, જે દેશની ખેતીલાયક જમીનનો લગભગ ૫૦ ટકા છે, જેના કારણે ચાલુ સિઝનમાં વાવણીનો વિસ્તાર વધ્યો છે. સત્તાવાર આંકડા દર્શાવે છે કે આ વર્ષે ૧૮ જુલાઈ સુધીમાં ડાંગરનો વાવેતર વિસ્તાર ૧૭૬.૬૮ લાખ હેક્ટર સુધી પહોંચી ગયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા ૧૨.૩૮ ટકા વધુ છે. બરછટ અનાજના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો છે.

ગયા વર્ષની સરખામણીમાં, આ વખતે ૧૩૩.૬૫ લાખ હેક્ટરમાં વાવણી થઈ છે, જે ૧૩.૫૯ ટકાનો વધારો છે. આ વખતે કુલ ૮૧.૯૮ લાખ હેક્ટર વિસ્તારમાં કઠોળનું વાવેતર થયું છે, જે ગયા વર્ષ કરતા ૨.૩ ટકા વધુ છે. જોકે, તુવેર (તુવેર)ના વાવેતરમાં ૫.૦૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. તેનાથી વિપરીત, મગના વાવેતરમાં ૧૧.૩૯ ટકા અને ચણાના વાવેતરમાં ૧૧.૩૨ ટકાનો વધારો નોંધાયો છે. મંત્રાલયના અહેવાલ મુજબ, તેલીબિયાં પાકોના કુલ વાવેતરમાં ૩.૭૧ ટકાનો ઘટાડો નોંધાયો છે.



આજથી મહાદેવના પ્રિય પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થશે. શ્રાવણ માસની શરૂઆતથી જ શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠશે. રાજકોટના પંચનાથ મહાદેવ મંદિરને શ્રાવણ માસની પૂર્વ સંધ્યાએ રોશનીથી શણગાર કરવામાં આવ્યો હતો. (તસવીરઃ પ્રવીણ સેદાણી)

# ઘેલા સોમનાથ ખાતે આચાર્ય-શિક્ષકોને જવાબદારી સોંપતો પરિપત્ર તાત્કાલિક ધોરણે રદ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના ઘેલા સોમનાથ મંદિર ખાતે શ્રાવણ માસ દરમિયાન દર્શનાર્થે આવતા મહત્ત્વપૂર્ણ મહાનુભાવોના ભોજન સંચાલન માટે જસદણના પ્રાંત અધિકારી દ્વારા શાળાના આચાર્યો અને શિક્ષકોને સોંપવામાં આવેલી ફરજના પરિપત્રથી ભારે ઉહાપોહ મચી ગયો હતો. આ મુદ્દે ચર્ચા શરૂ થતા શિક્ષણ રાજ્ય પ્રધાન પ્રફુલ પાનસેરિયાએ તાત્કાલિક ધોરણે આ પરિપત્ર રદ કરવાના આદેશ આપ્યો હતો.

આ મામલે પોતાનો પ્રતિભાવ આપતા શિક્ષણ રાજ્ય પ્રધાને જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના ભવિષ્યનું ઘડતર કરતા શિક્ષકોને શિક્ષણકાર્ય ઉપરાંત લોકમેળામાં મહાનુભાવોના ભોજન સંચાલનની જવાબદારી સોંપવી બિલકુલ અયોગ્ય છે. વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે પરિપત્ર કરીને આવી કોઈપણ જવાબદારીઓ શિક્ષકોને સોંપવી એ ઉચિત નથી.

તેમણે ઉમેર્યું હતું કે, ભારત સરકાર અથવા ગુજરાત સરકાર દ્વારા ઉચ્ચ કક્ષાએથી નિર્ધારિત કરાયેલી ચૂંટણી જેવી મહત્ત્વપૂર્ણ ફરજ સિવાયની કોઇપણ અન્ય જવાબદારી રાજ્યના શિક્ષકોને ભવિષ્યમાં સોંપવામાં ન આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નિર્ણય લેવામાં આવશે. વિદ્યાર્થીઓના ભણતર પર અસર ન થાય તે માટે ભવિષ્યમાં શિક્ષકોને અન્ય કોઇપણ જવાબદારી સોંપવા પૂર્વે ગાંધીનગર શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સાથે સંકલન કરવાનું રહેશે.

આ ઘટના સંદર્ભે શિક્ષણ રાજ્ય પ્રધાને શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર સાથે ટેલિફોનીક વાતચીત કરીને જરૂરી કાર્યવાહી કરવા તેમ જ તાત્કાલિક ધોરણે આ પરિપત્ર રદ કરાવવા સૂચના આપી હતી. સાથે જ તેમણે, ભવિષ્યમાં શિક્ષકોને અન્ય જવાબદારી સોંપતા આવા કોઈ આડેધડ પરિપત્રો ન થાય તે અંગે અગ્ર સચિવનું ધ્યાન દોર્યું હતું.

# હરિયાણાના પૂર્વ ધારાસભ્યની હત્યા કેસનો આરોપી દેવભૂમિ દ્વારકામાંથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામ ખંભાળિયાઃ હરિયાણાના પૂર્વ ધારાસભ્ય અને ભારતીય રાષ્ટ્રીય લોકદળના પ્રદેશ પ્રમુખ નેફસિંહ રાઠીની હત્યાના કેસમાં નાસતા-ફરતા આરોપી જાહીર અબ્બાસ રફુદ્દીન અબ્દુલ કાદિર કાલિયાને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા એસઓજી અને હરિયાણા એસટીએફના સંયુક્ત ઓપરેશનમાં આ ધરપકડ કરવામાં આવી હતી.

દેવભૂમિ દ્વારકા એસઓજી દ્વારા ગંભીર ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને શોધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન એસઓજીના એએસઆઈ રાજેન્દ્રસિંહ જાડેજા અને હેડ કોન્સ્ટેબલ કિશોરસિંહ જાડેજાને બાતમી મળી હતી કે, હરિયાણાના મહેન્દ્રગઢ જિલ્લાના નાગલ ચૌધરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં છેલ્લા ચાર મહિનાથી ફરાર આરોપી જાહીર અબ્બાસ જામ ખંભાળિયામાં આવેલો છે.

આરોપી જાહીર અબ્બાસ પર આઈપીસી કલમ ૪૧૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી અને પાસપોર્ટ એક્ટ ૧૨(૧) હેઠળ ગુનો નોંધાયેલો છે. આ ગુનાની તપાસ હરિયાણા એસટીએફ દ્વારા કરવામાં આવી રહી હતી. માહિતી મળતા જ હરિયાણા એસટીએફની ટીમ દેવભૂમિ દ્વારકા પહોંચી હતી અને સ્થાનિક પોલીસ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી જાહીર અબ્બાસને ઝડપી પાડ્યો હતો.

પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે, ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ હરિયાણાના પૂર્વ ધારાસભ્ય નેફસિંહ રાઠીની કોન્ટ્રાક્ટ કિલિંગ દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ કેસની તપાસ સીબીઆઈ અને હરિયાણા એસટીએફ કરી રહી છે. તપાસમાં સામે આવ્યું કે, આ હત્યા યુકે-સ્થિત ઓર્ગેનાઇઝ્ડ કોન્ટ્રાક્ટ કિલિંગ ગેંગના મુખ્ય સૂત્રધાર કપિલ સાંગવાને તેની ગેંગના શૂટરો અતુલ રાજેશકુમાર સાંગવાન અને નકુલ સાંગવાન મારફતે કરાવી હતી. આ શૂટરોએ હત્યા કરતા પહેલા ગુજરાત અને મહારાષ્ટ્રના અલગ-અલગ પાસપોર્ટ એજન્ટો મારફતે બનાવટી દસ્તાવેજોના આધારે યશ સોલંકી અને દીપક સોલંકી નામનો નકલી પાસપોર્ટ મેળવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી જાહીર અબ્બાસ અગાઉ પણ દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામ કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં પાસપોર્ટ એજન્ટ તરીકે ગુનો નોંધાયેલો હતો અને તે બાબતે તેની ધરપકડ પણ કરવામાં આવી હતી. આ ધરપકડથી હરિયાણાના પૂર્વ ધારાસભ્યની હત્યા કેસમાં મહત્ત્વપૂર્ણ કડી મળી છે અને આગળની તપાસ ચાલી રહી છે. ■

# કચ્છમાં રખડતા ઢોરનો આતંક યથાવત્ઃ અંજારમાં આખલાએ વૃદ્ધનો ભોગ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરી વિસ્તારોમાં રખડતાં ઢોર અને તેનાથી થતાં માનવમૃત્યુ અને માલ-મિલકતને થતી નુકસાની માટે ગુજરાતની વડી અદાલતે રાજ્ય સરકારને અનેક વખત ફટકાર લગાવી હોવા છતાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ રખડતાં ઢોરની સમસ્યાને કાબૂમાં લાવવામાં સદંતર નિષ્ફળ રહી છે તેના પુરાવા સમાન વધુ એક ઘટના કચ્છના અંજારમાં બની હતી.

મળતી વિગતો અનુસાર લોકોની અવરજવરથી સતત ધમધમતા અંજારના જેસલ-તોરલ ચોકમાં આખલાની ઝપટે ચઢેલા ૭૭ વર્ષીય વૃદ્ધ નાનજીભાઈ દેવજીભાઇ દાવડાનું ગંભીર ઇજાઓને પગલે મોત નીપજતાં અરેરાટી સાથે તંત્ર સામે રોષની લાગણી ફેલાઈ હતી.

આ ઘટના અંગે અંજાર પોલીસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગત સાંજના અરસામાં પગપાળા દેવદર્શને જઈ રહેલા નાનજીભાઈ દાવડાને રખડતાં ધોરે અડફેટમાં લેતાં તેઓને ગંભીર ઇજાઓ થઇ હતી. તેમને તાત્કાલિક અંજારની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં, પરંતુ ટૂંકી સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ થયું હતું. હાલ અંજાર પોલીસે આકસ્મિક મૃત્યુ અંગેની ફરિયાદ નોંધી છે.

તે ઉપરાંત ભચાઉ તાલુકાના વોંધ નજીક મોટરસાઇકલ સ્લીપ થતાં સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં તપસ્વી દિનેશ પરમાર નામના ૩૩ વર્ષીય યુવકનું ગંભીર ઈજાઓના પગલે મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતની મળતી વિગતો અનુસાર ભચાઉ તરફથી મૃતક યુવક મોટરસાઇકલ પર આવી રહ્યો હતો ત્યારે રામદેવપીર નજીક તેની આંખમાં કોઈ જંતુ ચાલ્યું જતાં મોટરસાઇકલ ઉપર કાબૂ ગુમાવી દીધો હતો અને રેલિંગ સાથે જોશભેર ટકરાઈ જતાં તેને ગંભીર ઈજાઓ પહોંચતાં ઘટનાસ્થળે જ તેનું મૃત્યુ થયું હતું. ■

# ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે કચ્છમાં ₹ ૩૯૧ કરોડના ડ્રગ્સનો નાશ, અનેક વિકાસ કાર્યોનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતના ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી તા.૨૪/૦૭/૨૦૨૫ ગુરુવારના રોજ એક દિવસના સરહદી કચ્છ જિલ્લાના પ્રવાસે આવી પહોંચ્યા હતાં. હર્ષ સંઘવીએ સવારે ૯.૩૦ કલાકે ગાંધીધામના શિણાયના પોલીસ હેડ ક્વાટર્સ ખાતે વિવિધ ઉદ્ઘાટન અને ખાતમૂહુર્ત કાર્યક્રમમાં અને લોક દરબારમાં ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત નવનિર્મિત બાલાસર પોલીસ સ્ટેશન, ગૌશાળા અને નવનિર્મિત લાયબ્રેરી, મરીન એસ. પી. ઓફિસ અને ક્વાર્ટર ગાર્ડ બિલ્ડિંગ, ધોરડો તથા હાજીપીર પોલીસ સ્ટેશન અને મુન્દ્રા ખાતે નવનિર્મિત પોલીસ આવાસોનું ઉદ્ઘાટન કર્યું હતું.

ત્યારબાદ બપોરના ૧૩.૪૫ કલાકે ભચાઉના લાકડિયા ખાતેની સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં રાજ્ય કક્ષાની ઉચ્ચ સ્તરીય ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટી અને ત્રણેય પોલીસ જિલ્લાની સ્થાનિક ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટી દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી ૨૮ જેટલા એનડીપીએસ એક્ટના કેસમાં જપ્ત કરવામાં આવેલા ૩૯૧.૬૨૫ કિલો ડ્રગ્સ અને ૮૯૮૬ લિટર શરાબના જથ્થાના નાશ કરવાના ખાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ■



રાજકોટમાં વરસાદ બાદ બિસ્માર રસ્તાઓની સ્મસ્યાથી લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે. ત્યારે ભાવનગર રોડ પર આવેલા મહિકા ગામમાં બિસ્માર રસ્તાને લઈને સ્થાનિક મહિલાઓ અને લોકોએ ઢોલ વગાડી રાજકોટ ભાવનગર હાઈવે પર ચક્કાજામ કર્યો હતો. ગામ લોકોએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ૧૦ વર્ષથી ગામમાં ખરાબ રસ્તાઓની સમસ્યા છે. ચક્કાજામને પગલે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાય ગયો હતો અને પોલીસે લોકોને રસ્તા પરથી હટાવીને ટ્રાફિક હળવો કર્યો હતો. (તસવીરઃ પ્રવીણ સેદાણી)

# જૂનાગઢના ઝાંઝરડામાં ટીપી સ્કીમ ૭નો ખેડૂતોએ વિરોધ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના ઝાંઝરડા ગામમાં ટીપી સ્કીમ નંબર ૭ ને લઈને ફરી એકવાર ખેડૂતોએ વિરોધ કર્યો હતો. ગત સપ્તાહે ટીંબાવાડી ખાતે યોજાયેલી ઓનર્સ મીટીંગમાં સાઉન્ડ સિસ્ટમના ઘોંઘાટને કારણે ખેડૂતો રોષે ભરાયા હતા. ગુરુવારે ઝાંઝરડા રોડ ખાતે આવેલા પટેલ સમાજમાં ફરીથી ઓનર્સ મીટીંગ યોજાઈ હતી. જેમાં ખેડૂતોએ જમીન કપાત, બેટલમેન્ટ ચાર્જ અને માપણી ન થયાની સમસ્યાઓ અંગે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

ભારતીય કિસાન સંઘના સંયોજક મનસુખ પટોડીયાએ જણાવ્યું કે, જમીન કપાત ૪૦ ટકા સુધી થાય છે અને બેટલમેન્ટ ચાર્જની ચૂકવણી પણ ખેડૂતોને કરવી પડે છે, ત્યારે નાના ખેડૂતો માટે આ સ્કીમ દૂષિત છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે, ખેડૂતો પોતાના પરિવારનું ગુજરાન ખેતીથી કરે છે, આવા કાયદા લાવીને તેમને પાયમાલ કરવાની તૈયારી છે. અમારો વિરોધ ચાલુ રહેશે. ■

# કચ્છના લુણા ટાપુ પરથી ૧ કિલો અફઘાની ચરસ મળી આવતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ 'નો ડ્રગ્સ ઈન કચ્છ' ચળવળમાં ભાગ લેવા માટે ગુજરાતના ગૃહ રાજ્ય પ્રધાન એક દિવસના કચ્છ પ્રવાસે આવ્યા હોય તેવામાં પાકિસ્તાન સરહદને અડીને આવેલા સમુદ્રી વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમ્યાન અબડાસાના નિર્જન લુણા ટાપુ પરથી અફઘાની ચરસનું એક બિનવારસું પડીકું મળી આવતાં સુરક્ષા તંત્ર સાબદું બન્યું હતું.

આ અંગે સરહદી સલામતી દળના જી- બ્રાન્ચના કોચ કમાન્ડર બલજિતસિંહે માહિતી આપતાં જણાવ્યું હતું કે ૧૨ જેટલા જવાનોની યુનિટ હાઈસ્પીડ વોટર બોટ મારફત લુણા બેટ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી એ દરમ્યાન લુણા બેટ પરથી અફઘાની ચરસનું એક કિલોગ્રામ વજન ધરાવતું પેકેટ બિનવારસુ હાલતમાં મળી આવ્યું હતું.

હાલમાં આ પેકેટ જખૌ મરીન પોલીસને સોંપવામાં આવ્યું હોવાનું જી-બ્રાન્ચના કોચ કમાન્ડર બલજિતસિંહે જણાવ્યું હતું. અબડાસાના સમુદ્ર પાસેના તમામ ટાપુઓ પર સઘન સર્ચ ઓપરેશનને વેગવંતુ બનાવાયું છે અને હજુ પણ આ પ્રકારના સેંકડો માદક પદાર્થના પેકેટ મળવાની સંભાવનાઓ નકારી શકાતી નથી. ■

# કચ્છમાં બ્લેકમેઈલિંગથી ₹૩૨ લાખની ચોરી કરાવી હોવાના ફિલ્મી કહાણી સમા કેસમાં બે આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ માતા-પિતાની ગેરહાજરીનો લાભ લઈને ઘરમાં શરાબ અને સિગારેટનું સેવન કરી રહેલા યુવાનનો છુપાઈને વીડિયો ઉતારી લીધા બાદ યુવાનને બ્લેકમેઈલ કરીને તેના ઘરમાંથી રૂ.૩૨.૩૦ લાખની મત્તાની ચોરી કરાવી હોવાના ફિલ્મી ડ્રામા જેવા ચકચારી કેસમાં વિડીયો ઉતારનારા બંને આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી.

પોલીસે બન્ને આરોપીઓ પાસેથી મુદ્દામાલ જપ્ત કરી બન્નેના રિમાન્ડની માગ સાથે નામદાર અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં, જેમાં તેઓના એક દિવસના રિમાન્ડ મંજૂર થયા હતાં.

આ ચોંકાવનારી ઘટના અંગે ડી.વાય. એસ.પી. ક્રિશ્ચિયને માહિતી આપતાં જણાવ્યું હતું કે, બંને આરોપી રાહુલ ભગવાનજી સોલંકી (રહે. ભુજ) અને રાહુલ ઉર્ફે રવિ મોહનભાઇ મહેશ્વરી (રહે. માનકૂવા)ની ધરપકડ કરીને એ-ડિવિઝન પોલીસે રિમાન્ડની માગ સાથે કોર્ટમાં રજૂ કર્યા હતાં, જ્યાં કોર્ટે તેમના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં.

આરોપી રાહુલે આ બનાવમાં ચોરાઉ મુદ્દામાલ તથા મોબાઇલ સહ આરોપી રાહુલ ઉર્ફે રવિને આપ્યા હતા. રાહુલ ઉર્ફે રવિના કબજામાંથી રોકડા રૂ. ૧,૭૫,૬૦૦ તથા ઘરેણા અને બે સ્માર્ટફોન સહિતનો મુદ્દામાલ કબજે કરી લેવામાં આવ્યો છે. ઇશાન સિંઘનો શરાબ અને સિગારેટ પિતા વીડિયોની પુષ્ટિ મળશે તો ઇશાન સિંઘ ઉપર પ્રોહિબિશન એક્ટ તળે ગુનો દાખલ કરાશે તેમ ક્રિશ્ચિયને ઉમેર્યું હતું. ■

# ધરતી આબા જન ભાગીદારી અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લાના ૧૧૯૪ સીદી સમુદાયના લોકોને લાભ મળ્યો

અમદાવાદઃ ધરતી આબા જન ભાગીદારી અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં સાસણ, શીરવાણ, મેંદરડા, ગડુ, અમરાપુર તેમજ કેશોદ, માંગરોળ અને જૂનાગઢ શહેરમાં વસતાં સીદી સમુદાયના લોકોને સેવાકીય લાભો પહોંચાડવા માટે અલગ-અલગ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૧૯૪ નાગરિકોએ સરકારની વિવિધ જનકલ્યાણલક્ષી યોજનાઓ તથા સેવાઓના લાભ પ્રાપ્ત થયો હતો.

જૂનાગઢ જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન અને નિર્દેશ મુજબ વહીવટીતંત્ર દ્વારા ધરતી આબા જન ભાગીદારી અભિયાન અંતર્ગત તા. ૩૦ જૂનથી ૧૫ જુલાઈ સુધી જૂનાગઢ જિલ્લામાં સાસણ, શીરવાણ, મેંદરડા, ગડુ, અમરાપુર, કેશોદ, માંગરોળ અને જૂનાગઢ શહેરમાં વસતાં સીદી સમુદાયના લોકોને સેવાકીય લાભો પહોચાડવા માટે અલગ-અલગ કેમ્પોનું આયોજન કરાયુ હતુ. ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા ૩૦ જૂનથી ૧૫ જુલાઇ ૨૦૨૫ સુધી આ અભિયાન અંગેની લોકોમાં જાગૃતિ અને જાણકારી ઉભી થાય તેમ જ નિયત કરેલ સેવાઓ લોકો સુધી પહોંચાડવા કેમ્પ અને બેનીફીટ સેચ્યુરેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ અભિયાન અન્વયે આધાર કાર્ડ, રાશન કાર્ડ, જાતિપ્રમાણપત્ર,હેલ્થ ચેકઅપ કેમ્પ, આયુષ્યમાન કાર્ડ, કિસાન સન્માન નીધિ સહિતની યોજનાઓનો લાભ નાગરિકોએ લીધો હતો. ■

# અમરેલીમાં શ્રાવણ માસમાં માંસ વેચાણ પર પ્રતિબંધની માંગને લઈ આવેદનપત્ર આપવામાં આવ્યું

અમદાવાદઃ અમરેલી શહેરમાં હિન્દુ સેના ગુજરાત રાજ્યની શાખા દ્વારા શ્રાવણ માસ દરમિયાન માંસના ખુલ્લા વેચાણ અને વહન પર પ્રતિબંધ મૂકવાની માગ કરવામાં આવી હતી. હિન્દુ સેનાએ જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્ર હિન્દુ સેના ગુજરાત રાજ્યના ઉપાધ્યક્ષ વિનયકુમાર શર્માના માર્ગદર્શન હેઠળ અને શહેર પ્રમુખ રવિરાજ શેખવાની આગેવાનીમાં રજૂ કરવામાં આવ્યું હતું. હિન્દુ સેનાના અનેક કાર્યકરો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું કે હિન્દુ ધર્મના પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવની આરાધના અને ઉપવાસ-ભક્તિ માટે સમગ્ર રાજ્યમાં વિશેષ ભાવના સાથે ઉજવણી થાય છે. ■

# પવિત્ર શ્રાવણ માસની શરૂઆત સાથે સૌરાષ્ટ્રના શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠશે

અમદાવાદઃ આજથી હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ રહી છે. ત્યારે સૌરાષ્ટ્રમાં આવેલા પવિત્ર બે જ્યોતિર્લિંગ સહીત અનેક શિવ મંદિરો હર હર મહાદેવના નાદથી ગૂંજી ઊઠશે. સોમનાથ, નાગેશ્વર, ઘેલા સોમનાથ, ભવનાથ, રામનાથ સહિત અનેક શિવાલયોમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઊમટી પડશે.

પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ રહી હોય આથી શ્રદ્ધાળુઓને અગવડતા ન સર્જાય તેમજ ભક્તો શાંતિપૂર્વક દર્શનનો લાભ લઇ શકે તે માટે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર અને વહીવટી તંત્ર દ્વારા વિવિધ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. મંદિર અને તેના આસપાસના પરિસર ખાતે સુરક્ષા અને સલામતી જળવાઈ તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગુરુવારે સ્થળ મુલાકાત કરીને સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. તે ઉપરાંત શ્રાવણ માસમાં જ્યોતિર્લિંગો તેમજ શિવ મંદિરો તરફ પ્રવાસીઓનો વધુ ધસારો હોય, જેને ધ્યાને રાખીને રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા ૫૦ એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટથી ઘેલા સોમનાથ, સોમનાથ, દ્વારકા, અંબાજી સહિતનાં સ્થળોએ વધારાની બસો દોડાવવામાં આવશે તેમ રાજકોટના એસ.ટી.ના વિભાગીય નિયામક જે.બી. કળોતરાએ જણાવ્યું હતું. તે ઉપરાંત લોકોની આસ્થાને ધ્યાને લઈને વન વિભાગે ગીરમાં આવેલા પ્રાચીન પાતાળેશ્વર મંદિરે શ્રાવણ માસમાં દર્શન માટે વિનામૂલ્યે પરમીટ આપવાનો નિર્ણય કર્યો હતો. પવિત્ર શ્રાવણ માસનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને શહેરના અનેક શિવાલયોમાં રૂદ્રી, મહાઆરતી, દીપમાળા સહિતના આયોજનો કરવામાં આવ્યા છે. શ્રાવણ માસને ધ્યાને લઈને શિવ મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા છે, ધજાપતાકા સાથે સુશોભન કરવામાં આવ્યું છે. ■

# ગીર સોમનાથના ૫ નિર્જન ટાપુઓ પર આગામી બે મહિના સુધી પ્રવેશ પ્રતિબંધ

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાનો સમુદ્ર કિનારો રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને તેમ જ આતંકવાદી અને દેશવિરોધી પ્રવૃત્તિઓ સંદર્ભે અતિ સંવેદનશીલ હોય માટે આવી પ્રવૃતિઓને રોકવા માટે ગીર સોમનાથ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મહત્ત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. ગીર સોમનાથ જિલ્લાના માનવ વસાહત રહિત કુલ-૫ નિર્જન ટાપુઓ પર પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.મળતી વિગતો અનુસાર ગીર સોમનાથ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.જી.આલ દ્વારા જાહેરનામું બહાર પાડીને નવાબંદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પાંચ ટાપુઓ-રોક(ખડક) ઉપર સહેલાણીઓ કે સ્થાનિક લોકોમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ■